# કુમાર



સંસ્થાપક
રવિશંકર રાવળ

તંત્રી
બ. રાવત


વર્ષ પિસ્તાળીસમું • અંક બારમો
ડિસેમ્બર • ઓગણીસસો અડસઠ

સળંગ અંક
૫૪૦




એવું મનાય છે કે જિરાફ કશો અવાજ કાઢી શકતું નથી, પણ હકીકતે એના ગળામાં પણ સ્વરતંતુઓ છે અને એના વડે એ ત્રણ પ્રકારના વિવિધ અવાજ કાઢી શકે છે.




ઑસ્ટ્રેલિયાની જીવસૃષ્ટિ અન્ય ખંડોની સરખામણીમાં અજબ છે. ત્યાં થતાં આ અળશિયાં દોઢ રતલ વજનનાં અને અગિયાર ફૂટ સુધી લાંબાં હોય છે.



મૅગેલન સામુદ્રધુનીના પ્રદેશનાં આ ઘેટાંની ઊન એટલી ગીચ ઊગે છે કે જો એમાં વરસાદનું પાણી ભરાઈ જાય ને ઘેટું આડું પડી જાય તો પછી એ આપમેળે ઊભું જ ન થઈ શકે.




પક્ષી-નિષ્ણાતોનું કહેવું છે કે આ પીળા કૅનેરીને જો 'પેપ્રિકા'નો જ ખોરાક આપવામાં આવે તો એનો વર્ણ લાલ બની જાય છે.



આ 'હવૅસ્ટર' કીડી પોતાના કરતાં બાવન ગણું વજન ઊંચકી શકે છે. આ જ પ્રમાણમાં ઊંચકે તો માણસ ચાર ટન વજન ઉઠાવી શકે.



હૉર્સ-શૂ-ક્રૅબ પ્રાચીનતમ પ્રાણી છે. એ કહેવાય છે કરચલો, પણ એ કરોળિયા ને વીંછીનો પિતરાઈ છે. પોતાના પગથી એ ખોરાક ચાવે છે.



કેટલાંક પતંગિયાં ૩,૦૦,૦૦૦ ભાગમાં એક ભાગ ગળપણ પણ પકડી પાડે છે. માણસ વધુમાં વધુ માત્ર ૨૦૦મો ભાગ પારખી શકે છે.





આપણે સામાન્યતઃ માનીએ છીએ તેમ મધમાખી પ્રથમ ગંધ પરથી નહિ, પરંતુ રંગ પરથી ફૂલ પ્રત્યે આકર્ષાય છે.





જાવામાં થતા આ વનફૂલનું નામ છે 'ઉષ્ણપ્રદેશનું લિલી'. કદમાં એ ક્યારેક આઠઆઠ ફૂટ જેટલું વિશાળ ઊગી નીકળે છે.

## ફોટોહરીફાઈ









બહુ ઓછી સંખ્યામાં એકઠાં થએલાં ચિત્રોમાંથી ઈનામને પાત્ર તો કોઈ ચિત્ર નીકળતું નથી, પણ એમાં એક મુદ્દો ધ્યાન ખેંચે છે કે કેટલાંક ચિત્રોને જો આજુબાજુથી થોડાં કાપી નાખ્યાં હોય (ટ્રિમિંગ કર્યું હોય) તો જે છે એ કરતાં કંઈક સારાં સંયોજનો બને ખરાં. અહીં એવાં ચાર ચિત્રો આપ્યાં છે. એમાં ઊંટના (સૂરસિંહ ચાડ – મુંબાઇ) ચિત્રમાં નવા દૃષ્ટિકોણથી કંઈક ઠીક સંયોજન બન્યું છે પણ ચિત્ર થોડું વધુ દૂરથી લીધું હોત તો કદાચ વધુ સારું પરિણામ આવત. સિતાર કે તંબૂર બનાવતા કારીગરના ચિત્ર (એસ. સુરેન્દ્ર – મુંબાઇ) ઉપર નીચેથી કાપવા જેવું છે. કારીગરનું માથું કૅમેરાની વધુ નજીક હોઈ મોટું જણાતાં પ્રમાણભાર સચવાતો નથી. છાંયે-ખૂણે આરામ લેતા સાધુના ચિત્રમાં (જિતુ વડોદરિયા – સાંટાક્રુઝ) અને તેની નીચેના છાયાચિત્રમાં (સૂરસિંહ ચાડ – મુંબાઇ) પણ દર્શાવેલું ટ્રિમિંગ સંયોજન સુધારતું જણાશે. આ બંને ચિત્રમાં છાયાના ભાગમાં થોડી વધુ વિગતો સ્પષ્ટ થવી જરૂરી હતી.

# સાંકળિયું


ડિસેમ્બર ૧૯૫૮ • અંક ૫૪૦


તંત્રી : બચુભાઈ રાવત • ઉપતંત્રી : બિહારીલાલ ટાંક




કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦.

# જીભ (કાયાની કરામત-૧૭)





જીભ માંસપેશીઓના સમૂહની બનેલી છે. એમાં, ગળાથી શરૂ થઇને હોઠની દિશામાં થોડી માંસપેશીઓ ઊભી તેમજ થોડી આડી ગોઠવાએલી છે. આખા શરીરમાં માત્ર જીભની જ માંસપેશીઓ એવી છે કે જે એક જ છેડે બંધાએલી અને બીજા છેડે છૂટી છે. આથી જીભ મન ફાવે તેમ વાળી શકાય છે કે લાંબી-ટૂંકી કરી શકાય છે. બોલવામાં જીભને કારણે જ ઉચ્ચારણ સ્પષ્ટ થાય છે. મનના વિચાર અને હૃદયની લાગણી જીભ દ્વારા જ વ્યક્ત થાય છે. અને જીભ વડે વિવિધ રોગની ખબર પણ થઈ શકે છે.



માંસાંકુર




મોટો દર્શાવેલો માંસાકુરનો ભાગ



માંસાંકુરમાં આવેલી સ્વાદકલિકા

જીભ એ એક જ અંગ છે જે બે કાર્ય કરે છે – બોલવાનું અને સ્વાદ પારખવાનું. એના વડે સ્વાદની પરખ થાય છે માટે એ જ્ઞાનેન્દ્રિય છે; તેના વડે બોલી શકાય છે માટે એ કર્મેન્દ્રિય છે. જીભમાં મોટી સંખ્યામાં શ્લેષ્મ ગ્રંથિઓ અને **માંસાંકુરો** (papillae) આવેલાં છે. એની અંદર આપણને સ્વાદનું ભાન કરાવનારી **સ્વાદ-કલિકાઓ** (taste-bud) હોય છે. (જુઓ ઉપરની આકૃતિઓ.) સ્વાદકલિકામાં લોહીની ઝીણી શિરાઓ સાથોસાથ જ્ઞાનતંતુઓ જોડાએલા છે જે વસ્તુના સ્વાદનો સંદેશો મગજના સ્વાદ કેન્દ્રમાં પહોંચાડે છે. જીભના વિવિધ વિસ્તારમાં વિવિધ સ્વાદ જણાય છે. જીભને ટેરવે ગળપણની, વચ્ચે બંને પડખે ખાટા-ખારાની અને છેક પાછલા ભાગમાં કડવાશની ખબર પડે છે. જીભના ટેરવા વડે સ્પર્શનું પણ નાજુક પરંતુ ચોક્કસ જ્ઞાન થાય છે. જીભ ઉપરાંત, પોચું તાળવું, પડજીભ, ટૉન્સિલ ને ગળાનો ઉપલો ભાગ પણ થોડો સ્વાદ પારખી શકે છે. સ્વાદકલિકાઓ મુખ્ય ચાર – ખારો, ખાટો, ગળ્યો ને કડવો સ્વાદ પારખે છે. આ મુખ્ય સ્વાદોના મિશ્રણમાંથી અને ગંધ દ્વારા બીજા સ્વાદોનું જ્ઞાન થાય છે. પણ સ્વાદની પરખમાં મોંમાં મૂકેલા પદાર્થ સાથે થૂંક પણ ભળવું જ જોઈએ. ફૂલ ગુલાબી જીભ તંદુરસ્તીની દ્યોતક છે. હોજરી બગડે ત્યારે જીભના વચલા ભાગમાં અને કબજિયાત, તાવ, હોજરીનો સોજો ને માનસિક વ્યાધિમાં આખી જીભ પર છારી બાઝે છે. વિટામિન બીની ખામીમાં જીભ લાલચોળ દેખાય છે ને તેમાં ચીરા પડે છે. હૃદયવ્યાધિમાં જીભ ભૂરી, કમળામાં પીળી અને જીર્ણ મૅલેરિયામાં કાળા ડાઘાવાળી દેખાય છે.



**વડલા નીચે** [ફોટો • શ્રીદામ ભટ્ટ]

આ માસમાં યોજાએલા નવમા ગુજરાત રાજ્ય કલા પ્રદર્શનમાં ફોટોગ્રાફીના વિભાગમાં પ્રથમ ઈનામને પાત્ર ઠરેલું આ ચિત્ર સામા-પ્રકાશમાં લેવાયું હોવાથી ચિત્રવિષયને સારો ઉઠાવ તો આપે જ છે પણ એનો પ્રિન્ટ તૈયાર કરવામાં ફોટોગ્રાફરે વાપરેલી 'બા-રીલિફ'ની ટેકનિકથી ચિત્રમાં વધુ ઊંડાણ ઉમેરાયું છે. ચિત્રવિષયની નેગેટિવ અને તેના પરથી તૈયાર કરેલી એ જ માપની પારદર્શક પૉઝિટિવ, બંનેને એકબીજી સાથે સહેજ જ ખસતી રાખી તેના પરથી તૈયાર કરેલો પ્રિન્ટ તે 'બા-રીલિફ'. તેમાં જે છાપ આવે છે તે ત્રિપરિમાણનો ભ્રમ ઉપજાવે છે. ખાસ કરીને શિલ્પ-સ્થાપત્યનાં ચિત્રોમાં એની અસર ઘણી સચોટ ભાસે છે, પરંતુ માનવપાત્રવાળા ચિત્રમાં બે છાપ એકઠી થવાને કારણે ચહેરા વગેરેની સ્પષ્ટતા બરાબર જળવાતી નથી. પણ અહીં વડલા તળે કૂંળા તડકાની હૂંફમાં ઊભેલાં બાળકોને તદ્દન સ્પષ્ટ બતાવી ફોટોકલાકારે કસબની સિદ્ધિ દાખવી છે.



पश्यावरोधैः शतशो मदीयैर्विगाह्यमानो गलिताङ्गरागैः ।
संध्योदयः साभ्र इवैष वर्णं पुष्यत्यनेकं सरयूप्रवाहः ॥ રઘુવંશ • સર્ગ ૧૬ • શ્લોક ૫૮

**જલક્રીડા**
ચિત્રકાર • વાસુદેવ સ્માર્ત

સરયૂના જળમાં ક્રીડા કરતી રાણીઓને જોઈ નાવમાં બેઠેલા રામપુત્ર કુશ પાસે ઊભેલી ચામરધારિણી કિરાતીનને કહે છે: 'જેમનાં શરીર પરનો કુમકુમ-ચંદનનો અંગરાગ પાણી પર પસરવાથી સરયૂનાં જળ અભ્રાચ્છાદિત રંગભરી સંધ્યા સમાં લાગે છે; નૌચલનથી ઊડતી જલ લહેરો વડે અંજન ધોવાઈ જઈને જેમની આંખોમાં મદ્યપાન સમયની લાલિમા આવી ગઈ છે; પુષ્ટ સ્તન-નિતંબના ભારથી જે તરી શકતી નથી છતાં જલ-ક્રીડામાં સંમિલિત હોઈ ભારે બાજુબંધવાળા હાથે સપ્રયાસ પાણી પર ટકી રહી છે; કાનમાં ભરવેલાં પુષ્પો પાણીમાં પડી જતાં જેને માછલીઓ શેવાળ સમજી તેના પર તરાપ મારી રહી છે; જેમના હાથની પાણી પર પડતી થપાટ મૃદંગવાદન કરતી લાગે છે; જેમણે અંગ પર શ્વેત વસ્ત્ર પહેર્યું છે ને જેમના સુદીર્ઘ કેશ પાણી પર લહેરાઈ રહ્યા છે એવી કર્ણફૂલ ને અંગરાગ વિહીન છતાં સુંદર લાગતી મારી રાણીઓને જો.'

કાલિદાસ સમારોહ નિમિત્તે 'રઘુવંશ'ના સોળમા સર્ગના ૫૮ થી ૬૭મા શ્લોકો પર આધારિત આ સુંદર ચિત્રનું ઉપર આપેલું વર્ણન અલબત્ત શબ્દશઃ ભાષાંતરિત નથી પણ ચિત્રવસ્તુ સ્પષ્ટ કરવા માટે પૂરતું થઈ પડશે.

## દાદાજી કહેતા એ વાત/રમેશ પારેખ

દાદાજી કહેતા એ વાત મારી સાંજના
દીવે અજવાસની વેળા.

મિંચાતીઆંખ મારી સાત સાત દરિયાના
ઘૂઘવાટો પાર જઈ ખૂલે,
પરીઓનો દેશ મારાં ચરણોની આસપાસ
હરિયાળા ઘાસમાં ઝૂલે,
મૂઠી ખોલું ને મારા હળવા-ફૂલ હાથમાં
પહાડો ને ખીણ ઊગે ભેળાં...
દાદાજી કહેતા એ વાત૦

ખૂલતે દરવાજે કંઈ કિરણોના મહેલની
કુંવરીનું વહાલ હળે એવું,
છલકીને વહી જાતાં હું ને મન બેઉ
જેવું વરસાદે વહી જાતું નેવું;
આવે નહીં યાદ પછી પાદરની આમલી
કે ચગડોળે ઘૂમતા મેળા...
દાદાજી કહેતા એ વાત૦

## વિદાય/જશવંત લ. દેસાઈ

લઉં બ્રાહ્મવેળ
માડી તણી આંસુભીની વિદાય.

ને દૂરથી નીરખું હું મુજ ગેહમેડીએ
ઝાંખો દીવો, ખબર છે મુજને: કદાપિ
લેટી જશે ન જનની (ઊંઘ તો હરામ)
ઓળંગી જાય ગરનાળું ન ગામ કેરું
ગાડી અને પછી ય ગાડીની સંગસંગ
એનું હિયું વધતું થંભતું થાક બોજ
કૈં કેટલા પ્રહરનો સહશે અવાક!

ગાડીની બારી-બ્હાર
હું જોઉં શીઘ્ર સરતું મુજ ગેહ, ગામ;
છે અંધકાર હજી, ઓળખ ના લગાર
એવી હવે સરત સીમ, નવાં જ ગામ,
આછો પ્રકાશ કહીં દૂર સુદૂર, ક્યાંક
કો મેડીએ નીરખું એકલ દીપતેજ,
જોઈ રહું નયન બે છલકંત હેજ!

## માળો બાંધીને—/હરિકૃષ્ણ પાઠક

· ભજન ·

માળો બાંધીને મનવા, શું રે કરું,
અહીંથી ઊડ ઊડ થાતું રે મન;
ઘડી બે ઘડીનો આછો આશરો
એમાં ઠરે નહિ તણખલાનું તન.
માળો બાંધીને૦

અલગારી આલમનો આદિ આતમો,
એને જચે નહિ જગના વે'વાર;
છળના વેલા રે જળમાં પાંગર્યા
ખેપું સતની કરવાને ખુવાર.
માળો બાંધીને૦

ઝરડે ઝરડાશે ને ઝરી જશે
કાચી કાચળીની કાય,
જગના નેડા રે કેડા ઝાલશે
મનવા, સમાશું મનમાંય.
માળો બાંધીને૦

## વર્ષા/ઉસ્માન પઠાન

· ગઝલ ·

કલાપીના કાળજનો ટહુકાર વર્ષા!
ને નભની પણછ કેરો ટંકાર વર્ષા!

વીજળીઓ ભરે એના મારગમાં મુજરા,
છે વાદળની મ્હેફિલનો મયખાર વર્ષા!

ઈંઢોણીમાં ગાગરની સરગમ ઉતારે
દે ઘૂંઘટને નજરોનો ઝબકાર વર્ષા!

પવનનું ભીંજેલું હૃદય છબછબાવી
દે પાલવના છેડાને ધબકાર વર્ષા!

મિલનની અધીરાઈનો જામ ઢોળી
પીએ પોશ વાળી લગાતાર વર્ષા!

જીવનનાં સ્વરૂપોનું ચક્ર ફરે પણ
ન બદલાય છે તારો અવતાર વર્ષા!

ભવેભવ સળગતી રહેલી દિશાઓ
જો ઠારી શકે તો ભલે! ઠાર વર્ષા!

## સૈયર મોરી/શકુર સરવૈયા

સૈયર મોરી પાદર ભૂરું કે ભૂરું આભ
કે નજરું ભોંઠી પડી રે લોલ.

સૈયર મોરી ખેતરમાં ખોરડાં આ કોનાં
કે કેડીઉં ભૂલી પડી રે લોલ.

સૈયર મોરી વડલો ઊંચો કે ઊંચી ડાળ
કે વેલ્ય ઓલી મોંભર પડી રે લોલ.

સૈયર મોરી પાંદડાં બોલ્યાં કે બોલ્યા સૂડા
કે વાયરાએ વાત્યું ઝીલી રે લોલ.

સૈયર મોરી મેંદી રાતી કે રાતાં પાન
કે પેનીઉં હઠે ચડી રે લોલ.

સૈયર મોરી શમણું કે'શે કે કે'શે રાત
કે પ્રીત્ય મુને કોણે કીધી રે લોલ.

જીવનદર્શન · ૧૮

## શ્રદ્ધાનો નાદ

ફાધર વાલેસ

શ્રદ્ધા વિના જીવવું અશક્ય છે. સેંકડો વસ્તુ ને પ્રસંગો આપણા હાથની બહાર હોય છે, ને એમાં એક કે બીજી જાતની શ્રદ્ધા લઈને ચલાવવાનું હોય છે. આપણે દવા પીએ તે શ્રદ્ધાથી કે એમાં ગુણ છે, ઝેર નહિ. જાતે આપણે ખાતરી કરી નથી પણ ડૉક્ટરનો વિશ્વાસ છે કે એણે સાચી દવા આપી હશે ને દવાવાળાનો વિશ્વાસ છે કે એણે સારી દવા બનાવી હશે. આપણે વિમાનમાં બેસીએ અને બેઠકનો પાટો બાંધીને ઊંઘી જઈએ છીએ તે એ શ્રદ્ધાથી કે પાયલટને વિમાન ચલાવતાં આવડે છે ને એ ગાંડો કે ખૂની નથી અને આપણને લક્ષ્યસ્થળે પહોંચાડી દેશે. આપણને તો વિમાનશાસ્ત્રના અટપટા સિદ્ધાંતોની ગતાગમ નહિ, પણ ચલાવનારા ઉપર વિશ્વાસ છે એટલે આરામથી મુસાફરી કરીએ છીએ. અને જીવનના પુષ્પક વિમાનમાં આપણે બેસીએ ત્યારે એ કેમ ચાલે છે ને આપણને ક્યાં લઈ જાય છે એની બહુ સમજણ આપણી પાસે નથી હોતી. પણ તેના દિવ્ય વિમાની ઉપર આપણને વિશ્વાસ છે એટલે જીવવાની હિંમત કરીએ છીએ. આખરે જીવન એ જ શ્રદ્ધાનો વિષય છે.

બીજાઓ પર વિશ્વાસ મૂકતાં આપણને આવડે છે. અને સાચાદિલથી બીજાનો વિશ્વાસ કરીએ ત્યારે એનું સ્વમાન કેવું ખીલી ઊઠે અને પોતે અગવડ વેઠીને પણ આપણો વિશ્વાસ ખોટો પડવા દેતો નથી એનો અનુભવ પણ આપણને થયો છે. શિક્ષક જાણે છે કે વિદ્યાર્થી પર સખત ચોકીપહેરો રાખવાથી તેની ચોરી કરવાની વૃત્તિ વધુ તીવ્ર થશે અને યુક્તિપ્રવૃત્તિ અજમાવીને શિક્ષકની નજર ચૂકવીને છેલ્લે પરીક્ષામાં ચોરી કરશે જ. જ્યારે ઊલટું એ વિદ્યાર્થીનો વિશ્વાસ કરવાથી, એને માણસ સમજીને એના ઉપર પરીક્ષાની જવાબદારી છોડી દેવાથી એનું સ્વમાન જાગશે અને શિક્ષકને તે ખોટું લગાડશે નહિ. માણસ ઉપર શ્રદ્ધા રાખવાથી તેની અસ્મિતા જાગે, તેનું વ્યક્તિત્વ ખીલે, તેના શ્રેષ્ઠ ગુણ બહાર આવે. માણસને ચોર કહેવાથી તે ચોર જ થાય, અને સજ્જન કહેવાથી તે આપોઆપ સજ્જનનું વર્તન કરે.

પણ આ તો થઈ બીજા ઉપર શ્રદ્ધા રાખવાની વાત. હવે જો માણસ એ જ રીતે પોતાની જાત ઉપર જ શ્રદ્ધા રાખે તો? તો એ જ ચમત્કાર થશે. એનું માથું ઊંચું થશે, એના બાહુમાં જોર આવશે. એના હૃદયમાં ઉત્સાહ ને ઉમંગના ભાવ ઊભરાશે, એની બુદ્ધિ તેજ થશે, એનું મનોબળ દૃઢ થશે, એના દરેક કાર્યમાં નવો પ્રાણ આવશે. પણ એમાં જ મુશ્કેલી આવે છે, હું મારા ઉપર શ્રદ્ધા કેમ રાખું? એવી અસર કરે એ માટે શ્રદ્ધા સાચી જ જોઈએ: બનાવટી ન ચાલે, અંધશ્રદ્ધા પણ ન ચાલે. પણ હું કેવો છું એનો મને સારો એવો અનુભવ છે, પછી મારા ઉપર સાચી શ્રદ્ધા કેમ રાખી શકું? ઇચ્છા ઘણી પણ ફળ ઓછું; સંકલ્પો ભારે પણ સિદ્ધિ શૂન્ય. મનનું ઠેકાણું નહિ, જીભનો કાબૂ નહિ, હૃદયનો ભરોસો નહિ. પછી શ્રદ્ધા કેવી? ઘણી ઠેસ ખાધા પછી દોડવાનો દાવો કેમ કરાશે?

તો પણ એ વાસ્તવિક ને નમ્ર એકરારની સાથે ઊંડે ઊંડે ખાતરી છે કે હજી સુધી મેં કર્યો એના કરતાં જીવનમાં વધારે સારો દેખાવ હું કરી શકું એમ છું. સંજોગો નડ્યા, પૂરો ખ્યાલ નહોતો, પૂરો પ્રયત્ન નહોતો કર્યો; પણ મને હજી જો એક તક મળે તો હું જરૂર કરી બતાવું. એ હૃદયની ખાતરી ઉપર સાચી શ્રદ્ધા નભે છે. તે સુષુપ્ત શક્તિને જગાડે છે, બંધ રહેલા ભંડાર ખોલી આપે છે.

બીજા જો મારા પર શ્રદ્ધા રાખે તો મારો આત્મવિશ્વાસ ખીલે એ ખરું. પણ બીજી તરફ જો હું મારા પર વિશ્વાસ ન મૂકું તો બીજા કેવી રીતે મૂકશે? જો હું મારી જાતને હલકી પાડું તો બીજા કેવી રીતે મારી કદર કરશે? જો હું મારો માલ વગોવી કાઢું તો એ ખરીદવા કોણ તૈયાર થશે? માટે કેમે કરીને મારે થોડી ઘણી શ્રદ્ધા તો બધાંની લેવી પડશે, મારો જીવનવ્યાપાર ચલાવવો હોય તો.

વિચાર કરું છું ત્યારે મનમાં એક શુભ કલ્પના ઊઠે છે. કોઇએ મારા ઉપર જરૂર શ્રદ્ધા રાખી છે. કંઈ નહિ તો ભગવાને મારો વિશ્વાસ કર્યો છે, પૂરો વિશ્વાસ કર્યો છે. મને માનવદેહ આપ્યો છે. સ્વતંત્રતા આપી છે. પરમ તત્ત્વની ચિનગારી આપી છે, અને પોતાના ઘરના કારભારી તરીકે પોતાની સૃષ્ટિની વચ્ચે મૂક્યો છે. બીજાઓ મારો વિશ્વાસ કરે કે ન કરે, મારા વિશે મારા શિક્ષકો ને વડીલો, મારા મિત્રો ને ઉપરીઓ ગમે તે અભિપ્રાય ધરાવે, પણ ભગવાન તો મને વિશ્વાસપાત્ર ગણે છે અને વિશ્વાસથી જ મારી સાથે વર્તે છે. મારા હાથમાં દુનિયાની સૌથી કીમતી વસ્તુઓ મૂકીને મારી મરજી પ્રમાણે એનો ઉપયોગ મને કરવા દે છે એ શું ઓછો વિશ્વાસ છે? એ મને પૂરેપૂરો ઓળખે છે, મારી નબળાઈઓ ને નિષ્ફળતાઓ જાણે છે, પણ મારા હૃદયની શક્તિ પણ એ પૂરી પારખે છે (એમણે જ એ ત્યાં મૂકી છે ને!) અને ધીરેથી મારા કાનમાં જાગૃતિનો સંદેશો સંભળાવે છે. 'તારામાં લાયકાત છે, ખાનદાની છે. મારા ઘરથી જ તું આવે છે ને! હા, મારો આશીર્વાદ લઈને, મારું નામ જ લઈને તું પૃથ્વી પર આવ્યો હતો. હવે એ નામ ઉજાળ. તારા હાથમાં છે. એથી મોટો વિશ્વાસ શું કોઇનો કરી શકાય?'

સામાન્ય માણસની શ્રદ્ધા મારા ઉપર બેસતી ત્યારે હું ખુશ થતો, મારી છાતી ગજગજ ફુલાઈ જતી, ને એ શ્રદ્ધા સાચી પાડવા મનમાં આપોઆપ નિર્ણય બંધાઈ જતો ને દિલમાં અદ્ભુત શક્તિનો સંચાર થતો. હવે બીજાનો અનુરોધ છે. સેનાપતિનો વિશ્વાસ છે; પછી જવાનની છાતીમાં શુંનું શું થઈ જશે!

ભગવાનને મારા ઉપર વિશ્વાસ છે એ જાણીને મને પણ મારા ઉપર વિશ્વાસ બેસશે, અને મને બેસશે એટલે બીજાઓને બેસશે. આમ એક મંગળ ચક્ર શરૂ થશે.

શ્રદ્ધા આવે કે આખા જીવનને પ્રકાશમય બનાવે. રસ્તો બતાવે, ઉત્સાહ આવે, પાનો ચડાવે. આનંદ હોય તો એ સોગણો બનાવે; દુઃખ હોય તો એ જલદી પચાવે. એ માણસને દિવ્યચક્ષુ આપે છે, જે લઈને તે આગળ જુએ છે, દૂર જુએ છે, જીવનનું રહસ્ય સમજે છે અને એ સમજીને તે જીવનમાં હોંશથી ઝંપલાવે છે. યુદ્ધમાં સૈન્ય જોઈએ, શસ્ત્રાસ્ત્ર જોઈએ, તાલીમ જોઈએ, પણ એ કરતાં સૈનિકોની હિંમત વિશેષ જોઈએ. હિંમત ન હોય તો તાલીમ ને યુદ્ધસામગ્રી ને યુદ્ધવિદ્યા નકામી જ જવાની, અને ઊલટું, હિંમત હોય તો તાલીમ કે હથિયારો વિના પણ શૂર જવાનો પરાક્રમ કરશે ને વિજય લાવશે. જીવનમાં શ્રદ્ધાનું સ્થાન પણ એવું જ છે. વિજ્ઞાનસંશોધનમાં અભ્યાસ જોઈએ, ધ્યાન જોઈએ, પ્રયોગો જોઈએ, પણ એ કરતાં પ્રતિભાની પ્રજ્ઞા જોઈએ; તે સાધનો ને સગવડો વિના પણ પ્રકૃતિનાં રહસ્યો ફાડશે ને અદ્ભુત શોધો કરશે. જીવનમાં શ્રદ્ધાનું સ્થાન પણ એવું જ છે. પરિણીત જીવનની સફળતામાં ઓળખાણ જોઈએ, લાયકાત જોઈએ, તૈયારી જોઈએ, પણ વિશેષ તો પ્રેમ જોઇએ; પ્રેમ વિના વિધિઓ ને આશીર્વાદો ને પહેરામણીઓ ફોગટ જવાનાં, પણ જો પ્રેમ હોય, સાચો પ્રેમ હોય તો એ એકતા જન્માવશે, લાયકાત અપાવશે, ધન્યતા લાવશે. જીવનમાં શ્રદ્ધાનું સ્થાન પણ એવું જ છે. જીવનમાં સગવડ હોય, પૈસા હોય, તંદુરસ્તી હોય, પણ શ્રદ્ધા ન હોય તો એ બધું નકામું જ જવાનું, પરંતુ શ્રદ્ધા હોય તો એ વિના પણ તે ચમત્કાર કરશે. પરચો બતાવશે, અપૂર્વ સફળતા લાવશે.

પ્રેમ, અંતઃપ્રજ્ઞા, હિંમત.
દિવ્યચક્ષુ, અંતઃપ્રેરણા, શ્રદ્ધા.

શ્રદ્ધા વિનાનો માણસ એટલે હિંમત વિનાનો સૈનિક, બુદ્ધિ વિનાનો વૈજ્ઞાનિક, પ્રેમ વિનાનો વર. હા, પ્રાણ વિનાનું પ્રાણી.

સાચી શ્રદ્ધાને બુદ્ધિનો ટેકો હોય છે. બંને સાથેસાથે ચાલે છે. શ્રદ્ધા જીવનનાં કોઈ નવા પાસાની ઝાંખી કરે. આગળ ધસે. સાહસ કરે. પણ તરત બુદ્ધિને બોલાવે. બુદ્ધિ તપાસ ચલાવે, કસોટી કરે, નિર્ણય લે અને બંને સાથે ઝંપલાવે.

સાચી શ્રદ્ધાને હૃદયનો ટેકો પણ છે. હૃદયને અજંપો છે, પ્રેમનો પડઘો પાડવો છે, એટલે શ્રદ્ધાને મોકલે છે ને એ પ્રેમ ધરે ને પ્રેમ જગાડે ને હૃદયને તેની ખાતરી કરાવે.

સાચી શ્રદ્ધામાં માનવનું આખું વ્યક્તિત્વ ખીલે છે. લાગણી ને બુદ્ધિ, વિવેક ને કલ્પના, સાહસ ને મનોબળના સંગમથી એ પ્રગટે છે. પ્રો. દાવરના મનનીય શબ્દોમાં, 'મનુષ્યના સમગ્ર વ્યક્તિત્વમાંથી શ્રદ્ધાનો નાદ ગુંજે છે.'

# અપ્ટન સિંકલેર

મારું હૃદય
જોવાની કોઈ તમા
કરશે કે નહિ તે
હું જાણતો નથી,
પણ જો તેઓ મારા
અંતરમાં ડોકિયું
કરશે તો ત્યાં બે
શબ્દો એમને
જરૂર મળશે:
સામાજિક ન્યાય.
એને માટે જ હું
જીવ્યો છું
અને ઝૂઝયો છું.



ગુજરાતી સાહિત્યકારોને ત્રીસીના દાયકામાં સમાજવાદી વિચાર બે સ્થળેથી પ્રાપ્ત થએલા: ગોર્કી મારફત રશિયામાંથી અને સિંકલેર મારફત અમેરિકામાંથી. સિંકલેર કૃત 'સેમ્યુઅલ ધ સીકર' ઉપરથી સ્વ. મેઘાણીએ 'સત્યની શોધમાં' નવલકથા લખેલી. આપણા સામાજિક-આર્થિક ન્યાયના વિચારને પુષ્ટ કરવામાં સિંકલેરની ઘણી કૃતિઓએ ફાળો આપેલો. સિંકલેરે પોતે એક ગુજરાતી સંપાદકને હથોડાધારી શ્રમજીવીનું એક છાયાચિત્ર મોકલેલું જેને અનુલક્ષીને શ્રી 'સુંદરમે' 'ઘણ ઉઠાવ મારી ભુજા' અને શ્રી ઉમાશંકરે 'હાડનો કીધો હથોડો' કાવ્યો રચેલાં.*

આ અમેરિકન લેખક અપ્ટન બીઆલ સિંકલેરનું ગઈ ૨૫ નવેમ્બરે ન્યૂ જર્સીના બાઉન્ડ બ્રૂકમાં એક નર્સિંગહોમમાં અવસાન થયું ત્યારે લગભગ ૯૦ જેટલાં પુસ્તકોના એ લખનારની ઉમર ૯૦ વર્ષની હતી. ઈ. ૧૮૭૮ની ૨૦ સપ્ટેમ્બરે બાલ્ટિમોરના મેરીલૅન્ડમાં દક્ષિણ તરફના ઘસાઈ ગએલા એક ભદ્ર કુટુંબમાં એનો જન્મ થયો. દસ વર્ષની વયે એ કુટુંબ સાથે ન્યૂ યૉર્ક આવ્યા ત્યારે, પાછળથી એણે પોતે જણાવ્યા પ્રમાણે પિતા 'લીકર'ના સેલ્સમૅન હતા અને પોતાના માલ અંગે આગવી પસંદગી રાખતા હતા.

પંદર વર્ષની વયે ન્યૂ યૉર્કની સિટી કૉલેજમાં પોતાના અભ્યાસનો ખર્ચ કાઢવા સિંકલેરે રમૂજી ટુચકાઓ ને હળવું પદ્ય લખવા માંડેલું. આ પછી કિશોરો માટેના એક સામયિકમાં એમણે નૌકાદળના ને લશ્કરના અધિકારીઓનાં જેવાં વિવિધ ઉપનામોથી કાલ્પનિક સાહસકથાઓ પણ લખેલી. ક્લાર્ક ફિટ્ચ, ફ્રૅડરિક ગૅરિસન અને આર્થર સ્ટર્લિંગ વગેરે એનાં જ ઉપનામો છે પણ આવા ઢસરડાથી વાજ આવી એમણે પોતાની પ્રથમ ગંભીર નવલકથા 'સ્પ્રિંગટાઈમ ઍન્ડ હાર્વેસ્ટ' લખવા માંડી ને ૧૯૦૧માં પોતાને ખર્ચે પ્રકટ કરી. આ પછી તુરત એમણે 'પ્રિન્સ હૅગન' લખી પણ સાડત્રીસ પ્રકાશકોએ તે પાછી વાળેલી. એ જ વર્ષે એમની 'કિંગ મિડાસને' થોડો આવકાર મળ્યો. પછી તો 'પ્રિન્સ હૅગન' પણ પ્રકટ થઈ. આ પછીની 'ધ જર્નલ ઑવ આર્થર સ્ટર્લિંગ'નો કંઈક ઠીક ઉપાડ થયો. ૧૯૦૪માં 'મેનાસાસ' પ્રકટ થઈ. સિંકલેરના કહેવા પ્રમાણે એની આ એક જ એવી કૃતિ છે જેમાં એમનું લાક્ષણિક પ્રચારાત્મક લખાણ બિલકુલ નથી.

પણ એમની કીર્તિદા તો બની 'ધ જંગલ'. (આ સાથે એના કથાવસ્તુનો ખયાલ આપ્યો છે.) શિકાગોના સ્ટૉક યાર્ડ્ઝની એક તપાસમાં એમણે સાતેક અઠવાડિયાં ભાગ લીધેલો. તે દરમિયાન એમણે માંસ પેક કરવાની તદ્દન ગંદી પદ્ધતિ અને કામદારો પ્રત્યેની અન્યાયી વર્તણૂક જોઈને 'અપીલ ટુ રીઝન' નામના એક સમાજવાદી અખબાર માટે આ નવલકથા ૧૯૦૬માં લખેલી. એ સમયે એના વિચારો સમાજવાદ તરફ ઢળતા હતા. પોતે જોએલી પરિસ્થિતિનો એણે એમાં જે ચિતાર આપ્યો તેથી એ સમયની અમેરિકન પ્રજા ખળભળી ઊઠી, એટલું જ નહિ ખુદ પ્રેસિડેન્ટ થીઓડોર રૂઝવેલ્ટનું પણ એ તરફ ધ્યાન દોરાયું. એમણે પોતે સ્ટૉક યાર્ડ્ઝની તપાસ કરાવી અને સિંકલેરની વાત ખરી જણાતાં એને વ્હાઇટ હાઉસમાં નિમંત્રણ આપ્યું. અમેરિકાનો 'ધ પ્યૉર ફૂડ ઍન્ડ ડ્રગ'નો કાયદો આ પરથી જ ઘડાયો. ૧૯૬૭માં 'મીટ બિલ'ને મંજૂરી આપતી વખતે પ્રે. જ્હૉનસને સિંકલેરને પણ વ્હાઈટહાઉસમાં નિમંત્રણ આપી 'શુદ્ધ માંસ' અંગેની એની 'ધ જંગલ'થી આરંભાએલી જેહાદની કદર કરી હતી. આ પુસ્તકનું પ્રકાશન કરતાં યે ગભરાતા પ્રકાશકે પોતે પણ એમાંની હકીકતોની સચ્ચાઈ માટે તપાસ કરાવી હતી. આ કથાને કલ્પનાતીત સફળતા મળી (૧૭ ભાષાઓમાં તો એના અનુવાદ થયા છે.) એની આવકમાંથી સિંકલેરે ન્યૂ જર્સીમાં ઍંજલ વૂડ મુકામે એક સમાજવાદી વસાહત–'હેલિકૉન હૉમ કોલોની'ની સ્થાપના કરી. પણ પાછળથી ત્યાં આગ લાગતાં એની એ સૃષ્ટિ ખાક થઈ ગએલી. ૧૯૦૮માં એમણે 'ધ મેટ્રોપોલિસ' લખ્યું, જેમાં એમણે એક નવતર સમાજની કલ્પના કરી છે. આ વર્ષોમાં એમની વિચારસરણી સમાજવાદ તરફ ઢળી ચૂકી હતી.

અમેરિકન સમાજની બદી અને અન્યાયને ઉઘાડા પાડવામાં તેઓ જરાયે અચકાયા નથી. 'ધ જંગલ' પછીની એમની કૃતિઓમાં આ કારણે જ સમાજવાદી પ્રચારાત્મક વલણ હોઈ વિવેચકોએ એ પ્રત્યે બહુ લક્ષ્ય આપ્યું નથી, એમને પોતાને પણ લલિત સાહિત્ય માટે બહુ ઉત્સાહ નહોતો. સિંકલેર પોતે જ કહેતા કે 'હું પ્રથમ સમાજવાદી અને પછી સાહિત્યકાર છું.' છતાં એમના લગ્ન પર આધારિત 'લવ્ઝ પ્રિલ્ગ્રિમેજ'માં દેખાતી એમની કલ્પનાશીલતાને નકારી શકાય તેમ નથી. પ્રથમ પત્ની–જેનાથી એમને એક પુત્ર પણ હતો તેનાથી છૂટા પડી એમણે ૧૯૧૩માં મેરી ક્રેઈગ કિમબ્રો સાથે લગ્ન કર્યું. નવા સંસાર પછીની અસરમાં એમણે વધુ ને વધુ લખવા માંડયું. ૧૯૧૫માં તેઓ દ. કૅલિફોર્નિયામાં પૅસૅડિના મુકામે સ્થાયી થયા. અહીં તેઓ ચાળીસ વર્ષ રહ્યા. દરમિયાન ૧૯૧૮માં ઓછામાં ઓછી કિંમતે આપવા માટે એમણે પોતે જ પોતાનાં પુસ્તકોનું પ્રકાશન આદરેલું. વચ્ચે બે વર્ષ તેઓએ સમાજવાદી પ્રવૃત્તિથી અલગ પડી અમેરિકાના યુદ્ધ પ્રવેશને ટેકો આપેલો, પણ પછી એ અંગેની પોતાની માન્યતા એમને ભ્રમ રૂપ લાગેલી.

૧૯૨૭ સુધીની એમની કૃતિઓમાં એમણે સમાજના વિવિધ પાસાંઓનું જાણે કે પૃથક્કરણ કર્યું છે. એમની 'કિંગ કોલ' (૧૯૧૭), 'ધ પ્રોફિટ્સ ઑવ રીલિજીઅન' (૧૯૧૮), 'જિમી હિગિન્સ', 'બ્રૅસ ચેક' ('૧૯), 'ધ સ્ટૉરી ઑવ એ પેટ્રિયટ' ('૨૦), 'ધ ગુઝ સ્ટેપ' ('૨૩), 'ધ ગોસલિંગ' ('૨૪) ઑઇલ! ('૨૭), 'બૉસ્ટન' ('૨૮) અને 'માઉન્ટન-સિટી' ('૩૦) વગેરેમાં એમણે પત્રકારત્વ, ધર્મ, કેળવણી, સાહિત્ય વગેરે અનેક ક્ષેત્રોમાં અમે-

* આટલું લખાણ 'સંદેશ'માંથી સાભાર

રિકન સમાજની અસરોનું અર્ધમાર્ક્સવાદી વિશ્લેષણ કર્યું છે. આમાં 'ઑઈલ!'ના પ્રકાશને એમને ફરી અમેરિકન દસ્તાવેજી નવલકથાકારોમાં અગ્રણી સ્થાન અપાવ્યું. એમ પણ કહી શકાય કે એ એમની સૌથી વધુ પ્રભાવક કૃતિ છે. '૩૨માં એમણે 'અમેરિકન આઉટ-પૉસ્ટ'માં આત્મકથાનક રજૂ કર્યું. '૩૩માં અપ્ટન સિંકલેરે 'પ્રેઝન્ટ્સ વિલિયમ ફૉક્સ'માં ચલચિત્રઉદ્યોગનો અને '૩૩માં 'ધ ફ્લિવર કિંગ'માં મોટર ઉદ્યોગના અર્થકારણનો અભ્યાસ રજૂ કર્યો છે.

પણ 'ધ જંગલ' અને 'ઑઈલ!' જેવી એની બીજી વિખ્યાત કૃતિઓ તો એક શ્રેણી રૂપે ૧૯૪૦થી આરંભાઈ. 'વર્લ્ડ્સ એન્ડ'એ એમાંની પ્રથમ કૃતિ. એમાં દારૂગોળાના એક અતિ શ્રીમંત ઉત્પાદક તથા વિખ્યાત રૂપસુંદરીના ગેરકાનૂની પુત્ર 'લૅની બડ'ને દુનિયાની સફરે જતો કલ્પ્યો છે. સફરમાં એ વિખ્યાત માણસોને, આંતરરાષ્ટ્રીય કાવતરાંખોરોને અને રાજદ્વારીઓને મળતો જાય છે અને આ સફરના વર્ણન અને અહેવાલ દ્વારા સિંકલેરે ૧૯૧૩થી '૧૯ના ગાળામાં જગતના રચાતા ઇતિહાસની કલ્પના કરી છે.

'બીટ્વીન ટુ વર્લ્ડ્સ' ('૪૧) એ આ શ્રેણીનું બીજું પુસ્તક. વર્સેલ્સની સંધિથી માંડી ૧૯૨૯ની મંદી સુધીની કથા એમાં છે. તે પછી ૧૯૩૦ થી '૩૪ના ગાળાને આવરતી અને હિટલરની સરમુખત્યારશાહીનાં ઘૃણાત્મક પાસાંને રજૂ કરતી 'ધ ડ્રૅગન્સ ટીથ' ('૪૨) પ્રકટ થઈ. બીજે જ વર્ષે એને 'પુલિત્ઝર પ્રાઈઝ' મળ્યું. એ જ વર્ષે સ્પેનિશ આંતરવિગ્રહના એક ભાગ રૂપે નાઝીવિરોધી પ્રવૃત્તિઓ આલેખતી 'વાઈડ ઈઝ ધ ગેઈટ' પ્રકટ થઈ. તે પછી 'પ્રેસિડન્સીઅલ એજન્ટ' ('૪૪)માં લૅની બડને પ્રે. રૂઝવેલ્ટના ખાસ મંત્રી તરીકે '૩૮માં મ્યુનિખ જતો વર્ણવ્યો છે. 'ડ્રૅગોન હાર્વેસ્ટ' ('૪૫)માં પારી(સ)ના પતન સુધીની કથા છે. 'એ વર્લ્ડ ટુ વિન' ('૪૩) અને 'પ્રેસિડન્સીઅલ મિશન' ('૪૭)માં ઉ. આફ્રિકા અને પૂર્વના દેશોના–'૪૦થી '૪૩ દરમિયાનના બનાવો આવરેલા છે. 'વન ક્લીઅર કૉલ' ('૪૮)માં વિશ્વયુદ્ધથી માંડી પ્રે. રૂઝવેલ્ટની ચોથી ટર્મ સુધીની કથા છે. છેલ્લે 'ઓ શેફર્ડ, સ્પીક!' ('૪૯)માં યુદ્ધનો અંત અને લૅની બડની શાંતિ યોજનાઓ આપી છે.

વચ્ચે ઈ. ૧૯૩૪માં સિંકલેરે બેકાર અને પ્રગતિવાદી તત્ત્વોનું Epic—'એન્ડ પૉવર્ટી ઈન કૅલિફૉર્નિયા' નામે એક સંગઠન ઊભું કરેલું. ડેમોક્રેટિક પાર્ટી પર એમનું સારું વર્ચસ્ હતું અને એથી કૅલિફૉર્નિયાના ગવર્નર પદ માટે પણ એ ઉમેદવારી કરી શકેલા. આ અગાઉ પણ ૧૯૦૬માં અને ૧૯૨૦માં એ ચૂંટણી લડેલા. અમેરિકન ઉદ્દામવાદી ચળવળોમાં પણ એમણે સક્રિય ભાગ લીધેલો. વાણીસ્વાતંત્ર્ય ખાતર એક વાર ધરપકડ પણ વહોરેલી. પણ સમાજવાદી વિચારસરણીના આજીવન પુરસ્કર્તા અને પ્રચારક તેઓ રાજકારણના પુરુષ નહોતા. પોતાના લેખનને એમણે પોતાના વિચારોને રજૂ કરવાના એક માધ્યમ તરીકે જ વિકસાવ્યું હતું. ૬૦ વર્ષની વય સુધી એમણે નવલકથાઓ દ્વારા શુદ્ધ માંસ, કામદારો પ્રત્યે માનવતા, બાળ-મજૂરીની બંધી, સંતતિનિયમન વગેરે અનેક સમાજોદ્ધારક હેતુઓ અંગે સતત લખ્યે રાખ્યું હતું. અને કદાચ એટલે જ એમણે સંખ્યાબંધ નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ, નાટકો અને અન્ય સાહિત્યનું વિપુલ સર્જન કર્યાં છતાં કલાત્મક સાહિત્યના સર્જક તરીકે એમનું સ્થાન કેવું અને કેટલું એ એક પ્રશ્ન ચર્ચાતો રહ્યો છે. છતાં ૩૯ દેશોની ૪૭ ભાષામાં એમની કૃતિઓ ઊતરી છે એ એમની લોકપ્રિયતાની દ્યોતક જ કહી શકાય.

બર્નાર્ડ શૉએ નોબેલ પ્રાઈઝ માટે એક વાર સિંકલેરની ભલામણ કરી હતી. એ સમયે એમણે સિંકલેરને કહેલું: 'જ્યારે લોકો મારા લાંબા જીવનકાળ દરમિયા'ન શી ઘટનાઓ બની તે પૂછે છે ત્યારે હું એમને વર્તમાન પત્રોની ફાઈલ કે અધિકૃત સંદર્ભો જોવાનું નથી કહેતો, પણ તમારી નવલકથાઓ વાંચવાની ભલામણ કરું છું.'

હજી યે તેઓ 'લૅની બડ'ની શ્રેણીને આગળ લંબાવી રહ્યા હતા. જીવનનાં પાછલાં વર્ષોમાં એમનું માનસ વ્યક્તિગત શ્રદ્ધા અને તત્ત્વજ્ઞાન તરફ ઢળી બિનસાંપ્રદાયિક ધર્મમાં સ્થિર થતું લાગતું હતું. ધ્રુમપાન કે મદ્યપાન કરતા નહિ; તેમ તદ્દન શાકાહારી હોઈ લાલ ચોખ્ખાં તાજાં ફળ, ભાજી, દૂધ વગેરે જ લેતા. કૅલિફૉર્નિયામાં લગભગ અરધી જિંદગી ગાળ્યા પછી તેઓ ઍરિઝોનામાં એક નાના કસ્બા બક-આઈમાં વસ્યા હતા. હજી ગયો વર્ષે જ એમણે, ૧૯૬૧માં બીજી પત્નીના અવસાન બાદ મેરી વિલીસ સાથે લગ્ન કરેલું.

અપ્ટન સિંકલેરનું લલિત સાહિત્યના ક્ષેત્રમાં ઊંચું સ્થાન હો કે ન હો પણ અમેરિકીના, રાજકીય, સામાજિક અને સાહિત્યિક ઇતિહાસમાં એમનું નામ એક ઘટનાશાળી પુરુષ તરીકે અમર રહેશે.

## ધ જંગલ

શિકાગોનાં સ્ટૉકયાર્ડ્ઝમાં માંસ પેક કરવાના ઉદ્યોગનું એક સમિતિ સાથે સાતેક સપ્તાહ નિરીક્ષણ કર્યા બાદ, એ ધંધામાં પ્રવર્તતી સ્વાસ્થ્યને માટે ભયંકર એવી અસ્વચ્છ કાર્યરીતિ અને તેમાં પડેલા કામદારો પ્રત્યેના માનવતાવિહોણા અન્યાયી વર્તાવ સામેનો સિંકલેરનો પ્રકોપ એ આ નવલકથાનું પ્રેરક બળ છે. આ ઉદ્યોગમાં ચાલતી ગેરરીતિઓ સામે સમગ્ર પ્રજામાં આ કથાએ ખળભળાટ મચાવી દીધો જેના પ્રતાપે અમેરિકામાં 'પ્યૉર ફૂડ ઍન્ડ ડ્રગ્સ ઍક્ટ' અને 'મીટ બિલ' જેવા કાયદા ઘડાયા. સત્તર ભાષામાં તો એના અનુવાદ થયા છે. તદ્દન પ્રામાણિક અને ગજબ પકડવાળી નવલકથા તરીકે હજી યે તેની ગણના થાય છે.

લિથુઆનિયામાં જ્યારે પોતે હજી ગરીબ ગામડિયો છોકરો હતો ત્યારથી જરગિસ રૂડકસ ઑના નામની એક ઋજુ બાળાને ચાહતો હતો. ઑનાના પિતાનું અવસાન થયું. ગરીબીને કારણે જરગિસના પિતા ઍન્ટાનાસે ગામ છોડી બીજે જવા વિચાર્યું ત્યારે, પોતાની પાસે પૂરતા પૈસા થાય કે તુરત ઑના સાથે પરણવાની યોજનાઓ ઘડતા જરગિસને પણ એણે સાથે લીધો. આ ઉપરાંત, ઑના, તેની સાવકી મા એલ્ઝબીએટા, તેના છ ભાંડુઓ, સાવકો મામો જૉનાસ ને એક અનાથ સંબંધી બેન મારિજા પણ સ્થળાંતર કરવામાં સાથે હતાં.

રખડતો-આથડતો એ સંઘ જ્યારે શિકાગો પહોંચ્યો ત્યારે એમની પાસે બહુ ઓછા પૈસા બચ્યા હતા. જરગિસ, જૉનાસ અને મારિજાને તો ત્યાંના સ્ટૉકયાર્ડમાં કામ મળી ગયું, પણ મહેનતભર્યું કામ કરી શકવાની ઉમર વટાવી ચૂકેલા ઍન્ટાનાસને અનેક પ્રયત્નો છતાં બેકાર રહેવું પડ્યું. આ સૌને લાગ્યું કે ભાડે ઘર રાખવા કરતાં નિયમિત હપતા ભરવાની શરતે કોઈ ઘર વેચાતું રાખી સૌએ સાથે રહેવું સસ્તું પડશે. એમના આ ખયાલનો લાભ લઈ એક ઠગ દલાલે એમને રંગરોગાન કરી નવા જેવું બનાવેલું એક જૂનું મકાન વળગાડી ગયો.

જરગિસનું કામ અત્યંત પરિશ્રમભર્યું હતું, પણ મહિને પિસ્તાળીસ ડૉલરની આવક એને જતી કરવા જેવી નહોતી લાગતી. બીજી બાજુ એક પ્લાન્ટમાં ઍન્ટાનાસને પણ કામ મળ્યું, પરંતુ એ નોકરી ટકાવી રાખવા એણે ઉપરીને પોતાના પગારમાંથી (અનુ. પૃ. ૪૯૬)

# જીવનપટનાં સ્મૃતિચિત્રો

### ૩૯૩ ૧૯૧૭નો એપ્રિલ માસ

૧૯૧૭નો એપ્રિલ મારે માટે ઘણી રીતે યાદગાર બની ગયો. 'વીસમી સદી'નું બીજું વર્ષ શરૂ થયું તેની પ્રસ્તાવનામાં તંત્રી લેખમાં હાજીએ લખ્યું, એક વર્ષમાં 'વીસમી સદી'એ વાંચનારાઓને મોહિની લગાડી છે. તે એટલું માનીતું માસિક થઈ ગયું છે કે દેશી ભાષાનાં પત્રો ન વેચનાર મેસર્સ વ્હીલરને પણ પોતાના સ્ટેશન સ્ટૉલ પર તેની પ્રતો મૂકવી પડી છે તેમજ અત્રેના કલેકટરે લંડન ખાતેના 'બ્રિટિશ મ્યૂઝિયમ' માટે તે માસિકની માગણી કરી છે. પ્રતિ માસે લોકો તેની આતુરતાથી રાહ જુએ છે. દેશાવરના કેટલાક ગૃહસ્થો તાર મારફત ગ્રાહક થયા છે...લોકોને અમે રસપ્રધાન ક્ષેત્રમાં વિહરતા કર્યા છે. સુંદર કવિ પ્રકૃતિને અમે અનુપમ ચિત્રપટમાં ઉતારી છે. જે સાહિત્યનો આત્મા તરત સમજાય નહિ તે અગોચર અલખ વસ્તુનું લક્ષગોચર દર્શન આંખ આગળ રજૂ કરી સૌન્દર્યની ચટક લગાડી ચિત્ર-દર્શન દ્વારા આત્માને સુગમ સુલક્ષ્ય સરલ બનાવવાનું કામ 'વીસમી સદી'એ આરંભ્યું છે.

યુરોપના મહાયુદ્ધની અસર વધતી મોંઘવારીમાં પરિણમી છે ને ધંધાઓને વિટંબણામાં નાખ્યા છે. કાગળો અને છાપખાનાંનાં સાધનો અતિ મોંઘાં થયાં છે તેને તેમજ અમને થએલી મોટી નુકસાની આ સર્વને પહોંચી વળવા માટે અમારા સર્વ વાચકોને વિનંતી કરીએ છીએ કે તેમના મિત્રોને અમારા ગ્રાહક બનાવો.

આ જ અંકમાં સુવર્ણચંદ્રક માટે મારો બ્લૉક છપાયો અને હાજીના આશીર્વાદ મળ્યા. આ જ અંકમાં શ્રી મુનશીએ 'ઘનશ્યામ' તખલ્લુસથી 'ગુજરાતનો નાથ' લખવાનો પ્રારંભ કર્યો અને તે વાર્તાના આલેખક તરીકે તેમની સાથે જ રવિશંકર રાવળનું નામ છપાવવા લાગ્યું અને પ્રથમ પ્રકરણોનાં ચિત્રોથી જ વાચકોને ગુજરાતની સંસ્કૃતિના પ્રભાવવાળાં ચિત્રો જોવા મળ્યાં. હાજીએ કેટલાંક ચિત્રો તો આખા પાનાની પ્લેટમાં પ્રકટ કર્યાં હતાં. આ જ અંકથી મેં ત્રિભુવન પટેલની પીંછી 'વીસમી સદી'ના પાના પર ઉતારી. તે સાથે સાક્ષરો, નટો કવિઓના પરિચયો અને સ્કેચમાં હાજી મને રોકે જ જતા હતા. તેમની ધૂન અને ધગશમાં હું પણ ખેંચાયે જતો હતો.

### ૩૯૪ મુંબાઈથી છૂટવાનું તરણું

મારા મિત્ર ગજાનન પાઠકે વડોદરા કલાભવનમાં સ્થાપત્ય શિક્ષકની નોકરી લઈ સ્વ થ ગૃહસ્થજીવન શરૂ કરી દીધું હતું. તેને મારા શાળાજીવનની પૂર્ણાહુતી થયાના સમાચારો આપ્યા હતા અને આદર્શોનો વિકાસ થાય એવો ધંધો કે નોકરીની ઇચ્છા જણાવી હતી. તેમણે તુરત સલાહ આપી કે વડોદરા કલાભવનના ચિત્રશિક્ષક બુધવારકર ઘણા બીમાર છે. અને ફરી આવી શકે તેમ નથી, પરંતુ તેમની જગ્યા પર કોઈની નિમણૂક થઈ નહોતી એટલે એમની જગ્યા માટે મારે અરજી કરવી.

સ્કૂલ ઑવ આર્ટ્સમાં તે કાળે છેવટના વર્ષની કોઈ ડિપ્લોમા પરીક્ષા નહોતી તેમજ કોઈ પ્રકારનું સર્ટિફિકેટ મળતું નહોતું. મારે પક્ષે તો સ્કૂલનો મેયો મૅડલ અને બૉમ્બે આર્ટ સોસાએટીનો સુવર્ણ પદક મુખ્ય અભિપ્રાય હતા. પણ મને લાગ્યું કે મારું ખરું પ્રમાણપત્ર તો મારા શિક્ષાગુરુ પાસેથી મળવું જોઈએ એટલે મેં જરા સંક્ષોભ સાથે પ્રિન્સિપાલને મળીને ચિત્રશિક્ષકની નોકરી માટેની અરજીમાં જોડવા માટે ભલામણપત્ર આપવા વિનંતી કરી. સાનંદાશ્ચર્ય કરાવતો આ પત્ર તેમણે લખી આપ્યો. પણ તે વખતે હાજીએ મારી ભાવિ કારકિર્દી બંધ થઈ જશે એમ કહી અટકાવ્યો, છતાં આ પત્રથી હું મારા ગુરુજનની શુભેચ્છા અને આશિષ પામ્યો છું તેની ખાતરી થઈ.

Sir J. J. School of Art Bombay
5th April 1917

Dear Mr. Rawal

I have much pleasure in recommending you for the post of painting master you are seeking to obtain. As I have every Confidence that if you Succeed in being appointed you will excercise to the utmost of your ability to make your class a success. That you possess ability is shown by your career as a student and the award yon have received at the Bombay Art Society exhibition. That you have industry is shown by the cornsiderable amount of Work you have done during the last year. These are two necessary qualities in a teacher both in themselves and as an example to his students and to these I have been able to observe you have intelligence and grand ideas upon your art. With this equipment you should have a successful career as a teacher and a painter. I trust success will come to you. You can count upon my taking a continued interest in your work and I Shall be glad to help you in it whenever I can.

Yours Sincerely, Cecil L. Barns

### તરજુમો

સર. જે. જે. આર્ટ સ્કૂલ, ૫ એપ્રિલ ૧૯૧૭

પ્રિય મિ. રાવલ,

તમે ચિત્રધ્યેતાની જે જગ્યા પ્રાપ્ત કરવા માટે યત્ન કરો છો તેને માટે ભલામણ કરતાં મને અત્યંત આનંદ થાય છે. કારણ કે મને દરેક રીતે વિશ્વાસ છે કે તમે જો તે જગ્યા મેળવવામાં સફળ થશો તો તમે તમારા વિદ્યાર્થી વર્ગને શ્રેષ્ઠ કરવા શક્તિ વાપરશો. તમારામાં આવી શક્તિ રહેલી છે એ તો તમારી વિદ્યાર્થી તરીકેની કારકિર્દીથી તેમજ બૉમ્બે આર્ટ સોસાએટીમાં તમને જે માનચાંદ મળ્યો છે તેથી જ જણાઈ આવ્યું છે. તમે ઉદ્યમશીલ છો એ તો તમે છેલ્લા વર્ષમાં જે ખૂબ કામ કરી બતાવ્યું છે તે કહી આપે છે.

કોઈ પણ શિક્ષકમાં તેમને અને તેમના વિદ્યાર્થીઓને દષ્ટાંત રૂપ આ બંને ગુણો હોવા અત્યંત જરૂરી છે. હું જોઈ શક્યો છું કે તમે બુદ્ધિશાળી છો અને તમારી કળા માટે મહાન ભાવનાઓ ધરાવો છો. આવી સારી સાધના પછી શિક્ષક તેમજ ચિત્રકાર તરીકે ઘણી સફળતા તમને મળવી ઘટે છે. તમારા કામમાં હું હમેશાં રસ લેતો રહીશ તેની ખાતરી રાખશો અને જ્યારે પણ શક્ય હશે ત્યારે તમને સહાયભૂત થઈશ.

લાગણીપૂર્વક તમારો, સીસીલ એલ. બાર્ન્સ





←ઝાર નિકોલસ બીજો. ખુશામતિયાઓ ને ખાસ તો રાસ્પુટિન જેવા લબાડ સલાહકારોને કારણે રશિયન પ્રજામાં વધુ અળખામણા બનેલા આ ઝારના ગેરવહીવટને કારણે પહેલા વિશ્વયુદ્ધમાં ૧૫ લાખ માણસો કેદ થયા. ભંગાર યુદ્ધસામગ્રી ને અપૂરતા ખોરાકને કારણે હજારો સૈનિકો મરણ પામ્યા. એની ગેરકાળજીને કારણે જ રશિયામાં ક્રાંતિ સળગી અને એને પ્રાણ છોડવા પડયા.





ડાબી બાજુ ઉપર: પોતાની લંપટતાને આધ્યાત્મિક સ્વરૂપ આપી રાજકુટુંબની સ્ત્રીઓ પર પાકું વર્ચસ્વ સ્થાપનાર રાસ્પુટિન શાહી સ્ત્રીમંડળ વચ્ચે. નીચે ડાબી બાજુ: રાજરાણી ઝારિના અને એનો પુત્ર ઍલેકસેઈ. આ રાજકુંવરના આંતરિક રક્તસ્રાવને પોતાની ગેબીશક્તિથી મટાડયાના દાવાના બળે રાસ્પુટિને શાહી પરિવારમાં પગપેસારો કરેલો. ને ધીરેધીરે આગળ વધી સમગ્ર રશિયા પર એણે પોતાના દમનનો દોર ચલાવેલો. અને એટલે જ એના 'શેતાની પ્રભાવ'થી રશિયાને ઉગારવા એ 'પવિત્ર માણસ' સામે પ્રિન્સ યુસુપોવ (નીચે જમણી બાજુ) એ કાવતરું કરી એનું ખૂન કર્યું.

### ૩૯૫ સુવર્ણચંદ્રક મળ્યાની ઉજવણી

હાજી વારંવાર હસતા કહેતા હતા કે સુવર્ણચંદ્રક મળ્યો તેના લાડુ ક્યારે ખવરાવશો? મને પણ લાગતું હતું કે આટલાં વર્ષો સુધી મેં જે જે સ્નેહીજનોનાં આતિથ્ય માણ્યાં હતાં તેમને સત્કારવાનો આ એક અવસર છે, એવામાં નવસારીથી મારાં ભાભી અને બહેન પણ થોડા દિવસ માટે મુંબાઈ આવેલાં. તે બધાંના ટેકાથી એક દિવસ સૌને ભોજન આપવાનું ઠરાવ્યું. હાજીએ પણ કબૂલ કર્યું અને લાલભાઇએ સમયસર તેમને લઈ આવવાનું માથે લીધું. મારા ઘરમાં તો આટલાં બધાંની રસોઈ કરવાનાં પૂરાં વાસણો પણ નહોતાં, પણ પડોશીઓએ અને કાનજી શેઠનાં પત્નીએ ઘણી સગવડો કરી આપી. છતાં ચૂરમુ ભેગું કરવા તાસ નહોતો એટલે બૈરાંઓએ અક્કલ ચલાવી રસોઈની ચોકડી ધોઈને સાફ કરી તેમાં ચૂરમુ સાકર ભેળવી નાના થાળમાં ઘી ભેળવી લાડુ બનાવ્યા હતા. મારા મનમાં પણ ઉમંગ હતો એટલે સવારથી જે જૂના સ્નેહી મળ્યા તેમને આમંત્રણ આપી દીધેલાં. સૌ જમવા ટાણે ભેગાં થયાં ત્યારે ઘરમાં સૌને ફફડાટ થયો કે આ નરસી મહેતાની લાજ કેમ રહેશે.

એક વાગ્યે હાજીમહમદ અને તેમના પુત્ર ફરૂકને લઈ લાલભાઈ આવી પહોંચ્યા. તેમને આદર આપવા કાનજી શેઠે દીવાનખાનું ખોલી આપ્યું અને તેમની જ ઓશરીમાં તેમને ભોજન પીરસ્યું. સગાંસંબંધી બહુ ચુસ્ત રિવાજ પાળનારાં હતાં એટલે હું તેમને પીરસવા સત્કારવા રોકાયો અને બીજી બાજુ તે બધાંને નિરાંતે જમાડયાં. હાજી પ્રસન્નતાપૂર્વક રજા લઈ વિદાય થયા ત્યાર પછી હું તથા મોહનભાઈ અને માસ્તર વગેરે સાથે જમ્યા. નરસી મહેતાની જેમ મારી લાજ રહી ગઈ તેમાં ઘરમાં બૈરાંની સિફતભરી ગોઠવણ ધન્યવાદ પાત્ર હતી. આટલું સામાજિક ઋણ અદા કરી મૈની રજાઓ ગાળવા સપરિવાર ભાવનગરની ગાડી પકડી.

### ૩૯૬ યુરોપમાં વિશ્વયુદ્ધનો વિસ્તાર

અત્યાર સુધી જર્મની ઑસ્ટ્રિયા હંગેરી અને તેમના ટેકેદારોની લડાઈમાં ચડતી હતી. ઇંગ્લંડ ફ્રાંસ ઇટલી જાપાન હાર્યાં પણ નહોતા. બંને બાજુની ખુવારી ગજબનાક હતી. જર્મન સબમરીનો અને યુબોટોએ આટલાંટિકમાં નહિ કલ્પેલો એવો ત્રાસ ફેલાવ્યો હતો. અત્યાર સુધી અમેરિકા યુરોપના યુદ્ધમાં નહિ જોડાય એવી માન્યતા હતી, પણ અમેરિકાના કિનારા સુધી ભેદી હુમલા થયા ત્યારે ૧૯૧૭ના એપ્રિલમાં તે પણ યુદ્ધમાં જોડાયું. ઈંગ્લંડની મુત્સદ્દીગીરીનો એ પ્રભાવ હતો. ત્યાર પછીથી યુદ્ધનો રંગ બદલાયો.

અમેરિકાને જોકે તૈયારી કરતાં વાર થઈ પણ જુલાઈમાં તેનું લશ્કર યુરોપમાં ઉતાર્યું અને ૨૮મી મેને દિને જર્મનોની સામેની હરોળમાં દેખાયા. તે વખતે જર્મનોની સરસાઈ છે એવી જ છાપ પડી. અમેરિકા યુદ્ધમાં લડશે એની જર્મનોને શંકા હતી, પણ પછી ધીરેધીરે થાકવા માંડયા અને ચારે તરફના તેમના મોરચા હઠવા લાગ્યા.

### ૩૯૭ રશિયામાં ક્રાન્તિ

૧૯૧૬માં આયર્લૅન્ડમાં સીનફીન બળવો પતી ગયો હતો તે વખતે રશિયામાં ઝારના તંત્રનો જુલમ વધી પડયો હતો. રાસ્પુટિન નામના એક ધર્મગુરુની રાજકુટુંબ પર અમાપ સત્તા જામી હતી. ૧૯૧૬માં રશિયન ગ્રાન્ડ ડયુકે તેનું ખૂન કર્યું. મહાયુદ્ધમાં જર્મની સાથે સંધિ કરવા ઇચ્છતા ઝારને પદભ્રષ્ટ કરી 'ડુમા' કારભાર સ્થાપ્યો, ત્રણ સૈકાથી સ્થપાએલી ઝારગાદી લુપ્ત થઈ. દરમિયાન પ્રજા પર અસહ્ય જુલમો થવાથી એ પેઢીથી પ્રજામાં ક્રાંતિની આગ સળગી હતી. મજૂરો અને સૈનિકોનો પક્ષ રચાયો તેમાં પણ સોશિયાલિસ્ટ અને મધ્યમમાર્ગી મેનશેવિકો હતા. લેનિન ટ્રોટ્સ્કી રશિયન નેતા થયા. આંતરિક નબળાઈઓના કારણે તત્કાળ તેમને જર્મની સાથે સુલેહ કરવી પડી હતી અને યુક્રેન છોડવું પડયું હતું.

આ નવી રાજ્યઘટનામાં તેમનાથી ઘણી ભૂલો થવા પામતી. જૂના મુત્સદ્દીઓને પ્રજાસત્તાક રાજ્ય માટે કોઈ શુભેચ્છા નહોતી અને તેઓ વધારે ગૂંચવાડા ઊભા કરતા હતા. પણ રશિયન લોકસમૂહ મારફોડ



સ્ટાલિન] **લેનિન પછીના બે પ્રતિસ્પર્ધી** [ટ્રૉટ્સ્કી

[**સ્ટાલિન** એક જ્યૉર્જિયન મોચીનો પુત્ર. જન્મ ૧૮૭૯. ઈ. ૧૯૧૩માં 'પ્રાવદા'નો સંપાદક. ઉદ્દામ વિચારોને કારણે ધરપકડ અને સાઈબીરિયામાં હદપાર. 'ફેબ્રુઆરીની ચળવળ' પછી ત્યાંથી પાછા આવી એ લેનિનની ક્રાંતિમાં સામેલ થએલ. અને પાર્ટીની મધ્યસ્થ સમિતિ તથા પૉલિટબ્યુરોમાં સ્થાન પામ્યો. ૧૯૨૨માં પાર્ટીના જનરલ સેક્રેટરીમાં એની નિમણૂક થયા પછી દૂરંદેશી વાપરી એણે પોતાની ગુપ્ત મહત્ત્વાકાંક્ષાઓ પોષે એવા લોકોનું શક્તિશાળી મંત્રીમંડળ એકઠું કર્યું અને એના દ્વારા પ્રથમ પાર્ટીના ડાબેરી નેતાઓને અને પછી જમણા પક્ષના નેતાઓને પણ દૂર કરવા માંડ્યા. બધા ક્રાંતિકારી નેતાઓમાં યુરોપની ઓછામાં ઓછી અસર પામેલા સ્ટાલિનનું દૃષ્ટિબિંદુ વધુમાં વધુ રાષ્ટ્રીય હતું. એ સિદ્ધાંતવાદી નહિ, પણ પૂરો વ્યવહારુ રાજપુરુષ હતો. ૧૯૨૯માં એણે પોતાની પ્રથમ પંચવર્ષી યોજના આપી અને રશિયામાં ઝડપથી ઉદ્યોગો તથા સહકારી ખેતી સ્થાપવા પ્રવૃત્ત થયો. એની એકહથ્થુ સત્તાથી રશિયાનું અર્થતંત્ર પલટાઈ ગયું, પણ એ માટે લાખો જિંદગીની કિંમત ચૂકવવી પડી. પોતાની સામેના બધા જ વિરોધીોને દૂર કરવા એને માટે એ જરૂરી હતું. ત્રીસીની સાફસૂફી પછી એ રશિયાનો સરમુખત્યાર બની રહ્યો હતો. ૧૯૫૩માં એનું અવસાન થયું. એ પછીના રશિયન નેતાઓએ એની બળજબરીથી લાદેલી બધી જ પ્રતિષ્ઠા ને માનમરતબાને હટાવી દીધાં.

**ટ્રૉટ્સ્કી** એક યહૂદી ખેડૂતનો પુત્ર. ઈ. ૧૮૭૯માં જન્મ. ૧૮૯૭માં એ માર્ક્સવાદમાં ભળ્યો ને પરિણામે સાઇબીરિયામાં હદપાર થયો. ૧૯૦૨માં એ ત્યાંથી છટકીને વિદેશમાં નાસી ગયો. ૧૯૦૫ની ક્રાંતિમાં એણે સક્રિય ભાગ લીધો ને ટૂંકી મુદત ટકેલી સેંટ પીટર્સબર્ગ સોવિયેટમાં એ વાઈસ ચેરમૅન બનેલો. આ પછીની બીજી વારની કેદમાંથી જઈ એણે રીફ રશિયા છોડ્યું. ૧૯૧૭ની ક્રાંતિ સમયે એ પાછો ફર્યો અને બૉલ્શેવિક પાર્ટીમાં જોડાયો અને પેટ્રોગ્રેડ સોવિયેટનો ચેરમૅન બન્યો. મિલિટરી રેવોલ્યુશનરી કમિટીના ચેરમૅન તરીકે ૧૯૧૭ના નવેમ્બરમાં એણે સફળતાથી સત્તા હાથ કરી. નવી સોવિયેટ સરકારમાં એને વિદેશ ખાતું સોંપાયું. ૧૯૧૮થી ૧૯૨૫માં એણે ક્રૉન્સ્ટાડ્ટ લડતને પોતાની લાક્ષણિક સખતાઈથી દાબી દીધી અને આંતરવિગ્રહમાં લાલ સૈન્યનું નેતૃત્વ કર્યું. આ દરમિયાન એની અને સ્ટાલિન વચ્ચેની સત્તાની સંભવિત સાઠમારીની જે આશંકા લેનિનને આવી ગઈ હતી એ ૧૯૨૩માં લેનિનની અંતિમ માંદગી વખતે સ્પષ્ટ થઈ. સ્ટાલિન કરતાં ટ્રૉટ્સ્કી વધુ બુદ્ધિશાળી હતો અને ક્રાંતિની સૈદ્ધાંતિક સમજ એનામાં ઘણી ઊંડી હતી. લેનિન પોતે એને પોતાના અનુગામી તરીકે મૂકવાના મતનો હતો. ક્રાંતિ અને આંતરવિગ્રહ વખતે ટ્રૉટ્સ્કીએ જ આગળ પડતો ભાગ ભજવેલો. પણ સ્ટાલિને પાર્ટીની અંદર પોતાની જે સત્તા જમાવી હતી એના બળે ટ્રૉટ્સ્કીની રાજકીય કારકિર્દી તોડી પાડવા એણે બધા જ પ્રકારના પ્રયત્નો કર્યા. અને પરિણામે ઈ. ૧૯૨૭માં ટ્રૉટ્સ્કીને પાર્ટીમાંથી નીકળી જવું પડ્યું. ૧૯૨૯માં એ સોવિયેટ યુનિયન છોડી ચાલ્યો ગયો. વિદેશમાં હોવા છતાં યે એને પોતાની સરમુખત્યારીમાં કાંટા સમો ગણી સ્ટાલિને ૧૯૪૦માં છેક મૅક્સિકોમાં એનું ખૂન કરાવ્યું.

---

અને લડાઈથી તંગ આવી ગયો હતો. ઇંગ્લંડમાં મજૂરપક્ષ જોરમાં હતો છતાં કોઈ સહાય મળી નહિ. રશિયન લશ્કરોમાં બળવા થયા, કંઈકના જાન ગયા, છેવટે ૧૯૧૭ મેની ૭મીએ લેનિનની નેતાગીરી નીચે બોલશેવિકોએ સત્તા હાથ કરી અને યુરોપનાં અન્ય રાજ્યોની પરવા કર્યા વિના ઉપર મુજબ સુલેહ કરી લીધી.

આ બોલ્શેવિકો અગાઉના ભાષણબાજ કે બંધારણવાદી નેતાઓથી નિરાળા પ્રકારના ચુસ્ત માર્ક્સવાદીઓ હતા અને માનવ કે પૃથ્વી ઉપર નવી સમાજરચના કરવાની તક આ રાજસત્તા મળતાં પ્રાપ્ત થઈ એટલે પૂરી શ્રદ્ધાથી અગાઉના કોઈ પણ અનુભવ કે દૃષ્ટાંત વગર જ નવું અર્થશાસ્ત્ર અને સમાજરચના સ્થાપવાના કામમાં મચી પડ્યા. પશ્ચિમનાં તેમજ અમેરિકાનાં રાજ્યતંત્રો આ અપૂર્વ પ્રયોગથી અવળી માહિતી ધરાવતાં હોવાથી આ અસાધારણ પ્રયોગમાં માર્ગદર્શન કે સહાય આપી શક્યા નહિ અને અખબારક્ષેત્રે શાસકસત્તાઓને આ નવા તકડંચગીરોને કોઈ પણ રીતે તેમના કે રશિયાના ભોગે ખતમ કરવાનો જ ધંધો કર્યો, ઘણું હલકટ અને નીંદનીય અફવાઓનું પ્રચાર-કાર્ય નિરંકુશપણે ચાલ્યું. બોલશેવ લોકનાયકોને લોહીલૂંટના તરસ્યા અમાપ શક્તિવાળા ભયાનક અસુરો તરીકે વર્ણવ્યા અને તેમની પાશવી લીલાઓનું એવું તો વર્ણન કર્યું કે જેની આગળ ઝારના સમયના રાસ્પુટિનનાં કર્મો તો ઊજળાં દેવકાર્યો લાગે. આ હતાશ થએલા પ્રદેશ ઉપર ચડાઈઓ કરવાનું, લૂંટારાનાં ધાડાંને ઉત્તેજવાનું, તથા લડાઈનો સરંજામ, નાણાંની મદદ વગેરે બોલશેવિકોને ન જ મળે એવું કરવું તે જરાયે શરમભર્યું કે ધૃણાપાત્ર મનાતું નહિ. (ચાલુ)

## અથાણું

તિલકના અધ્યક્ષસ્થાન નીચે ભાષણ આપતાં એક ગૃહસ્થે પોતાના ભાષણમાં કહ્યું: 'તિલક ને આગરકર વચ્ચે અણબનાવ હતો એ વાત સાચી નથી. એ બંનેને એકબીજા પર ખૂબ પ્રેમ હતો. આગરકર મૃત્યુ પામ્યા ત્યારે તિલક ધ્રૂસકે ધ્રૂસકે રડ્યા હતા, ને તિલક મૃત્યુ પામ્યા ત્યારે આગરકર......'

ખેડૂતનો બાળક: મારા બાપુજીએ કૉળ મારવાની દવા મંગાવી છે.

દવાવાળો: કેટલી?

બાળક: એક કિલો.

દવાવાળો: દવા શું ખેતરે પહોંચાડવી છે?

બાળક: નહિતર શું મારા બાપુજી કૉળ લઈને અહીં આવવાના હતા?

'તું એક જોડણીકોશ જ કેમ નથી ખરીદી લેતો?' વારંવાર શબ્દની જોડણી પૂછી માથું ખાતા 'અ'ને 'બ'એ કહ્યું.

'જોડણીકોશને હું શું કરું?' 'અ'એ જવાબ આપ્યો: 'જેની જોડણી જ મને ખબર ન હોય એ શબ્દ હું એમાંથી કઈ રીતે શોધી શકું? અને જેની જોડણીની મને ખબર હોય એને માટે મારે કોશ શા કામનો?'

જજ: ગઈ વખતે મેં તને કહેલું કે હું ફરી વાર આ અદાલતમાં તને જોવા ઇચ્છતો નથી.

અપરાધી: મેં આપની એ ઇચ્છા પોલીસોને જણાવી હતી સાહેબ; પણ એ લોકો માન્યા જ નહિ.

મૂળ લેખક • પીટર હૉલ

# સાધુમહારાજનો દીપડો

અનુવાદક • યશવન્ત મહેતા

ગંગા ખાદર નામે ઓળખાતા ઘોર વનમાં વસેલા ગામ બસંતપુરમાં ઈ. ૧૯૩૭ના મેમાં એક સાધુએ ધૂણી ધખાવી અને એ દિવસથી જ ગામ મુસીબતોથી ઘેરાઈ ગયું. ગ્રામજનોનાં પશુ ચોરાવા લાગ્યાં; અને તપાસ કરતાં પાછળથી આ પશુઓનાં અડધાં ખવાયેલાં મડદાં વનમાંથી મળવા લાગ્યાં જેના પરના પંજાઓનાં નિશાન પરથી ગ્રામજનોને જણાયું કે પશુઓનો હત્યારો એક દીપડો છે.

સાધુના આગમન સાથે જ દીપડાનું આગમન થયું હોઈ, ગામના કેટલાક અંધશ્રદ્ધાળુ લોકોએ કહેવા માંડયું કે આ દીપડો બીજું કોઈ નહિ, સ્વયં સાધુમહારાજ છે. સાધુએ પણ એક દિવસ લોકોને કહેલું કે હું પશુઓનું રૂપ લઈ શકું છું. એક વાર ઘણા લોકો સાધુ પાસે ફરિયાદે ગયા ત્યારે એમણે કહ્યું કે હું તમને આ તકલીફમાંથી મુક્તિ અપાવી શકું તેમ છું, દીપડાને વશ કરી શકું તેમ છું

પરિણામે બિચારા અબુધ ગામડિયાને ખાતરી થઈ ગઈ કે સાધુમહારાજ પોતે જ રાતે દીપડાનું રૂપ લઈને નીકળે છે. આથી તેઓ સાધુમહારાજની ઘણી જ ખાતર-બરદાસ્ત કરવા લાગ્યા—મહારાજ તરફના આદરથી નહિ પણ એમના પશુ સ્વભાવથી બીક પામીને!

આમાંય, એક દિવસ તો ગજબ થઈ ગયો.

ગામનાં ઢોર લઈને ગંગાને કાંઠે ચરાવવા ગએલો ગોવાળ તે દિવસે સાંજે પાછો જ ન આવ્યો. મોડી રાતે ઢોર તો એક-એક બબ્બે કરીને પાછાં આવ્યાં; પણ ગોવાળ દેખાયો નહિ. બીજે દિવસે શોધખોળ કરતાં એની અડધી ખવાએલી લાશ જંગલમાંથી જડી આવી.

આ પછી તો લોકો ઘરમાંથી બહાર નીકળતાં પણ ગભરાવા લાગ્યા. સૂરજ આથમતાં જ ગામ આખા પર સોપો પડી જતો. લોકો ધડકતે હૈયે રાત વિતાવતા. ઘણુંખરું મોડી રાતે કોઈ જંગલી પશુના ઘૂરકાટનો અને પાળેલાં ઢોરના આક્રંદનો અવાજ સંભળાતો. એનો અર્થ સૌ સમજતા—દીપડો ઢોરો પર ત્રાટકવા આવી ચડયો છે.

હવે શું કરવું, એની જ લોકોને સૂઝ પડતી નહોતી. ગામના કેટલાક શાણા લોકોએ કહ્યું કે કોઈ શિકારીને બોલાવીને દીપડાનું સાલ ટાળીએ; પણ ઘણાખરા અંધશ્રદ્ધાળુ લોકોનું કહેવું એવું હતું કે એથી સાધુમહારાજ રૂપી દીપડાનો એટલે કે દીપડા રૂપી સાધુમહારાજનો ક્રોધ અત્યંત વધી જશે અને ગામની મુશ્કેલી ઘટવાને બદલે વધી જશે.

સંજોગવશાત્ એ દિવસોમાં જ પીટર હૉલ નામનો એક અમલદાર ગંગા ખાદરના પ્રગાઢ વિસ્તારમાં સૈનિકોને તાલીમ આપવા કૅમ્પ નાખીને પડયો હતો. એ પ્રસિદ્ધ શિકારી પણ હતો. આ ગામના રહેવાસીઓએ તો એને કશું નહિ કહેલું, પણ આ રહસ્યમય દીપડાની વાત એના કાન સુધી પહોંચી ગએલી. આવી વાતોને ફેલાતાં વાર નથી લાગતી. એક દિવસ એ સાધુમહારાજના દીપડાનો શિકાર કરવા સામે ચાલીને જાતે જ બસંતપુર જઈ ચડયો.

પણ બસંતપુર પહોંચતાં હૉલને નિરાશા સાંપડી. ગ્રામવાસીઓ દીપડાથી ત્રાસી ગયા હતા, સાધુમહારાજ પર ગુસ્સે થએલા હતા, છતાં પોતાની અંધશ્રદ્ધાને કારણે કશું કરવા માગતા નહોતા. એમને આશા હતી કે કદાચ સાધુમહારાજની પૂજા કરવાથી જ સંકટ ટળી જશે.

હૉલ ગામમાં જ રાત રહ્યો. એની સમજાવટથી કેટલાક માણસો સવારમાં હૉલની સાથે દીપડાને હાંકવા-ભગાડવાના કામમાં સાથ આપવા તૈયાર થયા. હૉલે બાજુના ગામથી પણ એક શિકારીને બોલાવી લીધો. બીજી સવારે હાંકવાના કામ માટે લગભગ દસ ગ્રામવાસીઓ ટીનનાં ડબલાં, લાકડીઓ વગેરે લઇને ગામ બહાર નીકળ્યા. બાજુના ગામનો પેલો શિકારી પણ પોતાના ઊંટ પર સવાર થઈને આવ્યો.

દીપડાને હાંકવાની કામગીરી શરૂ થઈ. બધા લોકો એકબીજાથી સમાંતર એક રેખા બાંધીને ડબલાં વગાડતાં અને જોરશોરથી હાકલા-પડકારા કરતા ઊંચા ઘાસમાં પેઠા. હૉલે પોતાની રાઈફલ પેલા શિકારીને આપી અને પોતે ઘોડા પર બેસીને હાંકેડુઓને હિંમત આપવા માટે આગળ ચાલ્યો.

હાંકેડુઓ માંડ એકાદ માઈલ ચાલ્યા હશે, ત્યાં હૉલે ડાબી બાજુના લોકોમાં દોડધામ થતી જોઈ. એ જ વખતે દીપડાની ગર્જના સંભળાઈ. પોતાની રાઈફલ હાથમાં નહોતી એનો હૉલને ઘણો અફસોસ થયો. એ ઊંચા ઘાસમાંથી પસાર થતો અને ખાડાટેકરા કૂદતો જલદીથી પેલા ઊંટ તરફ રાઇફલ લેવા પગપાળો દોડયો.

પણ હજુ એણે માંડ અડધો રસ્તોય કાપ્યો નહોતો ત્યાં દીપડો એનાથી માત્ર છ-સાત વાર છેટે એક બાજુથી નીકળીને બીજી બાજુની ઝાડીમાં પેસતો દેખાયો. એ ગભરાઇને અટકી ગયો. ઉતાવળમાં ને ગભરાટમાં એનો એક પગ ખાડામાં પડયો અને એ મોંભેર પટકાઈ પડયો. દીપડો ગર્જ્યો અને એના તરફ જ કૂદ્યો. હૉલ પણ ઊઠીને બાજુના એક ટેકરા પર ચડી ગયો. દીપડો ઝડપથી દોડીને એની સામેથી પસાર થઈ ગયો. એ જ વખતે હાડ ગાળી નાખે એવી એક ચીસથી સમસ્ત વાતાવરણ ભરાઈ ગયું.

રાઈફલ મેળવીને પીટર હૉલ એ દિશામાં દોડયો. દીપડો ભાગી છૂટયો હતો અને એક હાંકેડુ લોહી નીતરતો બેભાન પડયો હતો. થએલું એવું કે દીપડો ભાગ્યો ત્યારે આ હાંકેડુ ભાગી ન શકયો. ગભરાઈને દીપડાની સામે જ ઊભો રહી ગયો. દીપડો એના મોં પર પંજો મારીને જતો રહ્યો. કદાચ એ ફરીથી હુમલો કરત; પણ ત્યારે જ અહીં-તહીં છુપાએલા હાંકેડુઓએ ડબલાં વગાડવાં શરૂ કરી દીધાં.

પીટર હૉલ રાઈફલ લઇને એ બાજુ આગળ વધ્યો ત્યાં જ એણે જોયું કે જ્યાં દીપડો ગયો હતો ત્યાંથી જ નીકળીને એક સાધુમહારાજ સામા આવી રહ્યા છે. પીટર હૉલે સાધુને કદી જોએલા નહિ, છતાં એ સમજી ગયો કે આ જ બસંતપુરના સાધુમહારાજ છે. એમણે માત્ર લંગોટી પહેરેલી હતી. આખા શરીરે ને વાળમાં રાખ ચોળેલી હતી. હાથમાં એક દંડ હતો. હૉલને ગુસ્સો એ વાતનો આવી ગયો કે સાધુમહારાજને આ દીપડાને હાંકવાના પ્રસંગના સમાચાર કોણે કહ્યા હશે કે એ અહીં આવી લાગ્યા? પરંતુ અત્યારે એણે એના તરફ બહુ ધ્યાન ન આપ્યું. એ દીપડાનો પીછો કરવા માગતો હતો. ચડતાં-ચડતાં એણે ફરી એક વાર નજર ફેરવી—એના આશ્ચર્યનો પાર ના રહ્યો: સાધુ મહારાજ ત્યાં નહોતા, અદ્રશ્ય થઈ ગયા હતા!

થોડે દૂર જઈને પીટર હૉલ પાછો આવ્યો. દીપડાનો ક્યાંય પત્તો ન લાગ્યો. સાધુમહારાજ હૉલની સામે આવ્યા એટલી વારમાં તો એ કયાંનો કયાં નીકળી ગયો હતો. આ ચમત્કારની હાંકેડુઓ પર શી અસર થશે, એ હૉલ સારી રીતે સમજતો હતો. તેઓને તો ચોક્કસ લાગી ગયું હશે કે દીપડો અને સાધુમહારાજ બંને એક જ છે.

પીટર હૉલે પેલા શિકારીને કહ્યું કે તેને દીપડાના ઉપદ્રવના સમાચાર મળે તો તરત જ મને ખબર મોકલીને બોલાવી લેજે. પણ ગ્રામવાસીઓએ એ ચોખ્ખું ને ચટ સંભળાવી દીધું કે હવે અમે દીપડાને હાંકવાના કોઈ કામમાં સામેલ નહિ થઈએ. દીપડાને મારવાની કોશિશ કરીને વધુ મુસીબત વહોરી લેવાની અમારી તૈયારી નથી. પીટર હૉલની સમજાવટની કશી અસર ન થઈ—થયું માત્ર એટલું કે હૉલની મરજી હોય તો ગામમાં રહેવાની છૂટ મળી; પણ ગામ એના કોઈ કામમાં મદદ કરવા તૈયાર ન થયું.

હૉલ ત્યાં જ રોકાઈ ગયો. એને ખાતરી હતી કે બહુ થોડા વખતમાં દીપડાના કોઈ ને કોઈ કારસ્તાનના સમાચાર મળશે જ. એક વાર એ મનુષ્યનું માંસ ચાખી ચૂક્યો હતો; એટલે બીજા કોઈ પર હુમલો કરી બેસે તો નવાઈ નહિ.

અને હકીકતમાં એને બહુ રાહ જોવી ન પડી; બીજા જ દિવસે સવારમાં પાસેના ગામવાળા પેલા શિકારીએ સમાચાર મોકલ્યા કે દીપડાએ એક માણસને મારી નાખ્યો છે. પીટર હૉલ જમવાનું પતાવીને ચાલી નીકળ્યો અને નિશ્ચિત સ્થળે શિકારીને મળ્યો. એ પછી તેઓ બંને ઊંચાઊંચા ઘાસની વચ્ચે ચાલતા બે ટેકરીઓની વચ્ચે એક સાંકડી જગ્યામાં પહોંચ્યા, જ્યાં એક ઝાડીની નીચે એક આદમીની અડધી ખવાએલી લાશ દબાએલી પડી હતી. એ કોઈ પરદેશી જણાતો હતો, બાકી એ દિવસોમાં આ વિસ્તારનો તો કોઈ માણસ દિવસના વખતે પણ એકલો નીકળવાની હિંમત કરતો નહિ.

દીપડો નરભક્ષી બની ગયો હતો, એ તો હવે નિઃસંદેહ વાત બની ચૂકી હતી. પીટર હૉલે નિર્ણય કર્યો કે હું આ દીપડાને જરૂર મારીશ. ભલે દીપડારૂપી સાધુ હોય કે સાધારણ પશુ હોય. આ નરભક્ષી જીવનો ત્રાસ લાંબો વખત ચલાવી ન લેવાય.

સાંજના ચાર વાગ્યા હતા. તડકો કાંઈક મોળો પડવા લાગ્યો હતો. દીપડા સામાન્ય રીતે થોડોક દિવસ બાકી હોય ત્યારે પોતાના શિકાર પાસે પાછા ફરે છે. એટલે હૉલે વિચાર્યું કે અહીં જ રોકાઈ જાઉં અને નસીબ અજમાવું. એ સાવધ બનીને એક ઘેરી ઝાડીની પાછળ છુપાઇને બેસી ગયો. લગભગ એક કલાક રાહ જોવી પડી. અચાનક જ દીપડાની આછી ઝલક દેખાઈ. એ ધીરેધીરે ચાલતો પીટર હૉલની જમણી બાજુથી ઢાળવાળી જમીન પર થઇને પેલી સાંકડી કોતર જેવી જગામાં પેસી રહ્યો હતો ત્યારે જ વચમાં ટેકરીના એક વળાંકની પાછળ એ અદૃશ્ય થઈ ગયો. પીટર હૉલે પોતાની રાઇફલ બરાબર પકડી અને જ્યાંથી દીપડો વળાંકની પાછળથી નીકળવાનો સંભવ હતો એ જગાનું નિશાનું તાકવા લાગ્યો. પણ વળાંકની પાછળથી તો દીપડાને બદલે નીકળ્યા પેલા બદનામ સાધુ મહારાજ અને એ જોઈ હૉલ એવો ચોંકી ગયો કે રાઈફલ એના હાથમાંથી છૂટી પડી. દંડો હાથમાં લઇને સાધુ મહારાજ મસ્તાની ચાલે ચાલતા હૉલની સામેથી જ પસાર થવા લાગ્યા. હૉલ ગુસ્સે થઇને ઝાડીની પાછળથી બહાર નીકળ્યો. એણે બૂમ પાડીને સાધુને થોભવાનો હુકમ કર્યો.

પણ મહારાજ અટક્યા નહિ. હૉલ સામે જોતા, હસતા, સ્મિત કરતા ચાલ્યા ગયા અને થોડી જ વારમાં ઘનઘોર ઝાડીએ તેમને પોતાની અંદર સમાવી લીધા. હૉલને આશ્ચર્ય એ વાતનું થતું હતું કે પોતાના આ આગમનની વાત સાધુને કોણે કરી હશે? એ સાંકડી નાળમાં ધીરેધીરે ચાલતો આગળ વધ્યો. દીપડાને પોતે જ્યાં અદૃશ્ય થતો ભાળ્યો હતો ત્યાંની નરમ માટી પર દીપડાના પંજાનાં નિશાન પારખવામાં એને કશી મુશ્કેલી ન પડી. પણ વચમાં કઠણ જમીન આવી ગઈ, અને એ પછી નરમ માટીવાળી જમીન આવી; પરંતુ અહીં દીપડાનાં નહિ પણ માનવીના પગનાં નિશાન હતાં. હૉલ કશું સમજી ન શક્યો અને નિરાશ મને ગામ તરફ પાછો વળી ગયો.

આ પછી એ ત્રણ દિવસ એ ગામમાં રહ્યો; પણ દીપડા વિષે કશા સમાચાર એને ન સાંપડ્યા. આથી એ પોતાના કૅમ્પમાં પાછો જતો રહ્યો અને ચોમાસા અગાઉની અંતિમ સૈનિક તાલીમ માટેની તૈયારીઓ કરવામાં પડી ગયો. અચાનક જૂન મહિનાની ઘામ ને તાપભરી બપોરે એક માણસે એને સમાચાર આપ્યા કે દીપડો વળી પાછો બસંતપુરની પાસેના જંગલમાં દેખાયો હતો. એણે એક માણસ પર હુમલો કર્યો હતો. માણસ જોકે મર્યો નહોતો, માત્ર ઘાયલ થયો હતો. પણ સાથે રસપ્રદ સમાચાર એ મળ્યા કે પેલા સાધુ મહારાજ ઘણા દિવસથી દેખાયા નથી. પીટર હૉલે ફરી એક વાર પ્રયત્ન કરી જોવાનો નિશ્ચય કર્યો. એણે પેલા માણસને થોડા રૂપિયા આપ્યા અને કહ્યું કે એક બકરી ખરીદીને એને જંગલમાં યોગ્ય જગાએ બાંધી બાજુના એક ઝાડ પર માંચડો બાંધીને મને ખબર આપો.

આ પછી હૉલ થોડો સામાન નદીને સામે પાર મોકલવાની વ્યવસ્થા માટે નદીકાંઠે જતો રહ્યો. બે કલાક પછી પાછો વળ્યો ત્યારે પેલો માણસ થોડાક માણસોની સાથે એના કૅમ્પ પાસે ધ્રૂજતો ઊભો છે. એની સાથે એક બકરી પણ હતી. હૉલે પૂછ્યું કે ભાઈ, બકરી લઇને અહીં શા સારુ આવ્યો? ત્યારે પેલો કહે કે, 'આપના કહ્યા પ્રમાણે જંગલમાં અમે માંચડો બાંધવાનો પ્રયાસ તો કર્યો. પણ એ વખતે દીપડાએ એટલી બધી ધમાચકડી અને ચીસાચીસ મચાવી કે ત્યાં વધુ રોકાવાની અમારી હિંમત ન ચાલી.

આ સાંભળીને હૉલ પણ ઘડીભર નાહિંમત થઈ ગયો; પણ પછી જાત પર કાબૂ મેળવીને બોલ્યો, 'હશે ચાલો, કશો વાંધો નહિ. તમે સૌ મારી સાથે જંગલમાં ચાલો. જંગલમાં કોઈ સારી જગ્યા મળતાં હું ત્યાં રોકાઈ જઈશ અને તમને જવા દઈશ.'

ગ્રામવાસીઓ દીપડાથી ખૂબ ગભરાતા હતા; એથી પીટર હૉલની આ વાત એમણે માની તો ખરી, પણ કચવાતે મને. બધા એકની પાછળ એક, એમ ચાલતા એ ગીચ વનમાં ઘૂસી ગયા. દીપડાએ જ્યાં માણસ પર હલ્લો કરીને એને ઘાયલ કર્યો હતો તે બાજુ બધા ચાલ્યા. અંદર જંગલ ઘણું ગાઢ હતું. લગભગ ૨૦૦ વાર અંદર જતાં જંગલની વચ્ચે એક જરા ખુલ્લી જગ્યા દેખાઈ. અહીં બધા ઊભા રહ્યા. આસપાસ માંચડો બાંધવા લાયક ઝાડ તો નહોતું. પણ દિવસ નમવા લાગ્યો હોઈ હૉલને હવે વધુ અંદર જવું યોગ્ય ન લાગ્યું. એના કહેવાથી એક જણે વચ્ચોવચ્ચ એક ખીલો ખોડીને એની સાથે બકરી બાંધી દીધી. પછી જોરજોરથી વાતો કરતા સૌ ગ્રામવાસીઓ ચાલ્યા ગયા. હૉલ એકલો રહી ગયો. કોણ જાણે કેમ, પણ એને અહીં એકલા પડવું સારું ન લાગ્યું. એક વાર તો એને દોડીને પેલા પાછા વળતા ગ્રામવાસીઓની સાથે જતા રહેવાનું મન થઈ આવ્યું. પણ વળી પોતાની જાત પર કાબૂ મેળવીને એ ત્યાં જ રોકાઈ ગયો.

દીપડો બકરીની હયાતી જાણતાં જ કોઈ પણ સ્થળેથી સામે આવી શકે તેમ હતો. પણ હૉલને એવો અંદેશ હતો કે દીપડો આસપાસમાં જ ક્યાંક હશે. આથી પહેલાં તો એ ગ્રામવાસીઓની પાછળ જશે અને પછી બકરીનો કળેળાટ સાંભળીને આ લોકો જે રસ્તે આવેલા તે જ રસ્તે થઈને પાછો આવશે. સાધુ મહારાજનો વિચાર રહીરહીને એના મનમાં ઉદ્વેગ પેદા કરી જતો હતો. એણે પોતે છુપાવા માટે કોઈ યોગ્ય સુરક્ષિત જગા શોધવા માંડી. એક બાજુ એક નીચી કાંટાળી ગીચ ઝાડી હતી, જેની પાછળ એક ઝાડનું પહોળું થડ હતું. આ જગ્યા એને ભરાઈ રહેવા યોગ્ય લાગી.

હૉલ એ ઝાડીની પાછળ પેલા થડને ટેકે બેસી ગયો. પણ ત્યારે જ એને અચાનક ખયાલ આવ્યો કે પોતે એક ભૂલ કરી બેઠો છે. પોતે બકરીની સામેથી પસાર થઈને ઝાડી પાસે ગયો હતો. એને જોઈ ભયભીત બકરીએ કળેળાટ બંધ કરી દીધો. કદાચ એને લાગ્યું હશે કે મારો રક્ષક હાજર છે. આથી એણે ઘૂંટણિયાભેર બેસીને ઘાસમાં મોઢું મારવા માંડયું અને થોડી વારમાં તો એ સૂઈ પણ ગઈ

હૉલને પોતાની જાત પર ગુસ્સો ચડી ગયો. હવે દીપડો અહીં કેવી રીતે આવે? જો બકરી કકળતી રહે તો એ આવી જાત, પણ હવે? ખેર. એણે એક કલાક રાહ જોવાનો નિશ્ચય કર્યો. જોકે એને લાગતું હતું કે પોતાની પ્રતીક્ષા નકામી જવાની છે. ત્યાં જ પવન ફૂંકાયો, પાંદડાં હાલી ઊઠયાં અને હૉલને સડેલા માંસની ગંધ આવી. એ ચોંકી ગયો. આ ગંધનો અર્થ એ કે પાસે જ કોઈ મરેલું પશુ પડયું છે—પણ કયાં?

એણે આમતેમ નજર ફેરવી. પોતે જ્યાં બેઠેલો ત્યાંથી થોડેક છેટે જ પાંદડાંના ઢગલા નીચે કોઈ મરેલા જાનવરના અવશેષ દબાએલા પડેલા દેખાયા. એ મનમાં ને મનમાં ખુશ થઈ ગયો. પોતે અચાનક અકસ્માત જ એવી જગ્યાએ આવીને બેસી ગયો હતો જ્યાં દીપડાએ પોતાનો અડધો ખાધેલો શિકાર દબાવી રાખ્યો હતો. હવે એને ખાતરી થઈ કે બકરી કકળે કે ચૂપ રહે તો ય દીપડો ચોક્કસ પાછો આવશે.

ત્યાં જ પાંદડાં ખખડયાં. હૉલ પોતાને સ્થાને સંકોડાઇને બેસી ગયો. ઝાડી હલી અને દીપડો બહાર નીકળ્યો. પીટરને એની જ્યાંથી આવવાની આશા હતી ત્યાંથી જ એ આવી ચડયો હતો. આવીને એ ઊભો રહી ગયો અને હૉલ છુપાયો હતો એ ઝાડી તરફ ઘૂરકવા લાગ્યો. ક્ષણો વીતતી રહી. દીપડો ત્યાં જ ઊભો રહી એકીટશે ઝાડી તરફ તકતો રહ્યો અને હૉલ હાલ્યાચાલ્યા વિના બેસી રહ્યો. દીપડો એટલો નજીક હતો કે નિશાન ચૂકી જવાનો સંભવ જ નહોતો પણ હૉલ હિલચાલ કરતાં ડરતો હતો; કારણ કે જરાક અવાજ થતાં જ દીપડો એકી છલંગે એના પર તૂટી પડે તેમ હતો. વળી એને એ પણ ખબર નહોતી કે દીપડાએ પોતાને જોયો છે કે અમસ્તો જ શંકાશીલ દેખાય છે. આખરે એણે નક્કી કર્યું કે ગમે તેમ હોય; હવે દસ સુધી ગણીને ગોળી મારી દઉં; કારણ કે આમ દીપડાની આગ જેવી આંખો સામે તાકીને લાંબી વાર બેસવાની ય બીક લાગવા માંડી હતી. પણ જ્યાં એણે નિશાન તાકયું ત્યાં જ દીપડો ઝડપથી વળીને ઝાડીમાં અલોપ થઈ ગયો.

દીપડાને જોતાંની સાથે જ ગોળી નહિ મારી દેવાની પોતાની મૂર્ખાઈ પર હૉલને ખૂબ રંજ થયો. હવે દીપડો તો અદશ્ય થઈ ગયો હતો; એટલે એ કયારે અને કયાંથી કૂદી પડશે, એની કશી ખાતરી નહોતી. સૂરજ ઘણો નમી ગયો હતો. ઝાડના પડછાયા લાંબા થવા લાગ્યા હતા. સાંજ ઘેરાઈ રહી હતી. જંગલમાં અંધારું છવાવાની તૈયારી હતી. પણ અહીં બેસીને રાહ જોવા સિવાય કશો ઉપાય જ નહોતો. ત્યાં જ હૉલને ફરીથી બકરી તરફ આગળ વધતો દીપડો દેખાયો. હવે મોકો ચૂકી જવાનો સવાલ જ નહોતો. જોકે પ્રકાશ ઘણો ઓછો થઈ ગયો હતો; છતાં હૉલે દીપડાના ખભાનું નિશાન લીધું અને ઘોડો દબાવી દીધો. ગોળી વાગતાં જ દીપડો ગુલાંટિયું ખાઈ ગયો. પછી તરત જ સ્વસ્થ થઇને ઊછળીને બાજુની ઝાડીમાં પેસી ગયો. થોડી વારમાં હૉલને કણસવા અને ઘૂરકવાનો મિશ્રિત અવાજ સંભળાયો. એ સમજી ગયો કે દીપડો જરૂર ઘાયલ થયો છે અને આ અંધારામાં અને આ ઘનઘોર વનમાં ઘાયલ નરભક્ષી દીપડાનો વિચાર કરતાં જ એ ઘડીભર ધ્રૂજી ઊઠયો.

આ જંગલમાંથી અને આ ઘાયલ દીપડાથી બને તેટલી ઉતાવળે બને તેટલે દૂર નીકળી જવામાં જ એને પોતાનું હિત લાગ્યું; કારણ કે હવે શિકાર કરવાનો નહિ પણ શિકાર બની જવાનો વારો આવ્યો હતો. એ જલદીજલદી પાછો ભાગ્યો. એણે આવતી વખતે રસ્તો બરાબર યાદ રાખી લીધો હતો. છતાં થોડી વાર અહીંતહીં આથડયા પછી એને સમજાઈ ગયું કે પોતે રસ્તો ભૂલી ગયો છે.

ભૂંડી દશા થઈ ગઈ હતી. હવે તો હકીકતમાં ઘાયલ દીપડો ધારે તો એને શોધી શકે તેમ હતો; ખૂબ સહેલાઈથી એના પર હુમલો કરી શકે તેમ હતો. જ્યારે પોતે આંધળાની જેમ જંગલમાં આમતેમ આથડતો હતો. અચાનક એને થોડાક માણસોના બોલવાનો અવાજ સંભળાયો. એ રાજી થઇને એ બાજુ આગળ વધ્યો. હવે રસ્તો જડી જશે, એવી એને આશા બંધાઈ. વધુ નજીક જતાં એને લોકોની વાતચીત પરથી સમજાયું કે સાધુ મહારાજ વનમાં પેસવા માગતા હતા અને ગ્રામજનો એમને રોકતા હતા. હૉલ વધુ નજીક ગયો. એને પોતાની તરફ આવતો કોઇનો પગરવ સંભળાયો. ચાંદો ઊગી ચૂકયો હતો, એટલે હવે કાંઈકકાંઈક સ્પષ્ટ દેખાવા લાગ્યું હતું. ઝડપી ચાલે એ એક વળાંક પર આવ્યો અને અચાનક જ અટકી ગયો. એનો હાથ રાઈફલ પર સખત રીતે ભીડાઈ ગયો. સામે લગભગ ૨૦ વાર દૂર એક પગદંડી પર દીપડો એનો રસ્તો રોકીને ઊભો હતો. દીપડો જ હતો. એને ઓળખવામાં કશી ભૂલ થાય તેમ નહોતું. હૉલે ફરીથી નિશાન તાકયું. પણ ત્યાં જ એને જણાયું કે દીપડો અદશ્ય થઈ ગયો છે અને એ જ સ્થાને પેલા સાધુ મહારાજ હાથમાં દંડો લઇને પોતાની તરફ જ આવી રહ્યા છે!

'પેલો દીપડો…' હૉલના રુંધાએલા ગળામાંથી માત્ર આટલો જ અવાજ નીકળી શકયો.

'સાહેબને કશોક ભ્રમ થયો લાગે છે. અહીં દીપડો ફીપડો કશું નહોતું.' સાધુએ જવાબ દીધો.

'ના. એ અહીં જ હતો. મેં એને મારી સગી આંખે જોયો છે.' હૉલે દઢ સ્વરે કહ્યું, અને એણે રાઈફલની નાળ સાધુ મહારાજની સામે તાકી.

પણ એને લાગ્યું કે કદાચ સાધુ મહારાજ સાચું કહેતા હશે. કદાચ પોતાને દીપડાનો ભ્રમ જ થયો હશે. છેલ્લા ચારપાંચ કલાકથી પોતાનું મસ્તક દીપડાના વિચારોમાં જ ગૂંથાએલું હતું.

સાધુ મહારાજ એકીટશે હૉલ સામે તાકતા રહ્યા. પછી ધીમે અવાજે બોલ્યા, 'ચાલો, મારી સાથે ચાલો. હું તમને દીપડા પાસે લઈ જાઉં.'

પીટર હૉલ થોડી ઘડી તો અચકાયો. પણ પછી સાધુની પાછળ પાછળ ચાલી નીકળ્યો. એને લાગ્યું કે કદાચ સાધુ મહારાજે દીપડાનો મૃતદેહ જોઈ લીધો હશે. પણ સાધુ મહારાજ તો પગદંડી મૂકીને ગાઢ ઝાડીમાં પેઠા. હૉલ પણ પાછળ ચાલ્યો. ઠીકઠીક દૂર ગયા પછી હૉલને લાગ્યું કે કયાંક કશીક ગરબડ છે. એણે ગણતરી કરી કે પોતાને મળતાં પહેલાં સાધુ મહારાજે દીપડાને જોયો હોય તે અશકય છે. ગ્રામજનો સાથેની સાધુની ખેંચતાણ અને હૉલ સામે એમનું આગમન, એ બે વચ્ચે લાંબો સમય તો વીત્યો નહોતો. એ સમય દરમિયાન કાપી શકાય એથી તો ઘણું લાંબું અંતર બંનેએ કાપી નાખ્યું હતું

'ઊભા રહો'! હૉલે ચીસ પાડી. પણ સાધુમહારાજ તો સાવ બેધ્યાનપણે, અટકયા વિના જ ચાલતા રહ્યા હૉલે રાઇફલના ઘોડા પર જ આંગળી રાખીને દોટ મૂકી એને લાગ્યું કે સાધુને પળ માટે પણ આંખો સામેથી અળગા થવા દેવામાં જાનનું જોખમ છે. મૂઢ જેવો બનીને એ સાધુ પાછળ એક જ વિચાર કરતો દોડતો હતો કે સાધુએ દીપડાનું સ્વરૂપ હમણાં ધારણ કર્યું…ધારણ કર્યું…ધારણ કર્યું…

અચાનક જ સાધુમહારાજની પાછળપાછળ એ વનની વચ્ચે એક ખુલ્લી જગામાં આવી ચડયો. અહીં એક (અનુ. પૃ. ૪૮૮)

ચન્દ્રવદન મહેતાની અંતરઅટરી-૧૨

# આંટીઘૂંટીમાં છાયા-પડછાયા

દયાનં, મનન, ચિંતન, દ્વારા જ્ઞાન સંપાદન કરવાનો માર્ગ હવે ભુલાવા ભુલાવા માંડયો છે. પછી રહ્યા અનુભવના, અવલોકનના ને વાચનના માર્ગ. જ્ઞાન પ્રાપ્ત કરવાનાં આ સાધનો. એમાં અનુભવ અને અવલોકન કેટલીકવાર સંયોગી થઈ રહે છે. સાંજનાં પીણાંથી માંડી રાતના જમણ બાદ લગભગ છ કલાકના, ડ્રૉઇંગ રૂમમાં અને ત્યાંથી ડાઇનિંગ રૂમમાં ચાલેલા સત્ર દરમ્યાન, બ્રેડા અને હું મોટે ભાગે આગલી હરોળમાં બેઠેલાં પ્રેક્ષકો જેવાં હતાં. 'ટ્રૉપિક'ના નામથી શરૂ થતી એક નવલકથા લખી સાહિત્યની સૃષ્ટિમાં ખળભળાટ મચાવનાર હેન્રી મિલર, એની વહુ જૂન; એ બિનાં પરિણીત જીવનમાં હેન્રીની નિકટની મિત્ર અને રાહબર પ્રેરણામૂર્તિ તરીકે જીવનાર, અને જૂનની જીગરજાન દોસ્ત થઈ બે વચ્ચે કોઈ પણ પ્રકારનું છાનું નહિ એવા સખીભાવે વિહરનાર નિનબાઈ એ ત્રણ મુખ્ય પાત્રો, એમાં ચોથો, ફ્રાન્સની દ્રાક્ષના આસવોનો જાણકાર અને એનો રસજ્ઞ, ગુણજ્ઞ અને મર્મજ્ઞ પેટમાં હળવેથી નીતારેલા આસવનો આથો ઉભે મમળે ત્યારે વખત અનુસાર ખોલે, અને એ ત્રણેના સંસારમાં સરસ્યો રહે તથા મન પોતાની પાસે રાખે એવો તટસ્થ ફ્રેલિક. એ ચ રે જણાંની વાતની ધમાચકડીમાં અમે ઘણું જાણ્યું, નાણ્યું અને માણ્યું. અનુભવ જ્યારે શીખવવા બેસે છે ત્યારે કદીક તો પોતે મન મૂકીને શીખવે છે, એવો આ પ્રસંગ હતો. બીજી બેપાંચ વ્યક્તિઓ વધારે હોત તો ટોળી થઈ જાત અને આ લાંબી ઘડીનો ઘાણ બગાડત.

નિનનું માનવું છે કે હેન્રીને હંમેશાં સ્વયંજીવનનો જ નશો ચડેલો હોય છે. એવો નસીબદાર છે કે પોતાના તરંગો સરજી એને આથો ચડાવી એના કેફમાં જ એ ચકચૂર રહે છે. 'નિન! નિન! ગઈ કાલે મેં આખો દિવસ એકની એક ફિલ્મ જોઈ–ત્રણ વાર જોઈ. પછી મારી એ જ ખુરશી પર પડયાપડયા એક ઠીક ઊંઘ કાઢી. લોકો ઊઠીને ચાલ્યા ગયા, તો પણ હું ઊંઘતો પડયો રહ્યો. એમાંની નટી મને મારી વહુ જૂન જેવી જ લાગી, એથી મને રસ પડયો. ઉપરાંત ફિલ્મો પણ ઘણીવાર અફીણના ઘૂંટ જેવી માદક નીવડે છે.'

'એવું તે નટીમાં શું હતું?' નિન પૂછે છે.

'નિન! આવો સવાલ પૂછવો નકામો છે, એ સાચું કહે એવું તને લાગે છે?' જૂને વાંધો લીધો.

'પરદા પરની વાતમાં જે નાયિકા આવતી, તે ભારોભાર હાડોહાડ જૂઠી. ધરાધર જૂઠું જ બોલે, પારાવારનું જૂઠું. ઢંગ નહિ, ધડો નહિ એવું એટલું જૂઠું, અને આખરે જૂઠું સાચું કરી બતાવ્યું. એને થવું હતું પરદાની નટીનાયિકા. એના જીવતરની આ મૂળભૂત નેમ. એટલે એણે વાત ચલાવ્યે રાખી કે ફિલ્મી દુનિયાના સારામાં સારા નટોમાં જે નટશ્રેષ્ઠ એની સાથે એ કયાંકયાં ફરી, કયાંકયાં જમી, કયાંકયાં જુગાર રમી, કયાંકયાં હવાફેર કરવા ગઈ, એ બધી ગોઠ એવી રીતે ઘુમાવતી રહી, કે ટૂંકમાં પેલા નટશ્રેષ્ઠ એને પડકારવા સામા આવ્યા. પણ નાયિકા ગાંજી જાય એવી નહોતી. એણે તરત જ કહ્યું કે, "હા, હું જૂઠું જ બોલતી હતી. આપને વળી હું મળી છું જ કયાં? આજે જ મળી. પણ સાંભળો, પેલી નાયિકા કહે છે, સાંભળો, આપણે આ સોફા ઉપર આમ બેઠાં હતાં, આમ વાતો કરી, ટકરાયાં, છૂટાં થયાં, ફરી મળ્યાં, ફરી આ ખંડમાં હું પણે બેઠી હતી, ત્યાં આપ આવ્યા, મને પકડી, બાઝયા ફરી વાર પ્રેમસંવનનો યોજાયાં, ઓહ!"

આમ જરા લાંબું ચાલ્યું એટલે આપણા નટશ્રેષ્ઠે એનો હાથ પકડયો, મરોડ્યો, ક્રોધ દાખવ્યો; અને હસ્કેરાઇને બોલ્યા, "જૂઠું સદંતર જૂઠું, ધડ-પાયા વિનાનું જૂઠું! તું સમજે છે શું તારા મનમાં?"

"એટલું જ કે મારા જીવતરમાં આટલી જ એક મહેચ્છા, વાંછના હતી કે તમને મળું, તમે મારો હાથ પકડો, પછી ભલે ધાંટા પાડો, ખીજાઓ, પણ હું તમને ઝંખીઝંખી અનેક પ્રેમપ્રસંગો મનમાં ને મનમાં ગોઠવતી. મને એમાં મજા પડતી, સંતોષ થતો, આનંદ આવતો, આજે તમે મારી પાસે આવ્યા, હાશ!"

નટશ્રેષ્ઠ ઓગળી ગયા. એવી નજાકતથી, સલૂકાઇથી, અદાથી અને સહૃદયતાથી નટીએ પોતાના કાલ્પનિક પ્રેમપ્રસંગો વર્ણવ્યા કે નટશ્રેષ્ઠ ત્યાં ને ત્યાં ગળગળા થઈ ગયા, પાણીપોચા થઈ ગયા, અને જે જે કલ્પનાના પ્રસંગો હતા તે ત્યાં એક પછી એક તાદશ થવા માંડયા. આખરે બે એવાં જામ્યાં કે બીજી ઊતરવાની ફિલ્મમાં નટશ્રેષ્ઠે આ નટીની જ નાયિકા માટે માગણી કરી. નટી હોશિયાર, એણે કહ્યું કે આ બધી જૂઠાણાની વાતો એને મન તો મૂળમાં ખરી પડશે એવી આગાહીઓ જ લાગતી હતી!'

'પણ એમાં એ નટીની અને જૂનની સરખામણી કયાં આવી?' અમારામાંથી કોઈકે પૂછ્યું, તો હેન્રી મિલર કહે:

'કેમ! જૂન મને ઘણી વાર એવી જ રીતે ગૂંચવી દે છે. મારે અમેરિકા જવું હતું ત્યારે એણે ન્યૂ યૉર્કમાં બેઠા મારી ટિકિટના પૈસા કમાઈ લીધા. હું એને આજ દિન સુધી પૂછયા કરું છું–જૂન! તું એ પૈસા કયાંથી લાવી? શી રીતે કમાણી કરી, તો જ્યારેજ્યારે પૂછું ત્યારે દર વખત નવો જ કિસ્સો એ સમજાવે. વળી, વાતો કરે તે સાદી સૂતરી તો હોય જ નહિ. યુ સી, પેલો રિચર્ડ ખરો ને, એનો કાકાનો છોકરો જોઆકીન, તેનો એક સ્ટૉર, એમાં રિચર્ડની નેલી બજાર લાવવાથી તે સ્ટૉર સજાવવાનું આખું કામ માથે લઈને ફરે, અને ગમે તે શહેર જાય, ત્યાં એના એકબે ઓળખીતા, એમાં એનો એક બૉયફ્રેન્ડ, તે મોટર લે-વેચ કરવાનો ધંધો કરે. તે એક વાર ન્યૂ યૉર્ક આવ્યો. નેલી અને એનો બૉયફ્રેન્ડ જમવા ગયાં...આગળ કહું? આ તો હજી પ્રસ્તાવના છે, આવી અટપટી વાતો કરે, અને મારે માથું ખંજવાળવા સિવાય બીજું કરવાનું જ નહિ. વળી, જાણો છો? તમે હજી નેલીના કામકાજ સુધી આવો એટલામાં ત્રણ ટેલિફોન કરે, ને આવે તે સાંભળે, અને આ કિસ્સા અગાઉ જે કિસ્સો કહ્યો હોય એની યાદ દેવડાવી એ કિસ્સામાં જે રકમની કમાણી કરી હોય એનું જાણે બૅંકમાંની અનામત ખાતામાં આગળ ખેંચતી હોય એમ મનમાં નોંધ કરાવી એ યાદ રાખવાનું ચાર વાર કહે. કદીક કંઈ ખરીદેલું વેચ્યું હોય, તો કદીક ઉછીની લીધેલી રકમની યાદ આપે. ટૂંકમાં આપ કોઈ નથી સમજ્યા એમ મેં હવે એની વાતો સમજવાનો પ્રયત્ન કરવાનું મૂકી દીધું છે. કારણ સીધા સવાલના સીધા જવાબ આપવાનું તો એ શીખી જ નથી. એક દિવસ તો મને હિમ્મતથી એ લખે છે, કે તમારા સવાલો તમે મને લખી મોકલજો, અને પછી તરત એ ભૂલી જજો! તમે અરબસ્તાન ગયા છો? ત્યાં ખરો આરબ માને છે કે સાચી અક્કલ તમારા વિચારો પ્રદર્શિત કરો એમાં છુપાવવામાં છે. જૂઠું, ભારોભાર જૂઠું; તે દિવસે મારા એક દોસ્તને કહે કે ચેખોવ અને પ્રુસ્ટ વાંચવાનું જૂને મને સૂચન કર્યું હતું!'

નવાઈની વાત તો એ કે જૂન વચમાં કશું જ નહિ બોલી. અને બોલી ત્યારે કહે, 'તમે હેન્રીને એ તો પૂછો કે મેં મારા બાલપણ વિષે એને શું શું કહ્યું છે.' તો હેન્રી કહે: 'પરણ્યા પહેલાંની એની એક પણ વાત હું જાણતો નથી. અથવા જાણું છું આટલું કે એ આ જીવનમાં સાત જુદાજુદા ગામોમાં જન્મી છે. એની મા એક વાર અંગ્રેજ, બીજી વાર આઇરિશ, ત્રીજી વાર પૅાલ, ચોથી વાર તો એ કહે કે એની મા કોણ એની ખબર જ ક્યાં છે! ભણી છે ક્યાં? ક્યાં એ નથી ભણી? એમાં દરેક શહેરનું શાકબજાર એ, એની યુનિવર્સિટી એ યાદ રાખવું. રુમાનિયામાં જીપ્સિ કુટુંબમાંથી એ નાસી ગએલી અને હાથ જોતાં પણ આવડે છે એમ એ કહેતી, પણ મારો હાથ ઝાલ્યો હશે હજાર વાર, પણ જોયો તો એકેય વાર નથી. એની માતૃભાષા રુમાનિયન; અને એક રુમાનિયન રેસ્ટોરાંમાં હું લઈ ગયો તો એક અક્ષર એ એની માતૃભાષામાં બોલી ન શકી, સમજી પણ ન શકી, અને બહાર આવીને કહે છે કે આ તો બધા તરકટી રુમાનિયનો છે!'

અમે બધાં કંઈ એક ઠેકાણે બેઠાં નહોતાં રહ્યાં હાથમાં પીણાના ગ્લાસ લઇને હરતાંફરતાં હતાં. બ્રેડા ફ્રેલિહ અને હું વચગાળે નિનનો આસવોનો ભંડાર જોવા જઈ આવ્યાં. બોર્ડો પરગણાના દરાખના માંડવાઓમાંથી નિતારેલા આસવની ઊંચામાં ઊંચી જાતની બાટલીઓનો ઢગ પડ્યો હતો. આવા મકાનનાં ભોંયરાંઓમાં આસવો કેમ ભરી રાખવા એ પણ એક કિસબ છે. ફ્રેલિહે ત્યાં મને કહ્યું કે મિલર જૂનને પરણ્યા શી રીતે તે હવે હું તો પૂછવાનો છું.

પણ નિન લેખિકા હતી. માનવસ્વભાવનાં ઊંડાણોમાં ઊતરી એનો તાગ કાઢવાની શક્તિ ધરાવનાર બાઈ હતી. અમે પ છાં દીવાનખાનામાં દાખલ થયાં ત્યારે એણે જ વાત કાઢી.

'બ્રેડા! તું જાણે છે હેન્રી જૂનને કેમ પરણ્યો તે? જૂન દેખાવડી તો હતી, છે જ. હેન્રીએ જ્યારે એને જોઈ, એને મળ્યો, ત્યારથી જૂન એનાથી આધી જવા નહિ, પણ એનાથી બચવા માટે સંરક્ષણ શોધવા મંડી. ગમે તે થાય પણ આના પંજામાં નહિ આવું.'

બ્રેડાએ વચ્ચે ફ્રેન્ચ નહિ પણ અંગ્રેજી શબ્દની ટાપશી પૂરી 'ફીઝિકલ!'

'હેન્રીની આંખે ખરું, જૂન તટસ્થ હતી. આજે પણ તટસ્થ છે. પોતે નિશ્ચય નિર્ણય ન કરી શકે. સાગરનાં મોજાંથી હલેસાય, હૃદયનાં સંવેદનોથી ગમે તે દિશામાં ઝોલાં ખાય. કોઈ એને શોધતું આવ્યું એનો એને આનંદ હેલારો ખરો, પણ મૂળ સ્વભાવમાં નરી નારી, જન્મી ત્યારથી સ્ત્રી. અનુભવો બધા કરવા છે, પણ બચાય તો બચવું. પહેલી અંતરની સૂચના મળે તે બચાવ માટે છાપરું, સાયો, સંરક્ષણ શોધવાની. એમાં તર્ક કરતાં તરંગોનો આશરો પહેલો. તરંગોમાંથી કલ્પનાઓના ગોટેગોટ ઊડવા માંડે. અને એ કલ્પનાઓમાંથી જે હૃદય જક લાગે તે સાચી છે એવો બુદ્ધિ પાસે મરે ડમ્હોર મરાવે. અને આ બધું આખરે કુદરતી રીતે સ્વભાવને રુચતું થઈ જાય. આપણે જેને જૂઠું કહીએ છીએ એને એ જૂઠું નહિ માને. પેલી બાજુ હેન્રી, જેવું લખે છે એવો અને એટલો જ નાગો, તડફડિયો, એક ઘાએ બે ટુકડા કરવ વાળો, બધા જ સંસ્કાર જંગલના. એ બચાવ માટે દોડી, માટે પકડવી હાથ કરવી જ રહી હેન્રીને કવિતા સાથે સાત પેઢીથી પણ સંબંધ નહિ. જૂન પોતે તરંગી કાવ્યો રચે, અને એમાં રચીપચી રહે. એક વાર જૂનને પકડી પછી એનો પીછો ન મૂકે. વરુ જેવો, ઝનૂની ખૂની ચિત્તો દીપડો. એમ પરણ્યાં. પરણ્યાં પછી પ્રેમનાં લીલાંપીળાં શરૂ થયાં. હેન્રી ધણી બની જાસૂસીનું કામ કરવા મંડ્યો શંકા ભૂત અને મંછા ડાકણ! જૂન કોઈ બીજાને ચાહતી તો નહિ હોય! જૂનના શરીરનો સદાકાળ માટે ભૂખ્યો, પણ એના અંતરમાં ડોકિયું કરવાની એને ફુરસદ નહિ. એનો ચરસ લખવાનો, જે દેખે તે લખે; જેવું જ્યારે દેખે તેટલું તાદશ યથાવત્ લખે એમાં જૂનને પણ ચીતરે. જૂન જૂઠું તો મૂળથી જ બોલતી, હવે વધારે બોલતી થઈ, અને હેન્રી જૂનને જુદીજુદી રીતે લખે. જૂન એમાં પોતાનો બચાવ શોધે. આમ જૂનનાં જૂઠાણાં વધવા માંડ્યાં; હેન્રી હવે સ્ત્રીને પૂરેપૂરી ઓળખતો થયો એવી મનમાં ખાણુ ખાવા લાગ્યો.'

'હજી આજે પણ એ જ હકીકત છે?' બ્રેડાએ પૂછ્યું.

'લગભગ, પણ રેલનો કાંપ ઠરી ગયા બાદની સ્થિતિ. હેન્રી જૂનને હજાર સવાલ તો હજી પૂછવાનો જ; અને જૂન એ હજારના સવા હજાર જવાબો જીભને ટેરવે તૈયાર રાખવાની. ખરું પૂછો તો જૂનની કલ્પના હવે વધારે વિસ્તરી છે. એને એ હવે ટેવ પડી છે. આ થકી જૂનને માથે કશી જવાબદારી નહિ, કોઈ કબૂલાતમાં એ ગૂંચવાય નહિ.'

'પણ સુખી, બંને સુખી?'

'સુખી તો કોણ છે? ઘણાં જાતજાતનાં બંધનમાં બંધાઇને સુખી થયાં એમ માને છે, ઘણાં વગર બંધને સુખ માને છે. પણ બંનેની જુગતે જોડી છે. બંનેને કશે ક્યાંય ઊણપ લાગે છે તો તે ગમે ત્યારે બહારથી પૂરી કરી લે છે. જૂનને જવાહિર નથી ગમતાં, તરંગો ગમે છે. પોતાના બનાવેલા તરંગોમાં જીવવું ગમે છે. અને હવે તો એ તરંગો પેદા કરવાનાં સાધનો પણ વાપરે છે.'

'એટલે?'

'ડ્રગ્સ, દવાઓ અથવા કહો કે કૃત્રિમ ઘેન પેદા કરવાનાં સાધનો.'

'એ તો મનની વિકૃતિ કહેવાય'

'કહો. હેન્રીને એવી વિકૃતિઓ ગમે છે. ગમે છે, એટલે કે એના લખાણનો વિષય બનાવે છે. મારો જ દાખલો લ્યો. મને જૂનનું સૌંદર્ય આકર્ષે છે, બહુ ગમે છે, એને ભેટું છું, એની સાથે પડી રહું છું, ત્યારે મને ઘણો આનંદ આવે છે. બીજે પક્ષે મને હેન્રીની વિલક્ષણ બુદ્ધિ આકર્ષે છે, ગમે છે હવે તો પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે અમે ત્રણ એકબીજાની નિકટમાં આવ્યાં છીએ. કેમ હેન્રી?'

'બરાબર! નિનનું આખરી દાવનું છેલ્લું પત્તું, સર હુકમ. મેં તો જૂનના સ્વભાવની ખોજ કરી, કરું છું, અને લખું છું. જૂનમાં ન મળે તે બીજી સ્ત્રીઓમાં શોધું છું. જૂન પોતાના તરંગોનો અને કલ્પનાગો ગુણાકાર કરી કિસમ કિસમના કિસ્સાઓ બનાવે છે. તુક્કાઓ યોજે છે. સારું છે કે એ લખતી નથી, નહિ તો કલ્પનાશીલ અને સંવેદનાસિહેણાં લખાણો લખવામાં એ અઢળક કીર્તિ સંપાદન કરત. પણ નિનબાઈએ તો અમને બેને વટાવી ખાધા છે. 'એટલે?'

'એક્સપ્લોઈટ–અમારા બંનેનો એકીસાથે યા છૂટોછૂટો ઉપયોગ કરી પોતાની ડાયરીનાં પાનાં ભર્યાં રાખ્યાં છે. ભયાનક ભયંકર બાઈ છે.'

'અને છતાં તમને એ ગમે છે.' ફ્રેલિહે કહ્યું.

'ના એ મને ચાહે છે, એટલે એ મને ગમે છે.' મિલરે કહ્યું.

'તદ્દન અવળી વાત. એ મને ચાહે છે એટલે એ મને ગમે છે.'

'અને હું જૂઠાબોલી છું, એટલે મિલર અને નિન મને ચાહે છે.' જૂને કહ્યું અને ઉમેર્યું, 'મોંસ્યોર મેતા તો કંઈ જ બોલતા નથી.' ત્યારે મોં. મહેતા બોલ્યા, 'શું બોલું, તમારા ત્રણની પ્રેમની આંટીઘૂંટીમાં હું અટવાઈ પડ્યો છું. આવું ન બને એમ નહિ, બને, પણ તમે ત્રણે એક છો, અને છતાં જુદાં પણ છો.'

મિલર કહે, 'બરાબર.'

'પણ મને એમાં જુદાઈ ખૂંચે છે. ભલે તમે સ્વભાવમાં જુદા હો

પણ જુદાઈ ટાળવા મથો તો?'

'ન, ન, ના મેતા! ના, અમે જે છીએ તે જ સારાં છીએ. નહિ તો અમે લડી પડીશું, છૂટાં થઈ જઈશું. એક દિવસ મિલરે એક વાર્તા લખી, જૂને એ વાંચી અને મારી પાસે આવી ખૂબ રડી. જૂન કહે હું આવી નથી અને મને આટલી ખરાબ કેમ ચીતરી હશે? કોઈ એને આટલી ખરાબ બીજી બાઈ મળી હશે, એનો તારી છાપ ઉપર આરોપ કર્યો છે એમ કહી મેં એના મનનું સમાધાન કર્યું. હું છું તો એમનો મેળ સંભાળી લઉં છું. નહિ તો મિલર જૂનની પાછળપાછળ જાસૂસી કર્યા જ કરશે. કોઈ કે કહ્યું છે કે એક વ્યક્તિમાં એક કરતાં વધારે પાસાં-પડખાં એ ગાંડા જ કહેવાય. હેન્રી મિલરમાં એક હેન્રી છે? ડઝનબંધ તો હું જાણું છું' નિને કહ્યું.

'અને બીજા ડઝન તો હું જાણું છું.' જૂને કહ્યું.

'અને છતાં એ પોતાની જાતને ડાહ્યામાં ડાહ્યો પુરુષ માને છે.' નિને કહ્યું. ત્યાં મિલરે વાતને સીધી કરી.

'મને કશામાં રસ નથી. જૂન આટઆટલાં હદબહારનાં જૂઠાણાં કરે છે, એનો ખુલાસો મારે જાણવો છે. કોઈ કહી શકશે?'

'કોઈ કાળે પણ નહિ જાણી શકે, મિલર! કોઈ પણ વ્યક્તિ જોર-જુલમ, દમદાટી કે કેવળ વાસના થકી એ જાણવા પ્રયત્ન કરે તે કદી સફળ નહિ થાય. માનવી સમભાવ સહસંવેદન દિલસોજી દાખવે તો એની આગળ મોટે ભાગે વ્યક્તિઓ પોતાનું દિલ ખોલવા તત્પર થાય. તમને અને દિલસોજીને તો સૂરજ અને પૃથ્વી જેટલું છેટું.' નિને કહ્યું.

'હું સૂરજ સુધી ઊડીને જવા તૈયાર છું. જૂન આટઆટલાં જૂઠાણાં શા માટે કરે છે? એણે મને કહ્યું કે એક જાડો માણસ એની પાછળ-પાછળ ભમે છે. મેં દસ દિવસ તપાસ કરી, અને તપાસ રાખી, પણ એક પણ જાડો માણસ એની પાછળ ભમતો મેં ન જોયો. વાત તદ્દન જૂઠી નીકળી. શા માટે એ આવાં જૂઠાણાં ઊભાં કરે છે. મારે તો માત્ર એ જ જાણવું છે.'

'હું કહું, જો જાણવું જ હોય તો, હેન્રી! જો હું આવાં, તું જેને જૂઠાણાં કહે છે એવાં ઊભાં ન કરું, તો તું મારી પાછળપાછળ ભમતો અટકી જાય, અને મને છોડી દે.' જૂને કહ્યું, કે તરત મિલરે બૂમ પાડી, 'જૂઠું! હડહડતું જૂઠું.'

અમે લગભગ જમવાની તૈયારીમાં હતા. ફ્રેન્ચ કોનિયાકે અને બરગન્ડિયન વાઇને હવાને લહેરાવી દીધી હતી, ખુરશીઓ પર બેસવાની તૈયારીમાં હતાં, ત્યાં દીદી કારલી અને જીરાર્ડ બોનર આવી પહોંચ્યાં; બંને જર્મન, ફ્રાંસમાં ૧૯૨૫ થી ૧૯૪૫માં જેની બોલબાલા હતી, એ આંત્વા આરતુદનાં શિષ્યો. દીદી કારલી ખરેખર દેખાવડી, પણ આવા સૌન્દર્ય સ્વરૂપમાં નિર્દયતા યા ક્રૂરતાના ભાવો જ પેદા કરવામાં આવે એવી તે શી કુદરતની કરામત હશે? આપણા રસ-સાહિત્યમાં ભય, જુગુપ્સાના ભાવ વિષે વિવેચનો છે, પરંતુ ક્રુએલ્ટી, થીએટર ઑવ ક્રુએલ્ટીનો સંસ્થાપક તો આંત્વા આરતુદ. એનો સંદેશો કહો કે એની જેહાદ કહો: આ રંગભૂમિ ઉપર ફક્ત દુ:ખની અરેરાટી પોકારો, પારાવારનો ક્રોધ કરો, ધિક્કાર તિરસ્કારના ભાવો પેદા કરી ત્રાસ ફેલાવો. આંત્વાની નાટકશાળા એટલે ત્રાસવાદ ફેલાવવાનો ચોકો. ભયંકર પ્રકારના મૃત્યુમાંથી જ ભાવ પેદા કરી શકાય. મારો, અરેરાટી પોકારાવો, આહ! આહ!ની કારમી ચીસો તથા સિત્કારથી પ્રેક્ષકોનાં રૂંવાં ઊભાં કરી દો. એમને એમની બેઠકમાં થીજાવી દો. હસવાની કે શૃંગારની હૃદયંગમચેષ્ટા પ્રેમની તો વાત જ ન કરતાં. કંપારી ધ્રુજારી પેદા કરો. લોહી વહેવડાવો, કાપાકાપી કરો, ચાબખા મારો, છૂંદી



દીદી કારલી અને જીરાર્ડ બોનર

નાખો, જે જે નાટકોમાં આવાં દૃશ્યો હોય તે જ રજૂ કરો, ન હોય તો એવાં નાટકો લખો. ભારોભાર દુ:ખ કરુણ રસનું, ત્રાસજનક દુ:ખ પ્રેક્ષકોનાં લોહી થીજી જાય, યા ખદબદી ઊઠે એવું.

મારા વહાલા કંઈકનું કંઈક ઉશેટી લાવે છે તો! જમવાનું લંબાયું. નિને કારલીને કહ્યું કે આ ત્રણ મહેમાનોને ત્રાસવાદની ફિલસૂફી સમજાવ. અમે કહ્યું, અમારે એ ફિલસૂફી સમજવી નથી. અમે એ તાદૃશ જોવા તૈયાર છીએ. એકાદ પીણું પીધા બાદ બંને ઊભાં થઈ ગયાં. ઉચ્ચારમાં ઊંચામાં ઊંચી એટલે કે જાણે સુસંસ્કૃત જર્મન ભાષામાં દુનિયામાં જેટલાં દુ:ખો છે, એનો ઘૂંટીઘૂંટી કસ કાઢી એ પીધો હોય એવા કટાણા, ત્રાસસૂચક, વિકૃત ડાચાં મહોરાં કરી એક બીજા સામે લીટીઓ ફીંકવા માંડી; એમાં હજી બે પાંચ લીટી પૂરી ન થઈ એટલામાં તો નાયકે નાયિકાને ત્રણચાર તમાચા ચોડ્યા, ચોટલો ઝાલ્યો ભોંય પછાડી, અને પછી નાયિકા વીફરી, વગર ચપ્પુએ પણ હાથમાં ચાકુ છે એવા અભિનયનથી નાયકના વાંસા ઉપર આડાઅવળા ચપ્પુના કાપા પાડી દીધા, એમાંથી નીકળતા લોહીનાં આંગળી બોળી પોતાને ચહેરે લગાડી શરૂઆતમાં ઝીણી નિસાસા-ચીસો પછી મોટેથી ચીસાચીસો, અને ત્યાર બાદ હાહાકાર-કેર વર્તાવી દીધો. એ દરમ્યાન ફ્રે લહે છાની રીતે મારા હાથ દબાવી એક બે સૂચનો કરી દીધાં. બેડાએ એક વાર આંખ ચડાવી મારી તરફ સૂચક આંખેથી વાત કરી નાખી, અને એ ત્રાસસર્જન દૃશ્ય પૂરું થતાં અમે તાળીઓ પાડી. રૂંવાં ઊભાં થઈ ગયાં હોત તો તાળીઓ પાડવાની શક્તિ કોનામાં હોત? પણ બહારથી ત્રેવ્યાં ત્રેવ્યાં ઘણું સરસ એવું બોલવાનો દંભ કરી અમે ભોજન આરોગવાની રાહ જોતાં બેઠાં.

'આવું તમારે ત્યાં ખરું?' નિનબાઈ પૂછે છે. અને મારે જવાબ આપવો પડે છે. 'હા. અમારા જીવનમાં આવાં દૃશ્યો જોવા મળે, અમારે ત્યાં ક્યાંક ક્યાંક સ્ત્રીઓ છાજિયાં લઈ કૂટે છે, તે જુઓ તો તમને આવા અહીંના પ્રસંગો સાથે સરખામણી કરવાનો મોકો મળે; થીએટરમાં ભાવોની ઉત્કટતા જોવા મળે, અતિરેક પણ જોવા મળે, પરંતુ એકંદરે અમારી નાટકશાળા પ્રેક્ષકોને આખરે તો રસસમાધિમાં તરબોળ કરવાની નેમ રાખે, એટલે મનને શાંત કરવા પ્રત્યે જ કાળજી રખાય. રૂંવાં ઊભાં કરીને ઘેર મોકલવાનો મનસૂબો ન કરે'. જ્યાં, પણ દીદી માઈ કારલી અસ્વસ્થ હતાં એ આવી ત્યારનું રૂપ ત્રાસવાદની રજૂઆતમાં વિચિત્ર પ્રકારની વિકૃતિને પામ્યું હતું, (અનુ. પૃ ૫૦૦)

પ્રતિછાપની એક અભિનવ શોધ

# ફ્ઝેરોગ્રાફી

સુશ્રુત પટેલ

કહેવાય છે કે ચીનમાં સુંગ વંશના રાજાઓના શાસનકાળ (સન ૯૬૦-૧૨૭૯) દરમ્યાન લાકડાંનાં બીબાંમાંથી કાગળ ઉપર છાપવાની કળાને ઘણું પ્રોત્સાહન સાંપડયું હતું કાગળની શોધ પણ આજથી લગભગ ૧૯૦૦ વર્ષ પૂર્વે ચીનમાં જ થઈ હોવાની માહિતી મળે છે. આજે જેને મુદ્રણકળાનો પ્રણેતા કહેવાય છે તે જર્મનીનો જ્હૉન ગુટનબર્ગ (જેની સાથે 'મૂવેબલ ટાઈપ' તથા 'ગુટનબર્ગ બાઈબલ' જેવા શબ્દો સંકળાએલા છે તે), લીનોટાઈપનો શોધક મર્ગેન્થાલર, મુદ્રણનાં બીબાંમાં વચ્ચે ફાચર વાપરવાની શોધનો અજ્ઞાત શોધક, ટાઇપરાઈટરનો શોધક ક્રિસ્ટોફર શૉલ્સ વગેરે વૈજ્ઞાનિકો આપણા આજનાં ૩૨ પૃષ્ઠના કોઈ એક અખબારની ૬૦,૦૦૦થી પણ વધુ નકલો એક કલાક જેટલા સમયના ગાળામાં, એકી સાથે ચાર-પાંચ રંગોમાં છાપી આપનાર વિશાળકાય મુદ્રણયંત્રોના એક યા અન્ય રીતે આદ્યપ્રણેતાઓ ગણી શકાય.

આ જ સંશોધનોની શ્રેણીમાં હવે એક ક્રાન્તિકારી મુદ્રણકળા-'ફ્ઝેરોગ્રાફી' દાખલ થઈ છે. આધુનિક ટેલિવિઝન પ્રણાલીના સંશોધક ફીલો ટી. ફ્રૅન્જવર્થનું કહેવું છે કે સામાન્ય રીતે મોટી મોટી શોધો નિર્ધન અવસ્થામાં એકલી એક વ્યક્તિ દ્વારા જ થતી રહી છે. ફ્ઝેરોગ્રાફીના શોધક કાર્લ્સનની જીવનકથા પણ આર્થિક વિટંબણા ને અતૂટ લગનની વાર્તા છે. કાર્લ્સન મૂળે તો વકીલ હતા. પણ પોતાની ગરીબી મિટાવવા એ કોઈ શોધ કરવા માગતા હતા. નિરન્તર પરિશ્રમ કર્યા પછી એમની શોધે જે અવતાર ધારણ કર્યો, એનાથી આધુનિક મુદ્રણકળાની આ એક શાખામાં જાણે કે એક જબરદસ્ત ક્રાંતિ આવી.

ફ્ઝેરોગ્રાફીની એમની શોધ દ્વારા એક પણ પ્રકારની ભૂલ વગર માત્ર થોડી જ સેકન્ડોમાં કોઈ પણ લખાણ કે ચિત્રની નકલો (પ્રતિલિપિઓ) બનાવી શકાય છે ફ્ઝેરોગ્રાફીમાં કોઈ પણ પ્રકારની શાહીથી લખેલા લખાણને યંત્રની એક બાજુથી અંદર નાખવામાં આવે છે અને થોડી જ સેકન્ડોમાં બીજે છેડે એ લેખની પ્રતિલિપિ બહાર નીકળે છે.


વકીલાત કરતાંકરતાં કાર્લ્સને અનુભવ્યું કે દસ્તાવેજો, પત્રો વગેરેની કાર્બન કૉપી બનાવવી એ થકવી નાખે એવું કાર્ય તો છે જ, ઉપરાંત એમાં થોડીઘણી ભૂલો આવી જવાનો સંભવ પણ રહે છે. પરિણામે આ સમગ્ર કાર્યની પાછળ બહુ સમયનો ભોગ આપવો પડે છે. વળી પ્રતિલિપિ બનાવવાની એ સિવાયની અન્ય વિધિઓ તો વળી મોંઘી પણ હોય છે. એમણે આ માટે કોઈ સસ્તી તેમજ ઝડપી પદ્ધતિ શોધવાનું વિચાર્યું.

એમનો વિચાર તો સારો ને સહેલો હતો, પણ એને કાર્યક્ષમ બનાવવો, એ એટલું જ અઘરું હતું. પાછળથી એ અંગે કાર્લ્સને પોતે જ કહેલું કે કોઈ પણ સમસ્યા યા પ્રશ્નનો ઉકેલ જેવી રીતે હવામાંથી કોઈ વસ્તુને ખેંચી લેવામાં આવે એમ, મગજમાં એકાએક જ ઝબૂકી જતો નથી; એને માટે ક્યાંકથી પ્રેરણા તો જોઈએ જ. અને એમના માનવા મુજબ આ પ્રેરણા મેળવવાનું કોઈ ઉત્તમ સાધન હોય તો તે છે વાચન. પોતાની સમસ્યા માટે પણ એણે આ જ માર્ગ પસંદ કર્યો. પોતાના કાર્યાલયમાં આખો દિવસ મહેનત કર્યા પછી ન્યૂ યૉર્કના વિશાળ પુસ્તકાલયમાં જઈને મોડે સુધી તેઓ વાંચતા. આખરે સમસ્યાનું નિરાકરણ એમના દ્વાર ખટખટાવતું આવી પહોંચ્યું.


પ્રકાશની અસરથી વિદ્યુત-અવરોધ બદલાય, એવા ઘણા પદાર્થો છે. આ પદાર્થો એના ઉપર પડતાં પ્રકાશની તીવ્રતાના પ્રમાણમાં વિદ્યુત-વાહકતા (ઇલેક્ટ્રિકલ કંડક્ટિવિટી)નો ગુણ ધરાવે છે. પદાર્થના આ ગુણધર્મને પ્રકાશ સંવાહકતાની અસર (ફોટો-કંડક્ટિવિટી ઇફેક્ટ) અને એવા પદાર્થોને પ્રકાશ-સંવાહક (ફોટો-કન્ડક્ટર) કહે છે. પદાર્થોના આ ગુણધર્મનો સૌપ્રથમ અભ્યાસ જર્મન ભૌતિકશાસ્ત્રી હેન્રિખ હર્ટ્ઝ (૧૮૫૭-'૯૪) કરેલો, જોકે એ ગુણધર્મનું કારણ તો છેક ૧૯૦૫ સુધી સમજી શકાયું નહોતું, પણ ત્યાર બાદ ફોટૉન-શક્તિ વાદ (થીઅરી ઑવ ફોટૉન એનર્જી) દ્વારા આલ્બર્ટ આઈન્સ્ટાઇને તે સમજાવેલું, જેને માટે પાછળથી આઈન્સ્ટાઈનને નોબેલ પારિતોષિક એનાયત થએલું (૧૯૨૧). સિલીનિયમ (Se) તત્ત્વ તથા ઝિંક ઑક્સાઈડ, કૅડમિયમ સલ્ફાઈડ વગેરે જેવ પદાર્થો આવા ગુણધર્મ ધરાવે છે.

ધારો કે આવા કોઈ પ્રકાશ-સંવાહક પદાર્થનો લેપ કોઈ એક કાચની પટ્ટી ઉપર કરવામાં આવે અને આકૃતિ ૧ માં દર્શાવ્યા પ્રમાણે એના બે છેડા પૈકી એકને વિદ્યુત-સ્રોત (બૅટરી) સાથે તથા બીજાને વિદ્યુત-ધારા-માપી (એ-મીટર) સાથે જોડવામાં આવે તો જણાશે કે પ્રકાશ-સંવાહક પદાર્થમાંથી વિદ્યુત પ્રવાહની થોડી માત્રા વહે છે. હવે, જ્યારે આ પ્રકાશ-સંવાહક ઉપર સામાન્ય પ્રકાશનાં કિરણો નાખવામાં આવે ત્યારે વિદ્યુત-પ્રવાહની માત્રા વધી ગએલી જોઈ શકાશે. પ્રકાશની તીવ્રતા જેમ વધુ હશે તેમ વિદ્યુત-પ્રવાહની માત્રા પણ વધુ હશે. આ જ પ્રયોગ એક અંધારા ઓરડામાં કરતાં જોઈ શકાશે કે આ પરિપથ (સર્કિટ)માં વિદ્યુત-પ્રવાહ બહુ જ ઓછો કે નહિવત્ રહે છે. આવી પરિસ્થિતિમાં પ્રકાશ સંવાહક એક વિસંવાહક (ઈન્સ્યુલેટર) તરીકે કાર્ય કરવા લાગે છે; એટલે કે પ્રકાશ-સંવાહક પદાર્થ વિદ્યુત કે ઉષ્ણતાનો (અહીં વિદ્યુતનો) અવાહક બની જાય છે.

કાર્લ્સને પ્રકાશ-સંવાહકતાના આ ગુણધર્મનો ઉપયોગ કરવાનું વિચાર્યું. એમણે આવા પદાર્થના લેપવાળી એક પટ્ટી બનાવી. ધાતુ તરીકે તાંબુ, ઍલ્યુમીનિયમ વગેરે ચાલી શકે, એ તેઓ જાણતા હતા. આ પટ્ટીના એક છેડાને તેમણે એક અતિ મોટા વિદ્યુત-સ્રોત (મેઇન્સ)ના ઋણ (નૅગૅટિવ) સાથે જોડ્યો. આ પછી વિદ્યુત-સ્રોતના ધન (પોઝિટિવ)ને એક બહુ પાતળા તાંબાના તાર સાથે જોડ્યો, જે પ્રકાશ-સંવાહક-પદાર્થની સપાટીને સમાંતર થોડે જ અંતરે, ઉપર લટકતો હતો. (જુઓ આકૃતિ ૨) આમ કરવાથી પ્રકાશ-સંવાહક પદાર્થના લેપવાળી ધાતુની પટ્ટી અને તારની વચ્ચેની હવા આયનિત (આયોનાઈઝ્ડ) થતાં, એમાંથી એક નીલાતીત-લીલો પ્રકાશ ઉદ્ભવ્યો. આમ કરવાથી પ્રકાશ-સંવાહક પટ્ટીની સપાટી ઉપર ધન-વિદ્યુતભાર આવી ગયો. આ સમગ્ર પ્રયોગ પ્રકાશની ગેરહાજરીમાં (અંધારામાં) કર્યો હોવાથી પ્રકાશ-સંવાહકની પટ્ટી એક વિસંવાહકની જેમ વર્તી હતી. આ અવસ્થામાં પ્રકાશ-સંવાહકે પોતાનામાંથી વિદ્યુત-પ્રવાહ પસાર થવા દીધો નહિ. અને પરિણામે ધન વિદ્યુત, પ્રકાશ-સંવાહકના લેપ-




આકૃતિ ૧





આકૃતિ ૨

ની ઉપરની સપાટી પર સ્થગિત થઈ ગઈ. પ્રકાશ-સંવાહકની આવી પટ્ટીને આવેશિત પટ્ટી યા વીજભાર પટ્ટી (ચાર્જ સ્લાઇડ) કહેવાય છે. આવી પટ્ટી ઉપર પ્રકાશ નાખવાથી એ (વિદ્યુતની) સુચાલક બની છે. આવી દશામાં પ્રકાશ-સંવાહકની સપાટી ઉપર જમા થએલો ધન વિદ્યુત ભાર, તેની નીચેની, ધાતુની પટ્ટીમાં જતો રહે છે; અને પટ્ટી નિરાવેશિત યા વીજ વિભાર (ડીસ્ચાર્જ) થઈ જાય છે. આમ, પ્રકાશ સંવાહકના આ ગુણમાંથી ફ્રઝેરોગ્રાફીની શોધ શક્ય બની.

કોઈ પણ લેખની પ્રતિલિપિ બનાવવા માટે પ્રકાશ-સંવાહકના લેપવાળી એક પટ્ટી લેવામાં આવે છે; આને ઉપર કહ્યા મુજબ, પ્રથમ તો આવેશિત (ચાર્જ) કરવામાં આવે છે. આ આવેશિત પટ્ટી પર દગકાચો (લેન્સો) દ્વારા લેખ કે ચિત્રનું બિમ્બ બનાવવામાં આવે છે. આમ કરવાથી જે જે સ્થાને પ્રકાશ પડતો જાય છે, તે તે સ્થાને પ્રકાશ-સંવાહક પટ્ટીના લેપ ઉપરનો વીજભાર (ચાર્જ) જવા લાગે છે, કારણ કે વીજભાર પટ્ટી પ્રકાશથી વિદ્યુતની સુચાલક બની જાય છે. આથી ઊલટું જે ભાગ પ્રકાશવિહીન રહે છે—એટલે કે મૂળ લખાણ યા આકૃતિવાળો ભાગ, તેનો વીજભાર એવો ને એવો જ—અર્થાત્ ધન વીજભાર રહે છે. આ રીતે વીજભાર દ્વારા-પ્રકાશ-સંવાહક પદાર્થની ઉપરની સપાટી ઉપર એક અદૃશ્ય બિમ્બ રચાય છે; જેને પ્રચ્છન યા ગુપ્ત પ્રતિબિમ્બ (લૅઇટન્ટ ઇમેજ) કહે છે.

આ પછી, કાર્યપ્રણાલીનો દ્વિતીય તબક્કો શરૂ થયો. કાર્લ્સને આ અદૃશ્ય પ્રતિબિમ્બને દૃશ્ય પ્રતિબિમ્બમાં ફેરવી નાખવા માટે પાછા પ્રયોગો કર્યા આખરે અનેક પ્રયોગો પછી એમણે કેટલાંક એવાં પાવડરો બનાવવામાં સફળતા મેળવી કે જેનાં સૂક્ષ્મકણો ઋણ વિદ્યુતભાર ધરાવતા હોવાથી, ધન વિદ્યુત તરફ આકર્ષિત થાય.




આકૃતિ ૩

હવે પાવડરને ઉપર વર્ણવ્યા મુજબની પ્રકાશ-સંવાહક પટ્ટી પર છાંટવામાં આવતાં એનાં કણો ધન-વિદ્યુતભાર આગળ ચોંટી ગયા. આમ એક જ સપાટી ઉપર, બ્લૉક યા બીબામાં હોય છે; તેવી ઊંચી નીચી સપાટી બનાવીને અદૃશ્ય પ્રતિબિંબને એમણે દૃશ્ય બનાવવામાં સફળતા મેળવી.

ત્રીજા તબક્કામાં દૃશ્ય પ્રતિબિંબને કાગળ ઉપર કેવી રીતે ઉતારવો એની વિચારણા ચાલી. આ માટે કાર્લ્સને કાગળને ધન વિદ્યુતથી આવેશિત કર્યો; અને પછી પ્રકાશ-સંવાહક પદાર્થના લેપવાળી પટ્ટી ઉપર બનેલા દૃશ્ય પ્રતિબિમ્બ ઉપર મૂક્યો. આમ કરવાથી પાવડરના કણ, જે મૂળ ઋણ વીજભાર ધરાવતા હતા, તે અસમાન વીજભારથી આકર્ષાઇને કાગળ ઉપર ચીટકી ગયાં; અને મૂળ લેખ કે આકૃતિનું કાગળ ઉપર દૃશ્ય પ્રતિબિમ્બ તૈયાર થયું. આ પછી કાગળને થોડો ગરમ કરવામાં આવતાં, એના ઉપર ચોંટેલા પાવડરના કણ ઓગળીને કાગળ ઉપર કાયમ માટે અંકિત થઈ ગયા. આમ એક સ્થાયી દૃશ્ય પ્રતિબિમ્બ તૈયાર થયું. આ સમગ્ર વિધિનું જેટલી વાર પુનરાવર્તન કરવામાં આવે તેટલી પ્રતિલિપિઓ કે નકલ મેળવી શકાય.


હવે આપણે આકૃતિઓ દ્વારા ફ્રઝેરોગ્રાફીની કાર્ય-પ્રણાલી સમજીએ.

આકૃતિ: ૩ (૧)માં એક પ્રકાશ-સંવાહક (ફોટો-કન્ડક્ટર) પદાર્થની પટ્ટી બતાવવામાં આવી છે, એને એક પાતળા તાર દ્વારા વીજભાર કરવામાં આવે છે; જે એક મોટા વિદ્યુત-સ્રોત સાથે જોડેલો હોય છે. આ તાર પ્રકાશ-સંવાહક પટ્ટીથી થોડે દૂર, એની સપાટીને સમાંતર રાખેલો હોય છે.

આકૃતિ: ૩ (૨)માં વીજભાર પટ્ટી દેખાડી છે, તેની સપાટી ઉપર હવે ધન-વીજભાર આવી ગયો છે.

આકૃતિ: ૩ (૩)માં વીજભાર ઉપર લૅન્સ દ્વારા લખાણ યા આકૃતિનું પ્રતિબિમ્બ પાડવામાં આવ્યું છે. એમાં જોતાં જણાશે કે પટ્ટીની સપાટી ઉપર પ્રકાશવાળા સ્થાનેથી ધન વિદ્યુત જતી રહે છે, પરંતુ જે સ્થાન પ્રકાશવિહીન છે—અક્ષરવાળો ભાગ—ત્યાં ધન વીજ ભાર હજુ પણ રહેલો છે. આમ, પ્રકાશ-સંવાહક પટ્ટી ઉપર એક અદૃશ્ય પ્રતિબિમ્બ બની ગયું.

આકૃતિ: ૩ (૪)માં પ્રકાશ-સંવાહક પટ્ટી ઉપર મળેલા અદૃશ્ય પ્રતિબિમ્બને દૃશ્યમાં ફેરવવા માટે પાવડર છાંટવાની ક્રિયા જોઈ શકાય છે. આ પાવડરના કણ ઋણ વિદ્યુતભાર ધરાવતા હોવાથી વિદ્યુતના




આકૃતિ ૪

અસમાન વીજભારો વચ્ચે આકર્ષણ થાય–એવાં નિયમને અનુસરીને જ્યાં ધન-વીજભાર હોય ત્યાં અર્થાત્ અક્ષર ઉપર તે ચોંટી જાય છે. આમ પાવડરથી બનેલું પ્રતિબિમ્બ હવે દૃશ્ય બની રહે છે.

આકૃતિ : ૩ (૫)માં પ્રતિબિમ્બને કાગળ ઉપર સ્થાયી કરવા માટે કાગળને વીજભાર આવેશિત કરાતો બતાવ્યો છે. એ માટે કાગળને કોઈ મોટા વિદ્યુત સ્રોતની સાથે જોડાએલા પાતળા તારની નીચે મૂકી દેવામાં આવે છે; અને પછી બંને વચ્ચે થોડી ખાલી જગ્યા રાખી, એ તારને કાગળની સપાટી ઉપર, આગળ-પાછળ ફેરવવામાં આવે છે. પરિણામે એ કાગળ ધન-વીજભાર ધરાવતો થઈ જાય છે.

આકૃતિ : ૩(૬)માં આ ધન-વીજભારયુક્ત કાગળને પ્રકાશ-સંવાહક પટ્ટા ઉપર મૂકવામાં આવે છે. પરિણામે, ઋણ વીજભાર ધરાવતા પાવડરના કણ, અસમાન વીજભાર વચ્ચે આકર્ષણ હોય છે–એ નિયમને અનુસરીને કાગળ ઉપર આવી જતાં કાગળ ઉપર એક છાપ ઊપસે છે.

આકૃતિ : ૩ (૭)માં આ કાગળ ઉપર ઈન્ફ્રા-રેડ (અધો-રક્ત) કિરણો નાખવામાં આવતા દર્શાવ્યા છે. એ કિરણોની ગરમી લાગવાથી પાવડરના કણો ઓગળીને કાગળની સપાટી ઉપર ચીટકી જાય છે, અને સહેજ ઊપસેલું પ્રતિબિમ્બ તૈયાર કરી દે છે.

આ વિધિ જોતાં કોઈને એમ લાગે કે એમાં કલાકો જતા હશે, પણ આ બધાં કાર્યો થોડી સેકન્ડોમાં જ બની જાય છે, એની કાર્યપ્રણાલી આકૃતિ ૪માં, એની રચના સાથે દર્શાવવા પ્રયત્ન કર્યો છે.

આજે તો આવાં યંત્રો અમેરિકામાં બહુ સામાન્ય વપરાશનાં બનવા લાગ્યાં છે. ઘણી મોટી મોટી કંપનીઓ, બૅંકો, ટપાલ-કચેરીઓ, કૉર્ટો વગેરેમાં આવાં યંત્રોનો ઉપયોગ અમર્યાદિતપણે વધી રહ્યો છે. મૂળ લખાણ (લિપિ)ને યંત્રની એક બાજુથી, તથા એક અન્ય બારીમાં જરૂરી પૈસા નાખતાં અને બટન દબાવતાં બીજી જ પળે તો સામેની બારીમાંથી એની પ્રતિલિપિઓ નીકળવા લાગે છે.

ફ્રેઝેરોગ્રાફીનો ઉપયોગ અનેકવિધ-ક્ષેત્રે ઝડપથી વધી રહ્યો છે. તબીબી-ક્ષેત્રે તો 'ફ્રેઝેરો-રેડિયોગ્રાફી' નામની એક નવી જ શાખા વિકસી રહી છે. શરીરનાં અંદરનાં અંગોને લગતી જાણકારી મેળવવા એના ક્ષ-કિરણોના ફોટા લેવા જરૂરી બને છે. આ કાર્યમાં આજે ફિલ્મની પટ્ટી ઉપયોગમાં લેવાય છે, જેને પાછળથી ડેવલપ કરીને સૂકવવામાં આવે છે, આવું કરવામાં સમયની બરબાદી વહોરી લેવી પડતી હોય છે. પરન્તુ, ફ્રેઝેરોગ્રાફીની કળાથી એવો ફોટો ઝડપથી મળી જાય છે. આમ ચિકિત્સકોને ક્ષ-કિરણોના ફોટો તૈયાર થતાં સુધી જે રાહ જોવી પડે છે, તે હવે જોવી નહિ પડે અને આ ઉપરાંત, હજી વૈજ્ઞાનિકો અનેક અવનવા ઉપયોગો શોધી કાઢવા મચી પડેલા છે જ.

---

અનુસંધાન] **સાધુમહારાજનો દીપડો** [પૃ. ૪૮૨થી

ઝૂંપડી દેખાઈ. ઝૂંપડીની સામે જમીન પર દીપડો પડ્યો હતો. એનું શરીર ચંદની માં ચમકતું હતું. હૉલને તરત જ સમજાઈ ગયું કે દીપડો મરી ગયો છે. એણે નમીને દીપડાનો સ્પર્શ કર્યો. મૃત શરીર હજુ ગરમ હતું.

સાધુનું અજબ વર્તન હવે ધીરે ધીરે હૉલને સમજાવા લાગ્યું હતું. એ કશું જણ્યાકારવ્યા વગર જ અહીં એટલા માટે દોડી આવ્યા હતા કે એમને ખબર હતી કે દીપડો અંતિમ સમયે અહીં આવશે જ.

હૉલની હાજરીની કશી દરકાર રાખ્યા વિના સાધુમહારાજ દીપડાની પાસે બેસી ગયા અને એમની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. પોતાના બાળકનું મરણ થયે મા વિલાપ કરે એટલો કરુણ વિલાપ કરવા લાગ્યા. હૉલે સાધુમહારાજના ખભા પર હાથ મૂકીને પૂછ્યું, 'પેલી પગદંડી પર આ જ દીપડો દેખાયો હતો ને?'

'હા, સાહેબ. જ્યારે એણે જાણ્યું કે હવે પોતાનો અંત નજીક આવી ગયો છે ત્યારે એ મને શોધવા આવ્યો હતો. પણ જ્યારે આપ આગળ વધ્યા ત્યારે એ અહીં આવતો રહ્યો અને......'

અને સાધુમહારાજ ફરી પાછા આક્રંદ કરવા લાગ્યા.

હૉલ જરા કડક બનીને બોલ્યો, 'તમે દીપડાને પોતાની સાથે રાખીને બહુ મોટો ગુનો કર્યો છે. તમે જાણો છો કે આણે બે માણસોની હત્યા કરી છે ત્રણ-ચારને ભૂંડી રીતે ઘાયલ કર્યા છે. ડઝનબંધ પશુ ફાડી ખાધાં છે. અને આનાથી છુટકારો દેવડાવવાને બહાને તમે ગામવાળાઓ પાસેથી પૈસા પડાવ્યા છે..'

'ના, મેં ફક્ત ખાવાનું લીધું છે. આ દીપડો તદ્દન નાનો હતો ત્યારથી મારી સાથે હતો. મેં માનેલું કે બાહરના આ ગીચ વિસ્તારમાં જંગલી સુવરો ઘણાં હોય તો એમના પર જ આ ગુજારો ચલાવશે. કોઈને નુકસાન નહિ કરે. પણ મને શી ખબર કે...'

'તમને ખબર કેમ નથી? એણે પહેલો હુમલો કર્યો હતો એ વાતને કેટલાય મહિના થઈ ગયા. જો તમે એનું રક્ષણ ન કરત તો એ ક્યારનોય શિકાર થઈ ગયો હોત. પણ તમે જાણી-બૂઝીને એને બચાવતા રહ્યા છો.' હૉલે ફરીથી સાધુને ચાદ આપી.

સાધુ થોડી વાર સુધી માથું નમાવીને બેસી રહ્યા. પછી કહે, 'હું આને મારા પોતાના બાળક જેવો પ્રેમ કરતો હતો. અને કોઈનું બાળક ખોટે રસ્તે ચડી જાય તો ય એને પ્રેમ કરવાનું કોઈ છોડી દે ખરું?'

હૉલ વિચારમાં પડી ગયો. એને લાગ્યું કે હું સાધુને પોલીસમાં તો નહિ જ સોંપી શકું; કારણ કે સાધુએ અત્યારે જે વાત કરી એ અદાલતમાં તો કબૂલ કરશે જ નહિ. ગ્રામજનો પણ એની વિરુદ્ધ સાક્ષી આપવાની હિંમત નહિ કરે. એ સાધુમહારાજને જંગલમાં આક્રંદ કરતા મૂકીને પાછો વળી ગયો. એ જ રીતે સાધુમહારાજ પોતાની ઝૂંપડી મૂકીને ચાલ્યા ગયા. બીજે દિવસે હૉલ ઝૂંપડીએ પહોંચ્યો ત્યારે ત્યાં કોઈ નહોતું. દીપડાનું શબ પણ ત્યાંનું ત્યાં જ પડ્યું હતું.—હા, એના ગળામાં જૂઈનાં પુષ્પોની માળા પડી હતી!

---

## હિંદી પત્રમિત્રો

(10) Jagdishchandra Gaurishanker Joshi, Harshad Stores, Nagar Para, Pili Bangali, Jamanagar —18, Drawing, Music. (11) Neelkumar Rathor, C/o Mohanlal K. Rathor. Katras Road, Dhanbad—18, Cricket, View-cards. (12) Ramesh Parekh, Shree Modh Vanik Boarding, Near Post Office, Jawahar Chawk, Amreli (Gujarat)—age 16, Stamps, Sports, F. D. Covers. (13) Mangaldas Gandhi, (address as above)—19, Cinema, Science. (14) Miss Induben R. Patel, Govindji Mandani Senetorium, Room No. 3, Mathuradas Road, Kandiwali, Bombay-67—20, Stamp, Pen-pals, Travel, (15) Madhusudan Valabhdas Dhanki, Opp. Bhavsinhji Park, Laxmi Nivas, Porbandar (Gujarat)—19, Stamps, Music, View cards. (16) Nareshkumar Rathore, C/o Mr. Mohanlal K. Rathore, Katras Road, P. O. Dist. Dhanbad (Bihar) —19, View-cards, General Knowledge. (17) Nuruddin Ashisqhusen Godharawala, Godharawala Building 2nd Floor, Jhanpa Bazar, Begumpura, Surat-1 —19, View-cards, Cinema, Reading.

# કલાવાર્તા


## કલાનો લોકસમાગમ

નવસારી સ્ટેશનથી દાંડી તરફ જવાના માર્ગ પર એક કીલોમીટર દૂર 'પ્રજાપતિની વાડી' નામે ઓળખાતી એક વસાહત છે. મોટા વિસ્તારવાળી આ વસાહતમાં એકદમ નજરે પડે એવું 'ભારતીય સંસ્કૃતિ-ભવન'નું એક મહાલય ઊભું છે. એના વિશાળ સભાખંડની આસપાસ બાળમંદિર, સ્ત્રી-શિક્ષણ વર્ગ અને સવાર-સાંજ રામકથા ચાલે છે. સૂરત નવસારીના ભદ્રસમાજથી આજ સુધી લગભગ અજાણ આ સ્થાન એકાએક આ વર્ષે વર્તમાનપત્રોમાં ઝળક્યું ત્યારે જ મોટા સમુદાયને જાણ થઈ કે વીજલપોરના એક વતની અને સંસ્કારપ્રેમી સદ્‌ગૃહસ્થ માસ્તર ભીખાભાઈ ઉકાભાઈએ દ. આફ્રિકાના ટ્રાંસવાલ પ્રદેશમ ધંધાકીય સાહસ અને ઉદ્યમ કરી પોતાના વતનને એક સંસ્કારધામથી સમૃદ્ધ બનાવ્યું છે.


દાંડી કૂચ લઈ જતી વેળા ગાંધીજી આ સ્થળે રાત રોકાયા હતા એથી આ જગ્યાને પવિત્ર માની આ ગૃહસ્થે ચોપાસની આમ્રવનથી ભરચક બાર વીઘા જમીન ખરીદી લઈ તેને પ્રજાપતિની વાડી તરીકે વિકસાવી અને ગ્રામજનતાના સંસ્કારકેન્દ્રની સ્થાપનના પ્રારંભરૂપ આ 'ભારતીય સંસ્કૃતિ ભવન' બાંધ્યું છે.

આ સંસ્થાની આસપાસ કલાત્મક રચનાઓ, સંસ્કારશિબિરો, સંસ્કારપ્રદ કથા-વ્યાખ્યાનો કે નાટ્યસમારંભો, પરિષદો વગેરે માટે સગવડો અને સંસ્થાઓ ઊભી કરવાનો આદર્શ સેવાય છે. એ ગૃહસ્થની એક ઇચ્છાનુસાર આ ભવનની ભીંતો પર અબોધ ગ્રામજનોને અને સંસ્કારપ્રેમીઓને આનંદ અને આશ્વાસન આપે એવા પ્રભાવી પ્રસંગોના વિશાળ ચિત્રપટો મૂકવાનો પ્રારંભ થયો છે અને તે માટે આ વર્ષની ગ્રીષ્મ રજાઓમાં શ્રી રવિશંકર રાવળની દોરવણી તળે કામ કરવાનો એક ચિત્રશિબિર યોજવામાં આવ્યો હતો. જેમાં સર્વશ્રી રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, વાસુદેવ સ્માર્ત તથા ચંદ્રવદન ભટ્ટ વગેરે કલાકારો સાથે કલાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ જે ચિત્રસર્જન કરેલું તેમાંની કેટલીક કૃતિઓ અહીં તથા અન્યત્ર આપી છે.





મથાળે: 'ચિત્રકૂટકે ઘાટ પે... તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર'. ઉપર: પંઢરપુરના પ્રજાપતિ ભક્ત ગોરાકુંભાર. ચિત્રકાર: શ્રી રવિશંકર રાવળ અને સહાયકો: અનિલ વ્યાસ તથા અનંત મહેતા નીચે: શ્રી સોમાલાલ શાહની કૃતિ: 'મીરાંનો મેવાડ-ત્યાગ'.



## અલગારી કલાકાર જશવંત ઠાકર

નાટ્યક્ષેત્રના જૂના જોગી—અવધૂત કલાકાર શ્રી જશવંત ઠાકરને આપણી ભારત સરકારની સંગીત-નાટકની અકાદમીએ અભિનય તેમજ દિગ્દર્શનના ક્ષેત્રમાં એમના ઉત્તમ કાર્યની કદર રૂપે આ વર્ષનો ઍવોર્ડ આપવાની જાહેરાત કરી છે. તે નાટ્યરસિક જગત માટે આનંદની ઘટના છે.

મનમોજી, ખેલદિલ અને નાટ્યક્ષેત્રના આ અલગારી જીવથી ભાગ્યે જ ગુજરાતનો કોઈ કલાકાર અજાણ હોય. એ જન્મજાત કલાકાર છે. નાટક સાથેનો એમનો નાતો જૂનો—ઘણો જૂનો છે. એમના સમસ્ત જીવન સાથે નાટક





ભારતીય સંસ્કૃતિભવનના રંગમંચની ભીંતને આવરી લેતા, શ્રી રાવળના આ ૩૬ ફૂટ લાંબા ચિત્રમાં માનવીની જન્મથી મૃત્યુ સુધીની સંસારયાત્રા દર્શાવવા સાથે ચંદ્રલોકમાંથી આવી સૂર્યલોકમાં વિલીન થતા આત્માની ભાવના વ્યક્ત કરી છે. કેન્દ્રમાં ૐકારના સંકેત પાછળ ત્રિગુણાત્મક બ્રહ્મને સાકાર કરતી ત્રિમૂર્તિનું સ્વરૂપ અને ચોતરફના અન્ય વિસ્તારમાં ગ્રહ-નિહારિકાના સંકેતો દ્વારા અપાર વિશ્વનો ખ્યાલ આપ્યો છે.


ડાબી બાજુ: શ્રી શંકરાચાર્ય. ચિત્રકાર: છગનભાઈ પટેલ. સહાયક: કાંતિ નાયક

વણાઈ ગયું છે. નાટકની સાથે જ કવિતા કરવાની પણ એમની ધૂન જબરી. અલબત્ત કાવ્યપ્રકાશનમાં વર્ષો સુધી તેમની પ્રવૃત્તિ ઘણુંખરું લોકસમાજથી ગોપિત રહી. હમણાં જ એમનો કાવ્યસંગ્રહ 'અંતરપટ' પ્રગટ થયો. એમના બહારથી અલગારી દેખાતા દિલમાં પ્રેમની કેવી આરત, વેદના ભંડારાઈ છે તેનું તેમની કવિતામાં કંઈક નિદર્શન થાય છે.


તેમણે કેટલાંક નાટકો વાંચ્યાં, રચ્યાં, અનુવાદ્યાં, ભજવ્યાં, ભજવાવડાવ્યાં તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. પણ એટલું તેમને માટે અવશ્ય કહી શકાય કે નાટક માટે તેમણે ભેખ લઈને નાટકમાં જ પોતાની જિંદગીની ઇતિશ્રી માની છે. પશ્ચિમના મહાન નાટ્યકારો શૉ, ઇબ્સન, શેક્સપીઅર જેવાનાં તેમજ આપણા કવિવર ટાગોરનાં નાટકોનો ગુજરાતને સુખદ પરિચય તેમની મારફત પણ થયો. નાટ્યપ્રવૃત્તિ કરતાંકરતાં તેમજ નાટકના અભ્યાસાર્થે અનેક મુલકોનો પ્રવાસ ખેડ્યો છે. અનેક નાટ્ય-સંસ્થામાં કામગીરી બજાવી. એમનામાં નાટક ભજવવા અંગેની ઝીણી સૂઝ છે એમનો અવાજ કલાકારનો રણકો પ્રગટ કરનારો છે. મસ્તપણે તેઓ એમના વ્યવસાયમાં વિહરે છે. એમની પ્રવૃત્તિઓ વિશે પ્રશંસા અને ટીકા બન્નેની કમી નથી, તો પણ એમના સંપર્કમાં આવનારને એમના હૂંફાળા, એમની ખેલદિલીનું, ને નિખાલસતાનું પારખું જરૂર થશે. નાટ્યકારોને જોતાં એમનો જીવ ઝાલ્યો રહેતો નથી. પ્રેમપૂર્વક એમને પટાવી, મૂંઝવી–ક્યારેક ધમકાવીને પણ એ નાટકોનો તકાદો કરે છે.

નાટકના આવા ભેખધારી કલાકાર જીવનું ભારત સરકાર તરફથી સન્માન થયું તે ગુજરાતના કલાજગત માટે ગૌરવ ઘટના છે.

–મધુસૂદન પારેખ



અમને જણાવતાં દુઃખ થાય છે કે, રંગવાળાં આંગળાંની છાપ પાડીને અવનવાં સુંદર ચિત્રસર્જનો કરવા માટે જાણીતા કલાકાર આર. કે. માલવણકર (જુઓ અંક ૫૧૧) ગઈ તા. ૩-૧૨-'૬૮ના રોજ હૃદયરોગના હુમલાથી અવસાન પામ્યા છે.
ઈશ્વર એમના આત્માને શાંતિ આપો.



શ્રીકૃષ્ણ ચિત્રકાર: રસિકલાલ પરીખ

# ટિકિટ-સંગ્રહ

## બ્રિટનની ત્રણ નવી ટિકિટ...

બ્રિટન ને ફ્રાંસના સહયોગથી તૈયાર થતા નવા કૉન્કૉર્ડ વિમાનના પ્રથમ પ્રાયોગિક ઉડ્ડયનની યાદમાં બ્રિટને આ ત્રણ ખાસ ટપાલ-ટિકિટો તૈયાર કરી રાખી છે. મનાય છે કે આ ઉડ્ડયન આવતા જાન્યુઆરીમાં થઈ શકશે અને ત્યારે આ ટિકિટો બહાર પાડવામાં આવશે.

આમાં, અનુક્રમે પહેલી ટિકિટ પર આકાશમાં ઊડતા કૉન્કૉર્ડની નીચે દૂર ઇંગ્લૅંડ અને ફ્રાંસની ભૂમિ દર્શાવી છે. આ ટિકિટને ચાર પેન્સની કિંમત એટલા માટે આપવામાં આવી છે કે રોજિંદા ઉપયોગમાં એ વધુ વપરાય અને એ રીતે વધુ લોકો કૉન્કૉર્ડથી પરિચિત બને. આ ટિકિટનું આલેખન માઈકલ અને સીલ્વિયા ગોર્મૅને કરેલું છે અને એની છપાઈ પાંચ રંગમાં કરવામાં આવી છે.

બીજી ટિકિટ પર કૉન્કૉર્ડને બરાબર ઉપરથી તથા બાજુમાંથી જોતાં જે દેખાય એ બહિર્-રેખાની સરળ આકૃતિઓને એકબીજી પર આલેખી છે. આ ઉપરાંત આ ટિકિટમાં ફ્રાંસ અને બ્રિટનના આ સંયુક્ત સાહસના દ્યોતક બંને દેશોના રાષ્ટ્રધ્વજનું આલેખન પણ છે. બ્રિટનની ટિકિટ પર આમ પહેલી જ વાર રાષ્ટ્રધ્વજ રજૂ થાય છે. યુરોપના દેશોમાં જતી ટપાલો પર મોટે ભાગે ૯ પેન્સની આ ટિકિટ વપરાશે એટલે ત્યાં કૉન્કૉર્ડને પરિચિત કરી શકે તેવું ચારરંગી આલેખન છે.

બહુધા દરિયા પારના દેશો માટે વપરાનારી ૧ શિ. ૬ પે.ની ટિકિટ પર કૉન્કૉર્ડના અગ્ર તેમજ પૃષ્ઠભાગના આલેખનની રચના છે. આ ટિકિટનું મુદ્રણ રૂપેરી સાથે ત્રણ રંગમાં થએલું છે. આ બંને ટિકિટોનાં ડિઝાઈન ડૅવિડ જેન્ટલમૅને કરેલાં છે.

બ્રિટનના એકમાત્ર ગુજરાતી સાપ્તાહિક 'ગરવી ગુજરાત'ના તંત્રી શ્રી રમણિકલાલ સોલંકીએ આ આલેખકોની મુલાકાત લઈ ખાસ 'કુમાર' માટે એમના હસ્તાક્ષરો-સહી કરાવીને એ ટિકિટોના આ ફોટોપ્રિન્ટ મોકલાવવા સાથે તેઓ જણાવે છે કે, 'બૅટલ ઑવ બ્રિટન અને હૅસ્ટિંગ્સની લડાઈની જયંતી તથા ચર્ચિલ અને શેક્સપીઅરની ટિકિટોના આલેખક ડેવિડ જેન્ટલમૅન તો હમણાં જ, રડયાર્ડ કિપ્લિંગના પુસ્તક માટે ચિત્રો તૈયાર કરતાં પહેલાં એર ઇન્ડિયાના સહકારથી ભારત આવ્યા હતા. આપણી રવીન્દ્રનાથ ટાગોરની




ટિકિટ એમને ઘણી ગમી હતી. ભારતની ટિકિટો માટે ડિઝાઈન કરવાનું એમને ગમે, પણ તેઓ સામે ચાલીને આ માટે પ્રસ્તાવ નહિ મૂકે. કૉન્કૉર્ડની એમની આ સુંદર ટિકિટોનાં ડિઝાઈન પાછળ એમણે સતત બે મહિના સુધી વિચારણા ને વિવિધ આલેખનો કર્યાં હતાં.'

ફેરફાર લાઈન સાથે ફોટોગ્રૅવ્યૉરમાં આ ટિકિટો હૅરિસન્સે છાપી છે.

## ...અને તેના મુદ્રક

બ્રિટનની ટિકિટો પર એના આલેખકના નામ સાથે તેના મુદ્રક 'હૅરિસન્સ'નું નામ પણ ઘણાંએ જોયું હશે. મોટાભાગની બ્રિટનની—અને બીજા કેટલાક દેશોની પણ ટપાલટિકિટો આ હૅરિસન્સ છાપે છે. એમને ત્યાં છપાતી રોજની ૭૫૦ લાખ ટિકિટોમાં કેટલીક તો દુનિયાભરમાં પ્રશંસા પામી છે. ઈ. ૧૯૬૭માં એમને રાણીનો 'ઍવૉર્ડ' પણ મળ્યો હતો.

છેક ઈ. ૧૭૫૦થી હૅરિસન્સમાં સરકારી તેમજ અન્ય છાપકામ થતું હતું. તારનાં ફૉર્મ પર થોડાં વર્ષો ચાલેલી એક શિલિંગની છાપ છાપીને ઈ. ૧૮૮૧માં એમણે ટપાલખાતાના મુદ્રણનો આરંભ કર્યો. પણ ટપાલટિકિટના મુદ્રણની શરૂઆત ઈ. ૧૯૧૦થી કરી. ત્યારે રોજની દસ લાખ ટિકિટો છાપી આપવાની હતી એટલે મિડલસેક્સમાં હેયેસમાં એમણે એક નવી જગ્યા રાખી.

આ જ ગાળામાં મુદ્રણમાં ફોટોગ્રૅવ્યૉર પદ્ધતિનો નવોનવો વિકાસ થયો હતો. ૧૯૧૪થી ૧૯૨૩ દરમિયાન ફ્રાંસ અને જર્મનીએ મર્યાદિત પ્રમાણમાં આ પદ્ધતિએ ટપાલ-ટિકિટો છાપેલી પણ મુખ્યત્વે એનો ઉપયોગ કલાકૃતિઓ અને નકશાની છપાઈમાં થતો. ૧૯૨૪માં હૅરિસન્સને ઇજિપ્તની ટિકિટો આ રીતે છાપવાનો એક મોટો ઑર્ડર મળ્યો.

પછી તો બીજા દેશો માટે પણ તેઓ ટપાલ-ટિકિટો છાપવા માંડયા. બ્રિટનની હાલની લગભગ બધી ટપાલ-ટિકિટો આ રીતે જ છપાય છે. થોડા જ વખતમાં એમને છાપખાનાને વધુ વિસ્તારવાની જરૂર પડી અને ૧૯૩૩માં હાઇ વાયકૉમ્બ મુકામે એમનું આજનું છાપખાનું સ્થપાયું.

ઉત્તરોત્તર ટપાલટિકિટનાં આલેખનોની શૈલી અને રંગરચનામાં વિકાસ થતો જઈ બહુરંગી છપાઈ પ્રચલિત બની. બૅટલ ઑવ બ્રિટનની ટિકિટો નવરંગમાં છપાઈ હતી. વિવિધ રંગ ઉપરાંત સોનેરી-રૂપેરી વરખવાળી છપાઈ પણ થવા લાગી.

હવે આપમેળે રદીકરણ અને તારવણી કરતાં યંત્રોના સ્વયં-સંચલન માટે ટિકિટો પર ફૉસ્ફર શાહીનો ઉપયોગ પણ થવા લાગ્યો છે.

આજે હૅરિસન્સમાં એના હાઈ વાયકૉમ્બના કારખાનામાં ૭૫૦ કર્મચારીઓ છે. ચિત્રકાર અને પોસ્ટ ઑફિસ સાથે સંપર્કમાં રહી નવી ટિકિટોનાં આલેખનો વખતે હૅરિસન્સ મુદ્રણને અનુકૂળ સલાહ-સૂચનો પણ આપે છે.

જ્યારે જનરલ પોસ્ટ ઑફિસ નવી ટિકિટો માટે હૅરિસન્સને ડિઝાઈન સોંપે છે ત્યારથી એની કામગીરી ચાલુ થાય છે. પ્રથમ તો એ ડિઝાઈન પરથી ટિકિટ કરતાં લગભગ બમણા કદની એક 'માસ્ટર નેગેટિવ' તૈયાર કરે છે. આના પર જો જરૂર જણાય તો થોડા સુધારા-વધારા કરીને પછી એ નેગેટિવ પરથી 'સ્ટેપ ઍન્ડ રીપીટ' કૅમેરા વડે કાચની એક મોટી તકતી પર એક પછી એક સરખા અંતરે અને હારબંધ ૯૬૦ જેટલી છાપ લેવાય છે. ટિકિટ પરના દરેક રંગ માટે આવી અલગઅલગ તકતી બનાવવી પડે છે. આ છાપ પોઝિટિવ હોય છે.

કાચની આ તકતી પરથી જાળીદાર કાર્બન ટિશ્યૂ પર ફરી એક મોટી નેગેટિવ તૈયાર થાય છે. તેના પરથી છાપવા માટેના સીલિંડર પર

એ છાપ ઉતારવામાં આવે છે.


આ સીલિંડરને એચિંગ કરીને (ઍસિડ વડે કોરીને) તૈયાર કર્યા પછી એના પરથી નમૂના-ની છાપ-પ્રૂફ કાઢવામાં આવે છે. આ પ્રૂફમાં વિપુલદર્શી કાચ વડે બહુ ઝીણવટથી એમાંની એકેએક ટિકિટને તપાસી તેમાં રહેલી ક્ષતિ દૂર કરવામાં આવે છે. બહુ ચોકસાઈ માગી લે તેવું આ કામ છે.

ટિકિટની છપાઈ વાતાનુકુલિત ખંડમાં જ થાય છે. એથી છાપ બરાબર સ્પષ્ટ આવે તથા છપાયા પછી પાછળ ગુંદર લગાડવામાં આવે ત્યારે કાગળ વળી જતો નથી. છેલ્લે ટિકિટો છાપેલા કાગળ પર 'પરફોરેશન' કરવામાં આવે છે. આમાંની કોઈ પણ કામગીરીમાં બગડેલી ટિકિટોનો તુરત નાશ કરવામાં આવે છે.

ટિકિટ છાપવાની શાહી પણ સમય જતાં બિલકુલ ઝાંખી ન પડે કે ટિકિટ પર પાણી લાગતાં એ ઊખડી ન જાય તેવી તથા તદ્દન બિનઝેરી હોવી જરૂરી છે.

આમ, પ્રત્યેક તબક્કે ચોકસાઈ માગી લેતા ટપાલટિકિટના આ મુદ્રણને સફળતાથી પાર પાડનાર હૅરિસન્સના કામના નમૂના આખી દુનિયા પર પ્રસરી જઈ લોકો પાસેથી સીધી કે આડકતરી પ્રશંસા માગી લે છે.

'ઑમન' એ પૂર્વ અરબસ્તાનમાં આવેલી ૩,૫૦,૦૦૦ ચો. કિ. મી. વિસ્તારની અને વીસ લાખની વસતિવાળી અલ ઈમામ ગાલિબની એક સ્વતંત્ર ઇમામત (રાજ્ય) છે. હમણાં એણે પોતાની પ્રથમ દસ ચાલુ ટપાલ-ટિકિટો બહાર પાડી છે જેમાં કિંમત અને રંગના ફેરફાર સાથે નીચે પ્રમાણેનું એક જ આલેખન મૂકેલું છે. આવતાં વર્ષોમાં ઑમન-ની આ આરંભની ટિકિટોની સંગ્રાહકોમાં કિંમત વધવાનો પૂરેપૂરો સંભવ છે.





# આંતરશાળા શતરંજ ટૂર્નામેન્ટ

ગયા વર્ષથી મુંબાઈમાં શતરંજની આંતર શાળાકીય ટૂર્નામેન્ટ રમાવી શરૂ થઈ છે. ગયા વર્ષે શ્રી ડોટીવાલાએ આપેલા શિલ્ડ માટે ૩૦ ઉપરાંત શાળાનાં ૬૦થી વધુ વિદ્યાર્થીઓ એ એમાં ભાગ લીધેલો. આ વર્ષે 'કિશોર મોદી મૅમોરિયલ ટ્રૉફી' માટે વિદ્યાર્થિનીઓ રમી હતી. આ ટ્રૉફી માટેની રકમ 'કુમાર કાર્યા-લય' તરફથી 'શતરંજ'ના પુસ્તક માટે મને મળેલી રૉયલ્ટી તેમજ એ પુસ્તકને મળેલા ગુજરાત રાજ્યના પુરસ્કારમાંથી આવી છે એટલે સ્વાભાવિક છે કે 'કુમાર'ના વાચકો અને અમને એમાં રસ પડે. પ્રથમ તો આ ટ્રૉફી ગુજરાત રાજ્યના 'સ્ટેટ એસોસીએશન' ને સોંપવા ધારેલી પરંતુ તે એનો લાભ લઈ શક્યું નહિ એ એક ખેદની વાત છે.

સાત રાઉન્ડની સ્વિસ પદ્ધતિથી રમાતી આ ટૂર્નામેન્ટમાં ચોથું રાઉન્ડ ચાલતું હતું ત્યારે વલ્લભ વિવિધલક્ષી વિદ્યાલયના ૮માંથી ૭ પોઇન્ટ હોઈ તે મોખરે હતું. આ શાળાની એક વિદ્યાર્થિની કલ્પના પરીખના ૪માંથી ૪ પોઈન્ટ હતાં અને અંગત પોઈન્ટમાં એ સૌથી આગળ હતી. ચોથા રાઉન્ડમાં ત્યારે નીચે પ્રમાણે સ્થિતિ હતી.

**હેમલતા શેનોય** (કિંગ જ્યૉર્જ હાઈસ્કૂલ)



**કલ્પના પરીખ**

(વલ્લભ વિવિધલક્ષી વિદ્યાલય)

કાળાએ રમવાનું.

આ સ્થિતિમાં સફેદની ચાલ હોય તો તે 1 Q×BPથી મ્હાત કરે છે. આની સામે બચાવ માટે સૌથી પહેલો વિચાર 1..., P–B3નો આવે, પણ તે પછી 2 B×P, P×B; 3 R×P ch. પછી સફેદ બહુ જલદી જીતી જાય. તે જ રીતે 1..., P–KN3 પછી 2Q–R6ch, K–N1; 3B–B6 અને 4 Q–N7 મ્હાત રોકી શકાય નહિ. BPના રક્ષણ માટે NQ1 અને NK4માંથી NK4 જ વધુ સારી ચાલ છે. આ બધું વિચારીને આ ચાલ રમાઈ તેથી આંતર-શાળા હરી-ફાઈના આ પહેલા વર્ષનું સારું ધોરણ ગણાય. હવે પછીની બીજી બે-ત્રણ ચાલ પણ આ જ રીતે સારી રહી.

1..., N–N4; 2B–B4, N–N3; 3 B–Q6ch., K–N1; 4R–K1, Q×R ch. આ સિવાય વજીર ક્યાંય ચાલે તો R–K8 mate થાય એટલે એનો ભોગ આપવો જ રહ્યો સાધારણ રીતે મોટી ટૂર્નામેન્ટ-માં કાળો આવી સ્થિતિમાં ક્યારનો resign થઈ ગયો હોય, પણ અહીં તેની જરૂર નથી. શરૂઆતમાં તો ખેલાડીઓને હું મ્હાત સુધી રમવાની જ ભલામણ કરું. આ જ હરીફાઈમાં એક બીજા બોર્ડ ઉપર એક વિદ્યાર્થિની પાસે એક વજીર વધુ હોવા છતાં એ જીતી શકી નહિ ને પરિણામ stalmateમાં આવ્યું હતું.

5 K×Q, P–N3; 6Q–K2. હાથીને K1 ઉપર થઈને K8 ઉપર લાવવાની તૈયારી રૂપે. 6Q–N5 કે 6Q–K2 એ વધુ સારી ચાલ છે.

6..., B–N2; 7R–K1, P–KR3 8R–K8ch, K–R2; 9B–B4, N×B; 10 P×N, P–N3; 11Q–R4. અહીં 11 R×Rch! K×R; 12 Q×RPch, K–N1; 13N–K8 પછી 14Q–N7થી મ્હાત થઈ શકત.

11..., R×R; 12 N×R, P–KR4; 13Q–B6!, K–R3; 14Q–N7 mate.

આપણે આરંભમાં જોઈ એ સ્થિતિમાં સફેદ પાસે હાથી વધુ છે સાધારણ રીતે તેણે સામસામાં સરખાં મહોરાંઓ ખતમ કરીને સ્થિતિ સરળ બનાવવી જોઈએ. જ્યારે કાળા-એ જેમ બને તેમ મહોરાંઓ રહેવા દઈને પરિસ્થિતિને ગુંચવાડાભરી કરવી જોઇએ. અહીં એથી ઊલટું જ છે. વળી, જે પરિસ્થિતિ ઊભી થઈ તે ઉપરથી એમ પણ કહી શકાય કે રમતનું ઑપનિંગ (આરંભ) પણ સૈદ્ધાંતિક રીતે થયું નહિ હોય સૈદ્ધાંતિક જ્ઞાન અપાય તો આ વિદ્યાર્થિનીઓની રમત જરૂર સુધરે. જેમજેમ આ હરીફાઈ વધુ ને વધુ રમાતી જશે તેમતેમ આ ખોટ પૂરી થઈ રમતનું ધોરણ ઊંચું આવશે જ. શુભ શરૂઆત થઈ છે એ જ આનંદની વાત છે.

**સુરેશ મોદી**

# સાહિત્યસંપર્ક

## શબ્દકથા : દેવાનાંપ્રિય 'દેવોનો પ્રિય'

જોડણીકોશે 'દેવાનાંપ્રિય' એવો શબ્દ બે અર્થમાં નોંધ્યો છે : (૧) દેવોને પ્રિય એવું (અશોકનો ઇલકાબ); (૨) (લાક્ષણિક અર્થ) મૂર્ખ.

મૂળ સંસ્કૃત પ્રયોગ 'દેવાનાં પ્રિયઃ' છે, જેનો શબ્દશઃ અર્થ 'દેવોનો પ્રિય' એવો થાય છે. પાલિ રૂપ 'દેવાનં પ્રિયો' કે 'દેવાનં પિયો' છે. અશોકના શિલાલેખોમાં તેને પોતાને માટે તેમજ અન્ય રાજવીઓ માટે તે વપરાયું છે, અને પાલિગ્રંથોમાં સિંહલદ્વીપના રાજા તિસ્સ માટે પણ તે વપરાયું છે. વળી જૈન આગમસાહિત્યમાં 'દેવાણુપ્પિય' એવા રૂપમાં રાજાઓના સંબોધન તરીકે તે મળે છે. આમ 'દેવાનાંપ્રિય'ને અશોકનો 'ઇલકાબ' ગણી શકાય કે કેમ એ પ્રશ્ન છે. માનીતું વિશેષણ ખરું.

'દેવાનાં પ્રિયઃ'નો પ્રાચીન સમયમાં જ અર્થ રૂઢ બની ગયો હતો. તે શુભેચ્છાદર્શક શિષ્ટ સંબોધન કે વિશેષણ તરીકે વપરાતો. પાણિનિએ તે નોંધ્યો છે અને પતંજલિએ તેને 'આયુષ્માન', 'ભવાન્', 'દીર્ઘાયુ' જેવો ગણાવ્યો છે. 'ભદ્ર', 'મહાશય', 'મહાનુભાવ' જેવો જ આ પ્રયોગ હતો. છઠ્ઠી શતાબ્દીના બાણભટ્ટના હર્ષચરિત સુધી આ અર્થમાં 'દેવાનાં પ્રિયઃ'નો પ્રયોગ મળે છે.

પણ પતંજલિની પહેલાં કાત્યાયનનાં સમયથી જ તે લક્ષણાથી થએલા કુત્સિત અર્થમાં પણ પ્રચારમાં હતો – તે 'મૂર્ખ'નો પર્યાય પણ હતો. ને પાછળના કૈયટ, હેમચંદ્ર, ભટ્ટોજી દીક્ષિત વગેરે સંસ્કૃત વ્યાકરણકારોએ આ અર્થની નોંધ લીધી છે. કાવ્યપ્રકાશકારે પણ તેનો નિર્દેશ કર્યો છે.

આપણા ચાલુ પ્રયોગમાં 'તે તો સાવ ભગવાનનો માણસ છે' એવી ઉક્તિમાં ભગવાનનો માણસ' એ શબ્દો 'ભલોભોળો' ઉપરાંત 'ભોટ' એવા અર્થના પણ વાચક છે. 'ભગત' શબ્દ પણ 'સાવ ભગત છે' એવા પ્રયોગમાં 'હુશિયારી કે ઊંડી ગતાગમ વગરનો–મૂરખ' એવા અર્થમાં જાણીતો છે. આ ઉપરથી 'દેવાનાં પ્રિયઃ'નો 'મૂર્ખ' એવો અર્થવિકાસ સમજી શકાશે.

**હરિવલ્લભ ભાયાણી**

## જૂની પેઢીના પીઢ વિવેચક

**શ્રી** વિશ્વનાથ મગનલાલ ભટ્ટનું નવેમ્બરની ૨૭મી તારીખે નડિયાદમાં અવસાન થયું તે



સાહિત્યજગત માટે એક દુઃખદ ઘટના છે. એમના અવસાનથી ગુજરાતે એક પીઢ ને નિડર વિવેચક ગુમાવ્યા છે શ્રી વિશ્વનાથ ભટ્ટે ભાષા અને સાહિત્યક્ષેત્રે અનેકવિધ પ્રવૃત્તિ કરી હોવા છતાં મુખ્યત્વે તેમના કીર્તિ તેમનાં વિવેચન પુસ્તકો પર મંડાણ થએલી છે.

ઈ. સ. ૧૮૯૮માં ભાવનગર રાજ્યના એક નાના ગામ ઉમરાળામાં તેમનો જન્મ. પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ જુદાંજુદાં ગામોમાં લઈ અમરેલીમાંથી ૧૯૧૬માં મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી ૧૯૨૦માં સંસ્કૃત અને અંગ્રેજી વિષયો સાથે બી. એ. ની પરીક્ષા પસાર કરી એમ. એ. થવાની તેમની ધગશ તેમને મુંબાઈ ખેંચી ગઈ; પરંતુ એ અરસામાં ગાંધીજીની સત્યાગ્રહની લડતની નોબતોનો નાદ તેમને સ્પર્શી ગયો ને તેમને ગાંધીભાવનાઓનો રંગ લાગ્યો. શિક્ષક તરીકેની કારકિર્દી તેમણે પસંદ કરી. ભરૂચ કેળવણી મંડળમાં તે આજીવન સભ્ય બન્યા. શિક્ષક તરીકે તેમની સેવા ઊજળી હતી, પરંતુ સાહિત્યની લગન તેમને જંપવા દે તેમ ન હતી. શ્રી ભટ્ટ સાહિત્યના સન્નિષ્ઠ અભ્યાસી હતા. અંગ્રેજી સાહિત્યમાં પણ તેમની પ્રશસ્ય ગતિ હતી. તેમની ઊગતી કારકિર્દીમાં તેમણે 'ગદ્યનવનીત'ના સંપાદન દ્વારા ગુજરાતી ગદ્યના અભ્યાસની પ્રતીતિ કરાવી ટૉલ્સ્ટોયની કેટલીક નવલકથાના અનુવાદ તેમણે કર્યા; 'નર્મદનું મંદિર' તૈયાર કરી આપ્યું. ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (ગુજરાત વિદ્યાસભા)ની માગણીથી પારિભાષિક શબ્દકોશ તૈયાર કરી આપ્યો. 'કૌમુદી'ગણમાં પણ અનુભવ પ્રાપ્ત કરી લીધો અને 'નિબંધમાળા' સંપાદિત કરી.

૧૯૩૦ પછી તેમના સાહિત્ય-સ્વાધ્યાયનાં ફળરૂપે 'સાહિત્ય સમીક્ષા' 'વિવેચનમુકુર' 'નિકષરેખા' વગેરે વિવેચન પુસ્તકો પ્રગટ થવા માંડયાં. વચમાં દોઢેક દાયકા જેટલો સમય તેમની કલમ થંભેલી રહી પરંતુ વળી ઈ ૧૯૬૨માં 'પૂજા અને પરીક્ષા'નું વિવેચન પુસ્તક લઈ તે પ્રગટ થયા. તેમનો વિવેચનનો આદર્શ સત્યનિષ્ઠા, સ્વાતંત્ર્ય, તાટસ્થ્ય અને સમભાવ એ ચાર પાયા પર મંડિત થયો છે અને 'વિવેચક એટલે એક રીતે સાહિત્યકલાનો ન્યાયાધીશ' એમ માનનારા શ્રી ભટ્ટે સાહિત્ય કૃતિઓ વિષેના તેમના નિર્ણયો નિડરપણે પ્રગટ કર્યા છે. અલબત્ત નર્મદ કે મુનશી જેવાની વિવેચનામાં તે ન્યાયાધીશ મટી વકીલ બની ગયા હોય, અથવા તાટસ્થ્ય અને સમભાવના તેમના પાયા ડોલી ગયા હોય તેમ પણ જોવા મળશે. તેમ છતાં ગુજરાતી સાહિત્યમાં તેમણે વિવેચકનો મહિમા કેવો છે તે ભારપૂર્વક પ્રતિપાદન કર્યું છે. શ્રી ભટ્ટના વિવેચનમાં અંગ્રેજી સંસ્કૃત તેમજ ગુજરાતી સાહિત્યનું ઊંડું અધ્યયન, ઝીણવટભરી પૃથક્કરણવૃત્તિ ને વિશદતા સહેજે જણાશે. વિવેચનક્ષેત્રે તેમણે જે મહત્ત્વનો ફાળો આપ્યો છે તે ગુજરાત કૃતજ્ઞ ભાવે સદૈવ સ્મરણમાં રાખશે.

બ્લૉક : 'સંદેશ'ના સૌજન્યથી.

## સ્વ. શ્રી રજનીકાન્ત મોદી

**શ્રી** રજનીકાંત મોદીનું નામ તો 'કુમાર'ના વાચકોથી પરિચિત છે. હમણાં થોડા દિવસો પહેલાં જ એમનું એકાએક અવસાન થતાં ગુજરાતીના એક વિદ્વાન લેખકની ખોટ પડી છે. શ્રી અરવિંદ આશ્રમ તરફથી એમના ઈશ્વર પરાયણ હૃદયની પ્રતીતિ કરાવતા બે કાવ્ય-સંગ્રહો - 'અર્ઘ્ય' અને 'અર્ચના' પ્રકટ થયા હતા. આ ઉપરાંત, શ્રી અરવિંદ અને માતાજીની અનેક કૃતિઓના એમણે અનુવાદ પણ કરેલા. એમણે બે 'પરિચય પુસ્તિકા'ઓ પણ લખેલી. 'જ્ઞાનાંજલિ' નામના સંગ્રહમાં વેદાન્ત અને વિજ્ઞાન વિષેના એમના અભ્યાસપૂર્ણ લેખો રજૂ થયા છે. પણ એમની વિદ્વત્તા એમના સરળ ને નિરભિમાની વ્યક્તિત્વ તળે ગોપાઈ રહેતી હતી એક ટૂંકી માંદગી આવી એમને આપણી વચ્ચેથી ઉપાડી ગઈ. ઈશ્વર એમના આત્માને શાંતિ આપો.

## સ્વીકાર-નોંધ

ઉપહાર : 'સમધિ'ની પ્રકાશન-પ્રવૃત્તિથી પ્રસિદ્ધ થએલ મુંબાઈની કે. જે. સોમૈયા કૉલેજે 'કાન્ત' જન્મશતાબ્દી પ્રસંગે પ્રસિદ્ધ કરેલ આ પુસ્તકમાં કાન્તનાં વિખ્યાત કાવ્યોનું વિવિધ દૃષ્ટિએ મૂલ્યાંકન કરતા અભ્યાસલેખો, કાન્તને અંજલિ અર્પતાં કાવ્યો અને કાન્તના જીવન કવન વિષે ચિંતનલેખો પ્રસિદ્ધ થયા છે. જેમાં સર્વશ્રી કાકાસાહેબ, સુરેશ જોશી,

હરિવલ્લભ ભાયાણી, રામપ્રસાદ બક્ષી, વિનોદ અધ્વર્યુ, જયંત પાઠક, ચંદ્રકાન્ત મહેતા, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, ઉશનસ્ આદિના મનનીય લેખો કાન્તના કાવ્યજગતમાં વિહારવાની સુંદર કેડી પાડી આપે છે. આ પ્રકાશન માટે સોમૈયા પબ્લિકેશન્સ સાથે સંપાદક શ્રી સુરેશ દલાલને પણ અભિનંદન! પ્ર. સોમૈયા પબ્લિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ, મુંબાઈ-૧૪, પૃ. ૧૭૮, પાકું પૂઠું, રૂા. ૭-૫૦.

**કે. ચિત્રકાર ધુરંધર શતાબ્દિ સ્મારક અંક:** મુંબાઈની જે. જે. આર્ટ સ્કૂલના જાણીતા ચિત્રશિક્ષક સ્વ. ધુરંધરની જન્મશતાબ્દિ નિમિત્તે પ્રસિદ્ધ થએલા આ અંકમાં એ આંગ્લ પદ્ધતિના ઉત્તમ ચિત્રકારનો પરિચય આપતા લેખો એમના શિષ્યો (જે પોતે પ્રતિષ્ઠિત કલાકારો છે) એ ગુજરાતી, મરાઠી ને અંગ્રેજીમાં લખી એમના ગુરુનું સુયોગ્ય સ્મરણ ને અભિવાદન કર્યું છે. અંતમાં સ્વ. ધુરંધરનાં કેટલાંક પારિતોષિક પ્રાપ્ત ચિત્રો આપી અંકની ગુણવત્તા વધારી છે. પ્ર. આચાર્ય ધુરંધર કલામંદિર, મુંબાઈ. પૃ. ૭૬, કાચું પૂઠું, રૂા. ૨.

**ક્ષીરાર્ણવ:** સ્થાપત્યકલા સાથે જ આપણે ત્યાં ખૂબ પ્રાચીન સમયથી અસ્તિત્વ ધરાવતા સ્થાપત્યશાસ્ત્ર અંગેની શાસ્ત્રીય માહિતીઓને મુખ્ય વિષય તરીકે લઈ લખાએલા ગ્રંથોમાં એક શ્રી વિશ્વકર્મા પ્રણિત મહત્ત્વના ગ્રંથ 'ક્ષીરાર્ણવ'નો, એની વિસ્તૃત ટીકાઓ સાથેના હિન્દી અને ગુજરાતી અનુવાદોનો, પ્રાચીન સ્થાપત્ય નમૂનાઓનાં ચિત્રો સાથેનો શ્રી પ્રભાશંકર સોમપુરાએ, એમના એક પરિચયાત્મક અભ્યાસલેખ સહિત, સંપાદિત કરેલો ગ્રંથ. પૃ. ૩૨૪, પાકું પૂઠું, રૂ. ૨૫.

**ચિંતનપરાગ:** ધર્મપ્રેમી, રાષ્ટ્રીયતાના રંગે રંગાએલા, સ્વદેશીના સન્નિષ્ઠ પ્રચારક અને માનવતાવાદી સ્વ. કાંતિલાલ નાથાલાલની પ્રથમ અવસાનતિથિએ એમના પુત્રો શ્રી રમેશભાઈ અને અરવિંદભાઈએ ગુજરાતના પ્રતિષ્ઠિત સર્જકો તથા વિવેચકોના ચિંતનાત્મક લેખોનું સંપાદન કરીને પ્રસિદ્ધ કરેલો અનુપમ ગ્રંથ, જેમાં સર્વશ્રી ઉમાશંકર, સુંદરમ્, રવીન્દ્રનાથ, કાકાસાહેબ, મકરંદ દવે, ઉશનસ, પિનાકિન દવે, યશવંત શુક્લ, ગુલાબદાસ બ્રોકર, જયંત પાઠક આદિનાં કાવ્યવિવેચનો, બૌદ્ધ-જૈન ધર્મ વિષયક તેમજ સામાજિક ને આધ્યાત્મિક લેખો છે, પણ પં. સુખલાલજી, ડૉ. આનંદશંકર ધ્રુવ આદિ વિસરાઈ ગયા છે, એ ઊણપ સાલે એવી છે. છતાં વિષયોનું વૈવિધ્ય ગ્રંથને આકર્ષક બનાવે છે.

**વાલચંદ હીરાચંદ:** ભારતમાં યાંત્રિક ઔદ્યોગીકરણનો પાયો નાખી, ખાંડ, વહાણવટું, વહાણબાંધણી, વિમાન મોટરગાડીની બનાવટ, મોટાં યંત્રો માટેનાં સહાયક ઓજારો આદિ માટેના ઉદ્યોગો નાખી રાષ્ટ્રની સંપત્તિ વધારનાર અને રાષ્ટ્રને સ્વાવલંબી બનાવનાર નામી ઉદ્યોગપતિના જીવન, કાર્ય અને કપરા સંજોગો વિષે અધિકૃત માહિતી આપતો આજના ઉદ્યોગપતિઓને પ્રોત્સાહન આપી શકે એવો ચરિત્રગ્રંથ. પ્ર. વાલચંદ અને કંપની પ્રા. લિમિ. મુંબાઈ. લે. ગંગાધર દેવરાવ ખાનોલકર, અનુ. ગોપાળરાવ ગ. વિદ્વાંસ. પૃ. ૭૩૨, પાકું પૂઠું, રૂ. ૧૦.

**વેદાંતનો યોગ:** શોકભાવથી છૂટવાનું, ચિંતામુક્ત થવાનું, જે કલાવિજ્ઞાન વેદાંતે પ્રબોધ્યું છે તેનો યોગ અર્થાત્ નિકટનો પરિચય અને જાણકારી કેળવી તેનાં અનુવર્તન દ્વારા પોતાના જીવનમાં 'ઉપયોગ' કરવાની પ્રેરણા આપતા આ ગ્રંથમાં સ્વામી શ્રી પ્રણવતીર્થજીએ ઉપનિષદોના ઉપદેશની વ્યવહારુ સમજૂતી આપી છે. પ્ર. શ્રી અને શ્રીમતી આણંદજી કેશવજી પઢિયાર, સ્વાધ્યાય, આબુગિરિ. પૃ. ૨૬૪, રૂ. ૫-૦૦.

**ગીતારસાયન:** લલિત ગુજરાતી પદ્ય તેમજ સરળ છતાં તેજસ્વી ગદ્યમાં ગીતાની વાણીનો યથાતથ્ય રણકાર ઝીલીને સ્વામી શ્રી પ્રણવતીર્થજીએ પ્રસ્તુત પુસ્તકમાં ગીતાના દરેક શ્લોકને તેની મૂળ પ્રકરણગત ભાવના અનુસાર કોઈ પણ વાદને અનુમોદન આપવાનું ટાળીને તટસ્થપણે સમજાવ્યો છે. જીવનસાગરનું સુખામૃત પચાવીને કૃતકૃત્ય થવા અર્થે ગીતાનો બુદ્ધિયુક્તિયુક્ત અભ્યાસ એક ઉત્તમ વલોણું છે એમ પ્રતિપાદિત કરી સામાન્ય વાચક તેનો સ્વરસ માણી શકે તે માટેનું યોગ્ય માર્ગદર્શન તેમાં પૂરું પાડ્યું છે. પ્ર. સોમાભાઈ મો. પટેલ, પારસી પંચાયત રોડ, પૂર્વ અંધેરી, મુંબાઈ ૬૯ ઇ. એસ. પૃ. ૪૧૫, રૂ. ૫-૦૦.

**ગાંધીજીનો અક્ષરદેહ:** મહાત્મા ગાંધીનાં ઈ. ૧૯૦૩-૦૫ દરમિયાનનાં લખાણો, ભાષણો, પત્રો ઈત્યાદિ અત્ર તત્ર વેરાએલી, એમની વિચારસરણીને મૂર્ત કરતી મૂલ્યવાન લેખનસામગ્રીનો સંચય કરી ગ્રંથસ્થ કરવાના નવજીવન પ્રકાશનના સ્તુત્ય પ્રયાસ રૂપ, શ્રેણીનું ૪થું પુસ્તક: નવજીવન પ્રકાશન, અમદાવાદ-૧૪. પૃ. ૫૯૨, પાકું પૂઠું, રૂ. ૧૯-૫૦.

**Lotus Bloom:** જીવનને પ્રેરણા આપે અને આત્મચેતનાને જાગૃત કરે એવાં આધ્યાત્મિક સત્યોને ને કાવ્યમય વાણીમાં પ્રગટ કરતાં ગદ્ય મુક્તકોનો સંગ્રહ લે. ચિત્રભાનુ. પ્ર. એમ. સી. શાહ, ડીવાઈન નૉલેજ સોસાયટી, મુંબાઈ ૧ પૃ. ૧૪૦, પાકું પૂઠું, રૂ. ૮.

**Forests Gujarat:** જાન્યુ. ૧૯૬૮માં નવી દિલ્હીમાં મળેલી નવમી કૉમનવેલ્થ વનવર્ધન પરિષદ પ્રસંગે પ્રકાશિત થએલી જંગલો, એનાં પશુઓ તથા વનસંપત્તિ અંગેની સચિત્ર પુસ્તિકા. પ્રકાશક: ગુજરાત રાજ્ય, વનવિભાગ વતી આર. રાઠોડ, વડોદરા પૃ. ૮૮

**કલાધર કૃષ્ણ:** પ્રતાપરાય ત્રિવેદીએ કૃષ્ણ વિષે કચ્છી-ભાષામાં લખેલાં ગીતો-ભજનો. પ્ર૦ પ્રતાપરાય ગો. ત્રિવેદી, માંડવી-કચ્છ. પૃ. ૬૬, રૂ. ૨.

**શબ્દતમ:** શ્રી બાબુરાવ જોશીનાં કાવ્યોની પુસ્તિકા. પ્ર. નવસર્જન પ્રકાશન વતી અરુણકુમાર બી. જોશી, આણંદ. પૃ. ૪૦, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

**સભરસ:** 'જ્યોતિર્ધર'માં પ્રસિદ્ધ થયેલા ધાર્મિક અને તાત્ત્વિક વિષયો પરના ડૉ. કાન્તિલાલ શાહના લેખોનો સંગ્રહ, જેમાં સંતો, સત્સંગ ને સન્માર્ગ માટે પ્રેરણાત્મક ને ચિંતનસભર વાચન મળી રહે એમ છે. પ્ર. લેખક પોતે જ, 'ઉપહાર', નવરંગપુરા, અમદાવાદ. પૃ. ૧૯૨, કાચું પૂઠું, રૂ ૧-૫૦.

**શ્રી કૃષ્ણ ચંદ્રોદય:** કૃષ્ણ જન્મની સચિત્ર પદ્યકથા લે. કવિ ચિત્રકાર શ્રી ફૂલચંદભાઈ ઝવેરદાસ શાહ. પ્ર. મધુસૂદન બાલુભાઈ શાહ, નડિયાદ, પૃ. ૨૪, કાચું પૂઠું રૂ. ૦-૫૦

**દેવદૂત:** મહાત્મા ગાંધીજીનું સચિત્ર પદ્યચરિત સાથે એના રચયિતા શ્રી ફૂલચંદભાઈ ઝવેરદાસ શાહના ક્ષરઅક્ષર દેહનો પણ પરિચય આપવામાં આવ્યો છે. પ્ર. મધુસૂદન બાબુભાઈ શાહ, નડિયાદ પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૦-૫૦.

**કાવ્યધારા-ભજનો:** કવિ ચિત્રકાર શ્રી ફૂલચંદભાઈ ઝવેરદાસ શાહનો કાવ્યો અને ભજનોનો સંગ્રહ. પ્ર. છોટાલાલ પાનાચંદભાઈ શાહ, પૃ. ૨૦, કિં. છાપી નથી.

**આસન અને મુદ્રા: પ્રથમ ખંડ:** પૂર્વાર્ધ-એની પૂર્વભૂમિકા, રીત, ચિત્ર, શરીર અને મન પર એની અસર, રોગો પર એના ફાયદા વ.ની વિશદ છણાવટ સાથે યોગાસનોના અનેક પ્રકારો વિશે મૂલ્યવાન માહિતી અને યોગવિષયક પણ મનનીય ચિંતન આપતો એક પ્રમાણભૂત ગ્રંથ. નિર્માતા: યોગાચાર્ય સ્વામી શ્રી કૃપાલાનંદજી. પ્ર૦ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા (જિ. ભરૂચ). પૃ. ૪૪૪, પાકું પૂઠું, રૂ. ૨૫.

# મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



**શ્રી કમલિની ભણસાલી**

મુંબઈના જાણીતા સમાજ સુધારક સ્વ. ડૉ. તુલજારામ ખાંડવાલાના કુટુંબમાં ઈ. ૧૯૨૯માં જન્મ. એમ. એ. સુધીનું શિક્ષણ લઈ ચાર વર્ષ મુંબઈની ન્યૂ એરા સ્કૂલમાં શિક્ષિકા. તે પછી મુંબઈ મ્યુનિ. કૉર્પો.ના કેળવણીખાતામાં આઠ વર્ષ કામ કર્યું. શાળા-સંચાલનનાં બહોળાં અનુભવી. ૧૯૬૦માં શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠના કુલસચિવ(રજિસ્ટ્રાર)પદે નિમણૂક. વિવિધ વિદ્યાપીઠની કામગીરીના અભ્યાસાર્થે જર્મની અને અમેરિકાનો પ્રવાસ. ૧૯૪૮માં એક ઑટોમોબાઈલ કંપનીના એક્ઝિક્યુટિવ ઑફિસર શ્રી હર્ષદ ભણસાલી સાથે લગ્ન. બે સંતાનો. આજે તેઓ એસ. એન. ડી. ટી. યુનિ.નું બધું સંચાલન સંભાળે છે.

૧ તમારા બહોળા અનુભવ પ્રમાણે આદર્શ સ્ત્રીશિક્ષણ કોને કહો?

◻ વિદ્યાર્થિનીમાં સારા સંસ્કાર, સંગીન જ્ઞાન અને સમયની સાથે રહી ઘર તેમ જ બહારની જવાબદારીઓ કુનેહથી ઉપાડી શકવાની તાલીમ આપે તે.

૨ અનેક વિષયોના વધારાથી કેળવણી કથળે એમ નથી લાગતું?

◻ ના. મૂળભૂત અને સંગીન ગણાય એવા ઘણા વિષયો આજે વધ્યા છે એટલે, અને આજના ઔદ્યોગિક સમાજની જરૂરિયાતો પૂરી કરવા અમુક અંશે એ જરૂરી પણ છે.

૩ સ્ત્રી અને પુરુષ એ બેમાંથી કોની ગ્રાહ્યશક્તિ વધારે હોય છે?

◻ શારીરિક તફાવત ખરો, પરંતુ બંનેની માનસિક શક્તિ સરખી જ હોય છે; છતાં વ્યક્તિને મળતી તક પર પણ એના વિકાસનો ઘણો આધાર રહે છે.

૪ પશ્ચિમની ને ભારતની સ્ત્રીમાં કોઈ નોંધપાત્ર ફરક લાગે છે?

◻ પશ્ચિમના અને આપણા સમાજની રીતરસમો, ભાવનાઓ, જરૂરિયાતો, કુટુંબવ્યવસ્થા વગેરે ભિન્ન હોઈ આવી સરખામણી મુશ્કેલ છે, છતાં એમ કહી શકાય કે પશ્ચિમની નારી અહીંના કરતાં વધુ સ્વાવલંબી છે અને ઘરની તેમ જ બહારની ઘણી જવાબદારી ઉપાડી શકે છે. ભારતની સ્ત્રીની શ્વશુર પક્ષમાં એકાકાર થવાની શક્તિ અને સહનશીલતા પશ્ચિમની સરખામણીમાં ઘણી ઉચ્ચ છે.

૫ આપણો દેશ વધુ સમૃદ્ધ કઈ રીતે બની શકે?

◻ એ માટે તો સૌપ્રથમ આપણે લાંચરુશવત, સ્વાર્થપરાયણતા, સત્તાલોભ ને ધનલોલુપતા દૂર કરવાં જરૂરી છે.

૬ જીવનની સાર્થકતા શામાં અનુભવો છો? તમારો આદર્શ?

◻ વડીલો, પતિ અને બાળકોની સેવા-સંભાળ દ્વારા કુટુંબને સારી રીતે રાખવું તથા એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીને દેશની એક મહાન સંસ્થા બનાવવાના પ્રયત્નમાં રત રહેવું એને હું મારા જીવનની સાર્થકતા અને મારો આદર્શ માનું છું.

૭ ધર્મ-સંબંધી તમારી માન્યતા શી છે?

◻ કોઈનું કંઈ પણ બગાડયા વિના સૌનું શક્ય ભિરલું સારું કરી સમદર્શીત્વ કેળવવું એ જ ખરો ધર્મ છે. પૂજા-પાઠ કે દર્શનમાં હું ખાસ માનતી નથી.

૮ તમારો ખાસ શોખ?

◻ પ્રવાસમાં, વિવિધ ખાદ્ય-વાનગી બનાવવામાં અને ગૃહવ્યવસ્થામાં મને રસ છે.

કમલિની ભણસાલી

**ગીતો અને રીતરિવાજો** : સાઠોદરા નાગર જ્ઞાતિમાં વિવિધ માંગલિક પ્રસંગોએ કરવામાં આવતાં રીતરિવાજો અને એ પ્રસંગે ગવાતાં ગીતોનો સંગ્રહ. સં. સ્નેહલતાબહેન મહેતા, પ્ર. સાઠોદરા નાગર સ્ત્રી સમાજ, અમદાવાદ. પૃ. ૬૬૪, પાકું પૂંઠું, રૂ. ૪

**The Festival of love or the lover's day** : એક રાજકુમાર ને સરદારપુત્રીની પ્રણયકથા. લે. અશોક ટી. જયસિંઘાણી પ્ર. લેખક પોતે, પૂના ૨, પૃ. ૫૫, રૂ. ૦-૫૦.

**બહુચરાજી** : શાક્ત સંપ્રદાયના એક પ્રાચીન સ્થળ બહુચરાજી વિષે અધિકૃત માહિતી આપતું પુસ્તક જેમાં આદ્ય મંદિર, હાલનું મંદિર આદિનો સચિત્ર પરિચય આપવા સાથે શક્તિ સંપ્રદાયના સાહિત્યનાં ઉદાહરણ સાથે પરિચય કરવામાં આવ્યો છે. લે. નરોત્તમ માધવલાલ વાળંદ, પ્ર. પ્રાચ્ય વિદ્યા મંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા. પૃ. ૧૦૦, કાચું પૂંઠું, રૂ. ૨-૫૦.

**વાહનવ્યવહાર** : બળદગાડીથી અવકાશયાન સુધીના વાહનવ્યવહારનાં સાધનોની બાળસુલભ માહિતી આપતી પુસ્તિકાની બીજી આવૃત્તિ. પ્ર. શુક્લ બ્રધર્સ, પુરાણી નિવાસ, અમદાવાદ, પૃ. ૮૪, કાચું પૂંઠું, રૂ. ૧!!

**ભારતનું ગૌરવ** : ભારત સરકારના માહિતી ખાતાએ પ્રસિદ્ધ કરેલા આ પુસ્તકમાં ભારતના તમામ પ્રદેશોના તમામ ક્ષેત્રોના મહાપુરુષોનો પરિચય કરાવતો પ્રશસ્ય પ્રયાસ થયો છે. જેમાંના દરેકના પરિચાયક જુદા જુદા અધિકૃત લેખકો છે. પ્ર. ડાયરેક્ટર, પબ્લિકેશન્સ ડિવીઝન, દિલ્હી. પૃ. ૧૦૮, રૂ. ૨.

**Census of India 1961**

૧૯૬૧ની ભારતની વસ્તીગણતરી વખતે ગુજરાત રાજ્યનાં ગામડાંના સર્વેના અનુસંધાનમાં પ્રગટ થએલા ત્રણ વધુ માહિતી ગ્રંથો : ૧) **'ચીચોડ'** (તા. ધોરાજી, જિ. રાજકોટ) વૉલ્યુમ-૫, ભાગ-૬. નં. ૮; ૨) **'સુત્રા પાડા ફિશિંગ હૅમ્લેટ'** (તા. પાટણ વેરાવળ, જિ. જૂનાગઢ)—વૉલ્યુમ ૫-ભાગ-૬. નં. ૯; ૩) **'જંબુર'** (તળાલા મહાલ, જિ. જૂનાગઢ) વૉ. ૫ ભાગ-૬-નં. ૧૦. પ્ર. પબ્લિકેશન મૅનેજર, દિલ્હી ૧૯૬૭.

**વેધશાલા પંચાંગમ્** : (હિન્દી) આ. હરિહર ભટ્ટ રચિત આ પંચાંગ ભારતીય અને અન્ય ગણિત ગ્રંથોના આધાર સાથે રચવામાં આવ્યું છે ને એમાં મુહૂર્તોની વિગતવાર માહિતી આપેલી છે. પ્ર. વેધશાલા વિદ્વત્ સમિતિ, અમદાવાદ. પૃ. ૫૬, કાચું પૂંઠું કિં. છાપી નથી.

**વ્યાજ પર મૂળમાંથી વેરો કાપવાની જોગવાઈ (સંપૂર્ણ સમજ)** : આ અંગેની તા. ૧-૧૦-'૬૭થી અમલમાં આવેલી આવકવેરાના કાયદાની કલમ ૧૯૪ વિષયક સમજૂતી, પ્ર૦ સી. શાંતિલાલની કં., ૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨. પૃ. ૨૦, રૂ. ૧-૨૫.

**ઘુંમટ** : પ્રભાવતીબહેન પંજવાણીનો ગીતસંગ્રહ. પ્ર૦ પ્રભાવતીબહેન પંજવાણી, સંચાલિકા, મુકુલભારતી, બાલનિકેતન–માંડવી, સરકારવાડા, વડોદરા-૬. પૃ. ૫૬, રૂ. ૦-૬૦.

**ગાંધી ગુણગુંજન** : (બાપુસ્તવન). લે. મણિભાઈ હરિશંકર દવે. પૃ. ૩૬, રૂ. ૦-૩૫.

**ધ જંગલ** (અનુ. પૃ. ૪૭૬થી) થોડો ભાગ આપવો પડતો હતો. જરગિસ પાસે હવે લગ્નસમારંભના ખર્ચ જેટલા પૈસા એકઠા થઈ ગયા હતા એટલે તેણે ને ઑનાએ લગ્ન કરી લીધાં. કુટુંબમાં પૈસાની જરૂરત વધવા લાગી. એલ્ઝબીટાએ પોતાના મોટા પુત્ર સ્ટાનિસ્લોવાસની ઉમર ખોટી જણાવીને એને પણ કામે વળગાડી દીધો. લગ્ન સમયે થએલું થોડું કરજ ભરવાનાં મદદરૂપ થવા આના પણ કામ કરવા લાગી.

ઍન્ટાનાસને ભેજભર્યા વાતાવરણમાં કામ કરવાનું હતું. મોટી ઉમર અને તદ્દન ટાઢા ખંડમાં કામ કરવાથી એને ક્ષય લાગુ પડયો અને પરિણામે જ્યારે એ મરી ગયો ત્યારે ઘરમાં એની દફનક્રિયા માટે યે પૂરતા પૈસા નહોતા. શિયાળો આવ્યો અને પેલા તકલાદી ઘરમાં બધાં હેરાન થવા લાગ્યાં. આમાં મારિજાની નોકરી છૂટી ગઈ ને ઘરની આવક ઘટી. જરગિસ એક સંઘમાં જોડાઇને એનો સક્રિય કાર્યકર બન્યો. ઉપરાંત તેણે રાત્રિશાળામાં અંગ્રેજી પણ શીખવા માંડયું.

માખીઓનાં ટોળાં અને સખત ગરમી સાથે ઉનાળો બેઠો. મારિજાને ઢોરનું માંસ કાપવાનું કામ મળ્યું. ઑનાએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. એના દાદાના નામ પરથી સૌ એને પણ અન્ટાનાસ કહેતા. ફરી શિયાળો બેઠો. પ્લાંટમાં જરગિસની ઘૂંટી ભાંગતાં એને મહિનાઓ સુધી ફરજિયાત ઘેર બેસવું પડયું એમાં એ ચીડિયો બની ગયો. એલ્ઝબીએટાનાં બીજાં બે બાળકો પણ હવે ભણતર છોડી પેપર વેચતા થઈ ગયા.

સાજો થઈ ફરી કામ પર જવા જરગિસ જ્યારે તૈયાર થયો ત્યારે તુરત તો તેને કામ મળ્યું નહિ, કારણ કે હવે એનામાં પહેલાં જેવી શક્તિ રહી નહોતી. અંતે એને ખાતરના એક કારખાનામાં કામ મળ્યું. આ કામ એવું હતું કે થોડાં વર્ષોમાં જ માણસ ખલાસ થઈ જાય. પણ એ સિવાય એમનો આરો ક્યાં હતો? પોતાની એક દીકરી હવે બીજાં નાનાં બાળકોને સાચવી શકે એટલી મોટી થઈ ગઈ હોવાથી એલ્ઝબીએટા પણ હવે કામે જવા લાગી.

બીજી બાજુ જરગિસને દારૂની લત લાગી. ફરીને બેજીવી બનેલી ઑનાને પણ હીસ્ટિરીઆ લાગુ પડયો અને ક્ષયની ઉધરસનાં ઠમકાં પણ આવવા લાગ્યાં. ઘરમાં થોડા વધુ પૈસા લાવવાની લાલચે એના ઉપરી કૉનોરથી ભોળવાઈને એ વેશ્યાવાડે પણ ગઈ. જરગિસને આની જાણ થતાં કૉનોરને સારી પેઠે માર્યો ને પરિણામે એને એક માસની જેલ મળી ત્યાં એને વિચાર કરવાનો સમય મળ્યો તેને લાગ્યું કે સમાજમાં એના પ્રત્યે નર્યો અન્યાય જ થઈ રહ્યો હતો. એટલે એણે હવેથી પોતાના કુટુંબ સિવાય અન્ય કોઈ પ્રત્યે સહેજ પણ માયાળુ નહિ બનવાનો નિશ્ચય કર્યો. સમાજને એ પોતાનો દુશ્મન ગણતો થઈ ગયો.

જેલમાંથી છૂટી જ્યારે જરગિસ ઘેર ગયો ત્યારે ખબર પડી કે મકાનના હપતા બરાબર ચૂકવી નહિ શકવાથી હવે એ ઘર એમનું રહ્યું નથી અને એટલે સૌ અન્યત્ર કહીં ચાલ્યાં ગયાં હતાં. જરગિસે રખડીઆથડી એ સૌને ખોળી કાઢયાં. ઑનાને ત્યારે પ્રસૂતિ આવવાની હતી. દાયણ માટે જરગિસે હાંફળાફાંફળા દોડાદોડ કરી પણ જ્યારે એ એને લઈને આવ્યો ત્યારે તો ઑના અને એનું બાળક બંને મરી પરવાર્યાં હતાં. જરગિસને હવે નમાયા ઍન્ટાનાસ સિવાય કોઈના ખાતર જીવવામાં રસ ન રહ્યો. ફરી એ કામની શોધમાં નીકળ્યો, પણ કૉનોર પરના હુમલાથી કાળીયાદીમાં ચડી ચૂકેલા એને હવે કામ મળવું મુશ્કેલ હતું. આખરે એક હાર્વેસ્ટિંગ મશિન ફૅક્ટરીમાં એને નોકરી મળી, પણ કામના અભાવે એ ખાતું બંધ થતાં એ પાછો બેકાર બની ગયો.

ફરી રઝળપાટ ચાલી અને અંતે જરગિસને એક કારખાનામાં કામ મળ્યું. ઘરથી એ બહુ દૂર હોઈ એણે નજીકમાં રહેવાનું અને અઠવાડિક રજામાં જ ઘેર જવાનું રાખ્યું આવી રીતે એક વાર એ ઘેર ગયો ત્યારે ખબર પડી કે એનો એકનો એક દીકરો પણ ઘરની સામેના પાણીના ઊંડા ખાબોચિયામાં ડૂબીને મરી ગયો હતો. હવે એનો કોઈ આશ્રિત ન રહેતાં જરગિસ ભારખાનામાં ચડી બેસીને શિકાગો છોડી દૂરનાં ખેતરોમાં કામ કરતાં હજારો ખેતમજૂરો સાથે ભળી ગયો. ખુલ્લા ચોખ્ખા વાતાવરણમાં કામ કરતાં એની તબિયત સુધરી અને શરીરમાં પહેલાંની શક્તિ પણ પાછી આવી ગઈ.

ઋતુ બદલાતાં જરગિસ ફરી શિકાગો આવ્યો અને ત્યાં રસ્તા નીચે તૈયાર થતા માર્ગની ટનલ ખોદવાને કામે લાગ્યો. એમાં એને ખભામાં ઈજા થતાં હૉસ્પિટલમાં રહેવું પડયું. ત્યાંથી રજા મળી ત્યારે યે એનો હાથ તો હજી ઝોળીમાં જ હતો. એમાં નસીબજોગે એને એક દારૂડિયો ભેટી ગયો. જેણે નશાના તોરમાં જરગિસને સો ડૉલરની એક નોટ આપી દીધી. એ વટાવવા ગયો ત્યારે પીઠાવાળાએ એમાંથી થોડા પૈસા પડાવવા છેતરપિંડી આદરી. વઢવાડ વધી પડી અને જરગિસ પેલાને મારી બેઠો ફરી એની ધરપકડ થઈ અને તેને ફરી જેલમાં જવું પડયું. ત્યાં એને જૅક ડુઆનનો ભેટો થયો. એ એક નંબરનો તિજોરી-તોડ હતો જેલમાંથી છૂટયા પછી જરગિસે ડુઆનનાં કેટલાંક પરાક્રમોમાં સાથ આપ્યો અને એ રીતે એ અંધારી આલમથી પણ પરિચિત બની ગયો. હવે એને ઠીકઠીક પૈસા પણ મળતા થયા.

જરગિસ હવે રાજદ્વારી કાર્યકર પણ બની ગયો એક વાર પોતે અગાઉ જ્યાં કામ કરતો હતો એ પ્લાંટના કામદારોએ એમના સંઘ દ્વારા વધુ હક્કોની માગણી કરી. સંચાલકોએ સંઘની માગણી કાને ન ધરી અને ત્યાં હડતાલ પડી જરગિસ ત્યાં પૂરક રીતે કામે ગયો. એમાં એક વાર કૉનોરનો ભેટો થઈ ગયો એને જોઈ ભૂતકાળ સાંભરી આવતાં આવેશમાં આવી જઈ જરગિસે એને ફરી ફટકાર્યો અને સજામાંથી બચવા એ ત્યાંથી નાસી ગયો. આ પછીની રઝળપાટ અને લગભગ ભૂખમરાની હાલતમાં રખડતાં એણે મારિજાને વેશ્યાવૃત્તિ કરતી જોઈ. શિકાગો આવ્યા પછી થએલી પોતાની સૌની આવી અધોગતિથી એને અત્યંત લાગી આવ્યું. મારિજાએ એને બીજી નોકરી મળે તે દરમિયાન એ ટકી શકે એ માટે થોડા પૈસા આપ્યા.

પણ જરગિસ હવે તદ્દન હતાશ બની અથડાતો હતો. એક વાર એણે એક સમાજવાદી ભાષણ સાંભળ્યું. એને લાગ્યું કે દુનિયાની બૂરાઈઓનો ઈલાજ એને મળી ગયો છે. કામદારો પણ પોતાનું સ્વમાન કઈ રીતે સ્થાપી શકે એની એને જાણ થઈ ગઈ. એને એક હોટેલમાં નોકરી મળી. સદ્ભાગ્યે એનો માલિક સમાજવાદી હતો. જરગિસ માટે નવા જીવનનો તબક્કો શરૂ થતો હતો. એની આશા અને શ્રદ્ધા જાણે પુનર્જન્મ પામતી હતી.

---

**જ્ઞાનભક્તિ કર્મયોગ :** શ્રવણ, વાચન ને જાતઅનુભવથી પ્રાપ્ત કરેલા ને તેથી ભાગ્યે જ મૌલિક એવા ધાર્મિક વિચારો સંપાદન કરી શ્રી નટવરલાલ લ રાવળે કરેલું પ્રકાશન, પૃ. ૨૪૮, કાચું પૂઠું કિંમત સંપૂર્ણ સદુપયોગ.

**બડે શિક્ષાપત્ર :** શ્રી હરિરાયજીના ભક્તિમાર્ગીય–પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો સમજાવતાં શિક્ષાપત્રોનો સરળ ગુજરાતી અનુવાદ. પૃ. ૧૦૨, કાચું પૂઠું, રૂ. ૦–૨૫.

**પ્રીત :** શ્રી મીનુ દેસાઈનો કાવ્યસંગ્રહ. પ્ર. શ્રીમતી બકુલા વોરા, ૫૩ બાણગંગા રોડ, વાલકેશ્વર, મુંબાઈ ૬.

**મહેરામણ :** શ્રી અનવર જેતપુરીનો ગઝલસંગ્રહ. પ્ર. અ. સાક્ષર ફાજલાણી, રણછોડ લાઈન, કરાચી. પૃ. ૧૩૨, કાચું પૂઠું, રૂ.૩.

ગુલાબદાસ બ્રોકર

# નવા ગગનની નીચે

## ૨૬ • પારી(સ), છેલ્લે છેલ્લે

લંડન યુનિવર્સિટી જોઈ હતી તો પારી(સ)ની પ્રખ્યાત યુનિવર્સિટી સોર્બોં કેમ ન જોવી? આ તો કેટલી બધી પ્રખ્યાત છે? વળી મિત્ર ડૉ. આર. કે ત્રિવેદી એમાં ભણ્યા હતા અને એનાં અનેક સંસ્મરણો કહેતા હતા એટલે એનું આકર્ષણ પણ હતું. ભટકતો શોધતો તેની નજીક પહોંચ્યો ત્યાં એક જુવાન માણસને જોયો. બસના થાંભલા આગળ ઊભોઊભો કુતૂહલપૂર્વક મને જોઈ રહ્યો હતો. તેની નજીક પહોંચ્યો એટલે તે હસ્યો. મને પૂછ્યું : 'હિંદી છો?' 'હા, તમે?'

'હું પણ બંગાળી છું; ઈજનેર થયો છું. ચારેક વર્ષથી અહીં જ છું. કોઈક વાર કોઈ ભારતીય મળી જાય છે ત્યારે ખૂબ આનંદ આવે છે.'

સરસ જુવાન હતો. નામઠામ આપ્યું અને લીધું. મુંબાઈ જઈ એના કુટુંબને પત્ર લખી તેના સમાચાર જણાવવા કહ્યું

'હું તો લખું જ છું, પણ તમે 'આંખો દેખ્યા હાલ' લખશો એટલે એ લોકો સવિશેષ ખુશ થશે.'

પછી તેણે સામે પડેલી યુનિવર્સિટી બતાવી કહ્યું :

'એ તો જોજો જ, પણ સાથે સાથે આ અહીં નજીકમાં જ આવેલા 'પેન્થિયોન' (Pantheon)માં પણ આંટો મારજો. તમને ગમશે.'

'જરૂર.' કહી હું ચાલતો થયો.

સોર્બોંના આખા મકાનમાં ફરી વળ્યો. ન ભુંસાય એવી છા'પ પડી જાય એવું વાતાવરણ હતું. બહાર ચોગાનમાં જ કોંત (Auguste Conte)ની પ્રભાવિત કરી દે એવી મૂર્તિ હતી. એ મહાત્માને નમન કરી અંદર ગયો તો ત્યાં હ્યુગો બિરાજેલા હતા. જુદાજુદા અભ્યાસખંડો ઉપર વિધવિધ સાહિત્ય અને સંસ્કાર સ્વામીઓનાં નામની તકતી હતી. આખુંય વાતાવરણ એ સંસ્કારોથી ધમકતું લાગતું હતું. સહેજે મનમાં વિચાર સ્ફુરી ગયો. આપણે યુનિવર્સિટીઓમાં આવું ન કરી શકીએ? યુનિવર્સિટીના મકાનમાં દાખલ થતાં જ ગોવર્ધનરામ જોવા મળે અને અંદર નાનાલાલ, તો? પણ વહ દિન...?

બંધ મકાનમાં પણ ભરાય એટલા આંટા માર્યા. ત્યાંના વિદ્યાર્થીઓ યુદ્ધમાં માર્યા ગયા હતા, તેમના નામની આરસની ખાંભી હતી. યુરોપના દરેક વિશ્વવિદ્યાલયમાં એ જોવા મળતી। કેટલું યૌવન સંહારાઈ ગયું હતું આ અમાનુષી અને અવિવેકી યુદ્ધોમાં, પણ એને અંગે તો આખી યે પ્રજા માથું ઊંચું લઈને ફરી શકતી હતી ને!

ત્યાંથી પેન્થિયોનમાં ગયો. એ પણ સુંદર સ્થળ છે. ધાર્મિક ભાવ માટે ઊભું કરાએલું—દેવતાઓને સ્થાન આપવા માટે, પણ હવે સંસ્કારદાતાઓનું એ સ્મરણમંદિર બની ગયું છે. ફ્રાંસના મહાન પુરુષોની ત્યાં સમાધિઓ છે. અહીં વૉલ્તેર સૂતા છે, ત્યાં રુસો, બીજી જગ્યાએ ઝોલાં. ફ્રાંસને જગતનું સંસ્કારધામ બનાવનાર એ સર્વે મહાન આત્માઓ પાસે મસ્તક આપોઆપ નમી ગયું. અને હૃદય પ્રેમ તથા ભક્તિના ભાવોથી ભરાઈ ગયું.

હોટેલ પહોંચી સીધો જમવા બેસી ગયો. અને પછી આડો પડ્યો ત્યાં જ ટેલિફોન આવ્યો. પ્રખ્યાત યુવાન ફ્રેન્ચ કવિ અને વિવેચક બોનેફવા (Bonnefoy) બોલતા હતા. 'ક્યારે મળો છો?'

'અત્યારે જ, આપને સમય હોય તો.' મેં કહ્યું.

'કલાકમાં આવું છું.' 'તૈયાર રહીશ.'

બોનેફવા જુવાન ફ્રેન્ચ લેખકોની પેઢીના સમર્થ પ્રતિનિધિ ગણાતા. કવિ-વિવેચક અને તત્ત્વજ્ઞ હતા. શેષાદ્રિના એમના ઉપરના પત્રના જવાબરૂપે એમણે મને યાદ કર્યો હતો. મોટા મોટા બધાય લેખક-લેખિકાઓ જ્યારે આ સમયે ગામમાં હતા નહિ ત્યારે આ એક માણસ મળી ગયા એ મારું સદ્‌ભાગ્ય જ ગણાય.

એ આવી પહોંચ્યા. ખૂબ પ્રેમપૂર્વક મળ્યા. અંગ્રેજી છૂટથી નહોતા બોલી શકતા, પણ અમારું ગાડું સહેલાઈથી ગબડી શકે એવું તો બોલતા જ હતા. શેષાદ્રિને યાદ કર્યા પછી કહે : 'શી મદદ કરી શકું હું?'

'મોં માર્ત બતાવો.' મેં કહ્યું, 'એ એક બાકી રહી ગયું છે. ને એ જોવામાં તો કલાકાર સાથે જોઈએ.'

'ચાલો'. એમણે કહ્યું.

'તમે પારી(સ)માં છો એ જ આશ્ચર્ય છે.' મેં કહ્યું, 'બાકી જેને જેને મળવાની કોશિશ કરી તે કોઈ પારી(સ)માં નથી.'

'આ બહાર રહેવાની સીઝન છે.' તે હસ્યા, 'પણ હું એવો શોખીન નહિ હોઉં.'

'એ જ મારું સદ્‌ભાગ્ય ગણાય.' મેં કહ્યું.

ત્રણેક કલાક અમે સાથે રહ્યા. મોં માર્તમાં ટમગ્રે ગલીએ ગલી બતાવી. ઘણા ચિત્રકારો રસ્તામાં બેસીને ચિત્રો કરતા હતા. તમારો સ્કેચ પણ તરત દોરી આપે. બોહિમિયનો જેવા લાગે. દાઢી વધેલા પોશાકમાં બેદરકાર, રંગોથી રંગાએલા હાથોવાળા.

'આમાં કોઈક પિકાસો કે માને પણ કામ કરી રહ્યો હશે, નહિ?'

'ભાગ્યે જ હશે.' તેમણે કહ્યું. 'એક વખત આ લત્તાઓમાં સારા ચિત્રકારો કામ કરતા, પણ આ તો ચિત્રો દોરવાનો ધંધો કરે છે. સારા ચિત્રકારો આ લોકોથી કંટાળીને હવે સીન નદીને બીજે કાંઠે ચાલ્યા ગયા છે. પણ છતાં,' તેમણે ઉમેર્યું. 'ઐતિહાસિક દૃષ્ટિએ મોં માર્ત, લેટિન ક્વૉર્ટર્સ વગેરે જોવાં જેવાં છે.'

નાની નાની ગલીઓ, પથરાના ટુકડાઓ (pebbled stone) જડેલા રસ્તા, જૂનાં ઘરો–જુદી જ દુનિયા હતી આ. મોં માર્તના દેવળ સુધી પહોંચી ગયા. આખા પારી(સ)નાં ત્યાંથી દર્શન કર્યાં. પછી એક નાની એવી રેસ્ટોરાંમાં કૉફી પીવા લઈ ગયા. સાહિત્યગોષ્ઠિ એ રેસ્ટોરામાં થઈ શકી કેમ કે જોવાનું પૂરું થયું હતું. એ ગોષ્ઠિમાં ખરેખર મઝા આવી. જુવાન માણસ હતા અને અત્યંત સચ્ચાઈપૂર્વક પોતાના અભિપ્રાયો આપી રહ્યા હતા. રાત ને દિવસ અમુક નામોના ભરડામાં વીંટાઈ રહેલા આપણા જુવાન બુદ્ધિજીવીઓ માટે એમના અનેક અભિપ્રાયો ચોંકાવનારા ગણાય એવા હતા. સાર્ત્ર વિષે વાત નીકળતાં કહે,

'એની કિંમત હવે ફિલૉસૉફર તરીકે વિશેષ ગણાય છે. કલાકાર તરીકે ઘણી ઓછી. He is there as an influence, not as an artist.'

'તો આર્ટિસ્ટ કોણ?' મેં પૂછ્યું.

'કવિ સેંટ જ્હૉન પર્સ, નાટ્યકાર બેકેટ અને એવા બીજા અનેક.'

'મોર્વા કે મોરિઆક?'

'મોર્વા સાધારણ, મોરિઆક જૂના.'

'ને સાગા?' ત્યારે ફ્રાંક્વા સાગાના નવા નામે જગતભરમાં ચમકારો કરી દીધો હતો.

'She is much known, પણ વાતમાં કંઈ માલ નથી.'

મેં કહ્યું 'માદામ ઓલિવિયરે પણ ફ્રેન્કફર્ટમાં મળ્યા ત્યારે આવો જ અભિપ્રાય આપ્યો હતો.'

'એ તો લેખિકા તરીકેનો એના વિશેનો અભિપ્રાય છે, હોં.'

'એટલે?' 'વ્યક્તિ તરીકેનો નહિ,' તે હસ્યા.

'વ્યક્તિ તરીકે કેવી છે?' મેં પૂછ્યું.

'An uncultured vain girl'

માદામ ઓલિવિયરે આવું કાંઈ કહ્યું હતું ત્યારે મને એ સ્ત્રીસહજ ઇર્ષ્યાપ્રેરિત લાગ્યું હતું, પણ જે મળે એ એને વિષે એમ જ કહેતું હતું. એ કદાચ *પારી(સ)માં હોય પણ ખરી,* પણ એને મળવાનો પ્રયત્ન કરવાનું મન નહોતું થતું એમ મેં કહ્યું.

'એ જ સારું થયું છે.' બોન્નેફવાએ કહ્યું. 'નાહતર પણ એ તમને મળવા ઇચ્છત કે નહિ એ કહી ન શકાય.'

સાહિત્યનાં નવાંનવાં વલણો અને પરિવર્તનો વિષે વાત કરવામાં સમય ક્યાં નીકળી ગયો એની ખબર પણ ન પડી. એ નાની રેસ્ટોરાંનો માલિક અમારી સામે કુતૂહલથી જોઈ રહ્યો એની હોટેલમાં બેસી લાંબો સમય સુધી લોકો ચાલુ આવી વાતો કરે એની નવાઈ એની આંખોમાં નહોતી દેખાતી, પણ આવા ભદ્રલોકના જેવા, વેપારીઓ જેવા લાગે તેવાં કપડાં પહેરનારા માણસો આવી વાતોમાં ડૂબી જાય તેનું આશ્ચર્ય તેની આંખોમાં તરી આવતું હતું. મેં એ બતાવ્યું. એ હસી પડ્યા. ફ્રેન્ચમાં પેલાને કશુંક કહ્યું. ને અમે ત્યાંથી ચાલી નીકળ્યા.

ફરી પાછા હોટેલ સુધી મૂકી ગયા. હજીએ કશુંક જોવું હોય તો જે બે દિવસ બાકી રહ્યા તેમાં પોતે આવી શકશે તેમ પણ તેમણે કહ્યું, પણ મેં ના પાડી. એ દિવસોમાં તેઓ પોતાની નવી કવિતાઓનો સંગ્રહ તૈયાર કરી રહ્યા હતા ભલા માણસનો દુરુપયોગ ન કરાય.

ચિત્ત ઉપર મીઠી છાપ મૂકીને મીઠા સ્મિત સહિત તે વિદાય થયા. તેમને જોતો હું ક્યાંય સુધી હોટેલના લાઉન્જમાં બેઠો રહ્યો.

એ લાઉન્જ પણ ત્યારે ચિકાર હતું. બે દિવસ થયા કેટલાંક અમેરિકન સ્ત્રીપુરુષો અહીં આવ્યાં હતાં. બધાં શિક્ષકશિક્ષિકાઓ હતાં. આખો દિવસ રખડતાં. હસી હસીને હૉલ ગજવી નાખતાં. અત્યારે પણ તેમની ધમાલ ચાલતી હતી. પણ મારું ધ્યાન તેમાં નહોતું મારું ધ્યાન તો ચાલી ગએલા કવિની વાતોના દોરમાં અટવાઈ ગયું હતું. અને એમાં મારી આંખો એ ટુકડીની હલનચલનને જોતી છતાં ન જોતી હોય એવી બની ગઈ હતી.

એવી એ આંખોએ એ ટુકડીમાંની એક યુવતીની નજરને આકર્ષી હશે. શાંતિપૂર્વક આવીને એ મારી બાજુની ખુરશી પર બેસી જઈ, મારી સામે જોઈ રહી હશે. મને ખબર નહિ. થોડી વારે ઓચિંતી નજર ગઈ. એ હસી પડી. 'ક્યાંક ખોવાઈ ગયા લાગો છો?' પૂછી રહી.

'ના, ના, અમસ્તું જ.' હું મૂંઝાઈ ગયો.

'પરદેશમાં એવું જ થાય, નહિ? ઘરનાં માણસો સાંભરે.'

'હા, પણ મને તો અહીંના માણસો સાંભરતા હતા.' મેં કહ્યું.

'કવિ લાગો છો ત્યારે તો?'

હું કશું બોલ્યો નહિ. હસ્યો માત્ર.

'ભારતમાંથી આવો છો?' 'હા.'

'મને ભારતમાં બહુ રસ છે.'

'મને અમેરિકામાં છે. ખાસ કરીને તમારા લોકોમાં.' એ બાઈ હબસી હતી એ સ્પષ્ટ દેખાઈ આવતું હતું. વાળ ગૂંચળિયા હતા થોડા ઘણા, રંગ તદ્દન અબનૂસ જેવો કાળો નહોતો; આપણા જેવો હતો, થોડો ઘણો. આંખો ચપળ અને હોશિયાર હતી. દાંત ચોખ્ખા હતા. ઉંમર સત્તાવીસ-અઠ્ઠાવીસની હશે.

'હોય જ.' એણે કહ્યું. 'અમે ગવાઈએ છીએ ને હમેશાં?'

'હા, પણ આ બધાંમાં તમે સુખી લાગો છો, ને મૂંઝાતાં લાગતાં નથી.' મેં એની મંડળી તરફ હાથ ફેલાવીને કહ્યું.

'હું શા માટે મૂંઝાઉં? અમે બધાં એક દેશનાં જ છીએ ને?'

'પણ...પણ...એ લોકો તો 'ગોરાં' છે.'

'છે. પણ અમારી બાજુ એવો ભેદભાવ નથી. સાઉથમાં એ વિશેષ છે.' 'તમે ક્યાંનાં છો!'

'ન્યૂ યૉર્કની.' 'હમણાં ક્યાંથી આવ્યાં?'

'ફરી આવ્યાં. પણ આ ધમાલ એની નથી. જવાને અંગેની છે.'

'ક્યાં જાઓ છો?'

'કશુંક જોવા. આ બધાં લઈ જાય ત્યાં, આ તો પારી(સ) છે ને? ને અમે અજાણ્યાં છીએ.'

ત્યાં તો કોઇકે એને બૂમ મારી, 'મિશેલ.'

'મિશેલ નામ છે?' મેં પૂછ્યું.

'હા, મિશેલ સેમ્પલ. તો હવે હું જાઉં. બોલાવે છે. પણ મારે તમને મળવું છે હોં ને નિરાંતે તમારી વાતો સાંભળવી છે. ભારત વિષે પણ જાણવું છે. ક્યારે મળશો?'

'તમે કહેશો ત્યારે, હજી દોઢ દિવસ અહીં છું.'

'હું પણ એક દિવસ છું.' કહી તે ઊભી થઈ ગઈ. કેમ કે ફરીથી અવાજ આવ્યો હતો. ઊભી થઇને હોઠે આંગળી મૂકી. પળ એક કશુંક વિચારી લીધું. પછી કહે 'કાલે આપણે સાથે જમીશું? સમય પણ રહેશે ને વાત પણ થશે.'

'ચોક્કસ.' 'પણ ક્યાં?'

'અહીં આ હોટેલની રેસ્ટોરાંમાં જ હું જમું છું.' મેં કહ્યું.

'ભલે તો. કલાક પહેલાં અહીં લાઉન્જમાં મળીશું ને પછી જમીશું. તો આવજો. બાર વાગ્યે કાલે બપોરે અહીં જ?' 'હા.'

ઊભો થયો હાથ મિલાવ્યા. એ તેજભર્યું હસી ને મિત્રસમુદાયમાં ભળી ગઈ. તે નિગ્રો હતી એ ખરું, પણ તેનામાં એ અંગેનો કાંઈ લઘુતાભાવ મને તો ન દેખાયો.

ઉપર ગયો તો ત્યાં સંદેશો પડ્યો હતો. લંડનથી વિનોદ વસા અને રસિક શાહ આવ્યા હતા અને રાતે નવેક વાગ્યે મને મળવા આવવાના હતા. સરસ. આટલા દિવસ પછી એ મિત્રો જોડે ગુજરાતીમાં અલકમલકની વાતો કરવાની મઝા આવશે.

આઠ સવા આઠે ખાવાપીવાનું પતાવી નાખ્યું અને તેમની રાહ જોતો લાઉન્જમાં બેઠો. તેમનો આવવાનો સમય નિકટ આવતો ગયો તેમ તેમને મળવાની મારી ઉત્કંઠા વધતી ગઈ. વારંવાર રસ્તા ઉપર મારી નજર જવા લાગી. એ જોઈ લાઉન્જમાં આંટા મારી રહેલ એક વૃદ્ધ અમેરિકન પાસે આવ્યો ને કહ્યું, 'એકલું એકલું લાગે છે, ભાઈ?'

'ના, ના, એવું કશું નથી હોં.' મેં જરા મૂંઝાએલા અવાજે કહ્યું.

'હું સમજું ને?' વૃદ્ધત્વની ખાતરીપૂર્વક એ હસ્યો. 'પણ એનું કંઇ નહિ. Take it easy, young man, Take it easy.'

હું હસી પડ્યો. આ મને 'યંગ' કહે છે? પણ એને હિસાબે તો ખરેખર હું 'યંગ' જ હતો. તે પોતાની ધૂનમાં હતો. બોલ્યે ગયો.

'મને એવું નહિ લાગતું હોય? જુઓને. આ એકલોએકલો આંટા મારું છું ને? પણ એમાં શું? તમારે હિંમત રાખવી. મને તો જુઓને દાંત દુઃખવા આવ્યો અહીં, મટે જ નહિ ડૉક્ટર પાસે જવું પડ્યું ને અહીંના ડૉક્ટરો! તોબા ભાઈ, એ તો તોબા!' એ હસી પડ્યો. 'કેટલા

બધા પૈસા લીધા મારી પાસેથી! પણ શું થાય? આ તો પરદેશ છે, ભાઈ, એમાં મૂંઝાઈ ગયે કેમ ચાલે?'

હું કશું ન બોલ્યો. એ બિચારો એના મનને આશ્વાસન આપવાનો પ્રયત્ન કરી રહ્યો હતો ત્યાં હું વચ્ચે બોલું પણ શું?

'જ્યાં જઈએ ત્યાં લૂંટાઈએ. ને આપણું બોલ્યું કોઈ સમજે નહિ.' પછી ધીમેથી, 'સાલાઓ સમજવા જ માગે નહિ. પણ શું થાય? તો એવા કશાથી ગભરાવું નહિ હોં. હું તો...'

પણ ત્યાં જ બારણામાં વિનોદ અને રસિક ડોકાયા અને 'એક્સ્કયુઝ મી,' કહેતાં હું ઊભો થઈ ગયો.

'તો તમને અહીં સાથીઓ પણ છે, કેમ?' પેલો વૃદ્ધ બોલ્યો. 'મને તો કોઈ જ નથી. ને છતાં જુઓ...'

એટલું બધું એ દયનીય લાગતું હતું કે જલદી આ બંને મિત્રોની એની જોડે ઓળખાણ કરાવી તરત જ એમને હું ઉપર મારા રૂમમાં લઈ ગયો.

બેત્રણ કલાક એમની જોડે ગપ્પાં માર્યાં. પારી(સ) જોવું હોય તો પગ ઉપર જ જોવું સારું કહી મારાં પર્યટનોની ચાદી તેમને આપી દીધી. મેં તો જોવાનું બધું જોઈ લીધું છે અને હવે પરમ દિવસે તો હું અહીંથી ચાલ્યો જવાનો છું એમ પણ કહ્યું, ને આનંદપ્રમોદમાં રાતના બારેક વગાડી દીધા.

એમને તો મેં કહી દીધું કે મેં જોવા લાયક બધું જોઈ લીધું છે, પણ એમ બધું મેં જોઈ લીધું હતું ખરું? સવારમાં ઊઠું ત્યાં જ ટેલિફોન રણક્યો. ઝચાં ભાવનગરી હતા. મળવા અને સાથે બપોરનું ભોજન લેવા આમંત્રણ આપ્યું. ભોજન તો હું મિશેલ સેમ્પલ જોડે લેવાનો હતો, પણ મળવા તૈયાર હતો. 'તો સાથે નાસ્તો કરીશું.' તેમણે કહ્યું.

'જરૂર, હું તૈયાર થઈ જાઉં છું.' મેં કહ્યું.

થોડી વારમાં જ એ આવી પહોંચ્યા. ઉત્સાહી માણસ વાતો કરવામાં ભારે જબરા. પારસી એટલે હસમુખા તો ખરા જ. પેરિસિયન બની ગએલા. ફ્રેન્ચ બોલે ત્યારે કોઈને એ પરદેશી ન લાગે. કલા અને કલાકારોના શોખીન. લૅટિન ક્વાર્ટર્સમાં લઈ ગયા. હું તેમાં ફર્યો હતો, પણ ઝચાંના લેટિન ક્વાર્ટર્સ જુદા જ હતા. ગલીએ ગલીમાં ફેરવ્યો. ચિત્રકારોનાં અનેક ચિત્રો બતાવ્યાં. ત્યાંની અનેક રોમાંચક વાતો કરી, અને અંતે ત્યાંની એક ચીની રેસ્ટોરાંમાં નાસ્તો કરવા લઈ ગયા. મોટી એવી શાકભાજીની ડિશ મંગાવી. હું શાકાહારી હતો ને એટલે. પણ હું શાકાહારી હતો એટલે જ એ કાચી ભાજી મને જરી પણ નભાવી. એ ચાવતાં ચાવતાં મુખ પર પ્રસન્નતા રાખવી અઘરી હતી. પણ મારા આટલા પ્રવાસ દરમિયાન પરદેશીઓ પાસેથી બીજું કંઈ ન શીખ્યો હોઉં તોયે એ તો હું શીખ્યો જ હતો. પાછા થોડું રખડચા. રજાઓ હતી એટલે ઘણીખરી ગૅલેરીઓ બંધ હતી પણ જે જોવા મળ્યું એ જોવા જેવું હતું. એ પોતે પણ ચિત્રકાર હતા એટલે ચિત્રો વિષેની નવી નવી થીઅરીઓની વાતો કરવાની પણ મઝા આવી. છેલ્લો દિવસ સુધરી ગયો એમ મને થયું. છૂટા પડતી વખતે એમણે પૂછ્યું. 'બીજું કશું કામ છે, હું ઉપયોગમાં આવી શકું તેવું?'

અચકાતાં અચકાતાં મેં કહ્યું. 'થોડું સેન્ટ લેવું છે. પણ એમાં તમને ક્યાં તકલીફ આપવી?'

'અરે મહેરબાન, એમાં તકલીફ નથી. અને એ કામ તો મારાથી જ સરસ રીતે થઈ શકે તેમ છે. તમને ગામ કરતાં સસ્તે અપાવીશ.'

'શી રીતે?'

'યુનેસ્કોમાં એ બધું સસ્તે ભાવે મળે છે. હું યુનેસ્કોમાં કામ કરું છું. તમે યુનેસ્કોનું મકાન જોયું?'

'ના, એ તો રહી જ ગયું છે.'

'એ રહી જાય એ કેમ ચાલે? જોવા જેવું છે. સાંજે આવજો. હું ત્યાં જ હોઈશ. બધું બતાવીશ, ને સેન્ટ પણ અપાવીશ.'

'અવાશે તો જરૂર આવીશ.'

'અવાશે તો નહિ, જરૂર આવજો, મઝા આવશે.'

મને હોટેલ ઉપર મૂકી તે ગયા ત્યારે બાર થવા આવ્યા હતા. પેલી મિશેલ લાઉન્જમાં જ બેઠી હતી મને જોયો અને હસી. પછી પોતાની ઘડિયાળમાં જોઈ કહ્યું 'લગભગ બાર થવા આવ્યા. તમે સમય જાળવી જાણો છો.'

'કોઈક વાર જળવાઈ જાય છે, પણ તે અમારો ગુણ નથી.' મેં કહ્યું. 'તમારો છે. તમે તો મારી પણ પહેલાં આવી પહોંચ્યાં છો.'

શિક્ષિકા હતી એટલે કુતૂહલ ખૂબ જ હતું એનામાં. ભારત વિષે અગણિત સવાલો પૂછી નાખ્યા. ગાંધી અને નહેરુ તો એમાં હોય જ. આપણા સાંસારિક અને સામાજિક પ્રશ્નો પણ એમાં હતા. લગ્ન વિષેના રિવાજો, લગ્નની ઉમર વગેરે પણ ખરાં. એની ઉમર પણ ખાસી પરણવાની હતી. એટલે મેં પણ પૂછ્યું.

'તમે લગ્ન કર્યાં છે?' 'હજી તો એ પણ નક્કી નથી કર્યું.'

મેં એને કહ્યું કે, 'અમારા દેશમાં આવડી ઉમરની છોકરી સહેજે એ વિષે વિચારતી હોય. કદાચ ચિંતા પણ કરતી હોય.'

તે હસી પડી. 'કેમ, એમાં ચિંતા કરવાનું શું છે?'

'કોઈ ન મળ્યું તો?'

'તો ચિંતા ટળી. એકલા રામ રહેવામાં પણ મઝા છે.'

'પણ...' હું થોથવાયો. 'શું પણ?'

'પણ માણસને જાતીય જીવન પણ જોઈએ ને!'

તેની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. બોલી,

'એને ને જાતીય જીવનને વળી શો સંબંધ?'

'એટલે?' ઓચિંતી જ મને હવાની વાતો યાદ આવી ગઈ.

'જાતીય જીવન તો લગ્ન વિના પણ મળે જ ને?' તેણે અત્યંત સાહજિકતાથી કહ્યું.

'પણ તમારામાં એટલે કે...તમારામાં...' હું ન બોલી શક્યો.

તે મદદે આવી 'હં અમારામાં એટલે કે અમેરિકનોમાં?'

'ના. હા, અમેરિકનોમાં તો ખરું જ, પણ તમારામાં...'

'હં, હં, નિગ્રો લોકોમાં, એમ?'

'હા. માફ કરજો, પણ એ લોકોમાં યે પરણ્યા પહેલાં કન્યા તદ્દન કુંવારી જ; Virgin, I mean, હોવાનો આગ્રહ ન હોય?'

'જરાય નહિ, અમારાં મન જ એ રીતે ઘડાએલાં હોય કે અમને એ વિચાર જ ન આવે. પુરુષને પણ નહિ, ને સ્ત્રીને પણ નહિ.'

'યુરોપમાં પણ એવું જ છે, નહિ?'

'બધે જ એવું હોય.' 'અમારે ત્યાં નથી.'

'તો હવે થશે. તમે પણ હવે આખી દુનિયાના પરિચયમાં આવતા જાઓ છો ને?' ને ફરી પાછી તે ભારત વિષે વાત કરવા માંડી.

જમવા જવાનો વખત થવા આવ્યો. એ બાબતમાં આખી રાત મને એક વિચારે સતાવ્યા કર્યો હતો. એટલે ઘડિયાળ સામે જોઈ મેં કહ્યું:

'ભોજનનો સમય થયો નહિ?' 'હા, ચાલો.'

'પણ...' હું જરાક અચકાયો. તે હસી. આમાં પણ મને ક્યાંક કશુંક નડે છે તેમ તે સમજી ગઈ. મને કહે: 'Eating is not Sex. People can eat togather without marriage, no?'

'ઑફ કોર્સ,' મેં કહ્યું. 'પણ......જુઓ ને......'

'કહોને, મૂંઝવણ શી છે?' તેણે પૂછ્યું.

મેં હિંમત મેળવી લીધી. કહ્યુ: 'તમને એ નહિ સમજાય, પણ હું ઑર્થોડોક્સ વેજિટેરિયન છું.' 'ભલે રહ્યા, એમાં મારે શું?'

'તમારે કશું નહિ,' હું હસ્યો. 'પણ મારે એક મુશ્કેલી છે. હું માંસ-મચ્છી તો શું ઇંડું સુધ્ધાં ખાઉં નહિ. તેં એ બધું ખવડાવ્યું શી રીતે? કાલે મને એ વિચાર જ નહોતો આવ્યો.'

'પણ તમે ક્યાં મને ખવડાવવાના છો? નોંતરું તો મેં આપ્યું છે ને! એટલે ખવડાવવાનો હક્ક મારો છે. તમને ખપશે તે હું ખવડાવીશ.'

'ના, એ પણ ન બને.' મેં કહ્યું. 'યુરોપ આવીને એ તો શીખ્યો છું-સ્ત્રીની ખાતર બરદાસ્ત મારે કરવી જોઈએ. તેનો એવો લાભ ન લેવાય.'

'તો ન લેતા. તમે તમારે પૈસે ખાજો. હું મારે પૈસે ખાઈશ, બસ? એમાં તો વાંધો નથી ને? કે તમે કહેતા હો તો હું પણ આજે શાકાહારી ખોરાક ખાઉં, પણ તમારી કંપની નહિ છોડું.'

'તમારો સૂચવેલો ઉપાય મંજૂર છે. તમને મારે શા માટે પરાણે મારો ખોરાક ખવડાવવો? ને મારી જોડે બેઠેલા બધા જ હંમેશાં તેમનો ખોરાક ખાય છે, તેમ તમે પણ તમારો ખાજો. પણ મારું મન ...તમે સમજ્યાં ને....'

'બધું ય સમજી ગઈ,' તેણે હસતાં હસતાં કહ્યુ, 'ચાલો હવે.'

ચાલ્યાં, બેસતાં હતાં ત્યાં એણે કહ્યું:

'ગજબ છે માણસનું મન, નહિ?'

'જે ગોરાઓ સાથે પ્રણયવ્યવહાર ન કરવા દે.' મેં કહ્યું

'કે માંસાહારીને જમાડી પણ ન શકે.' એણે કહ્યું.

બંને હસી પડ્યાં. દેશ અને દુનિયાની, ગોરા અને કાળાની, ભારત અને યુરોપ અમેરિકાની વાતો કરતાં કરતાં સમય ક્યાં નીકળી ગયો તેની સમજ પણ ન પડી.

---

અનુસંધાન] રંગગઠરિયાં [પૃ. ૪૮૫થી

બિખરે બાલ તો સૃષ્ટિનો પ્રલય કરવા નિશ્ચય કરી નીકળેલી ચંડિકાની યાદ આપતા હતા. અમે કહ્યુ કે જરા ઠીકઠાક થઈને આવો, અમે થોભીશું; પણ રણચંડીએ જિદ્દ ન છોડી.

વાતો, ચર્ચા અને આખરની આ ત્રાસવાદની રજૂઆતથી અમે હવે થાક્યાં હતાં. ઊંઘવા જતાં પહેલાં ક્રેલિહ બ્રેડા અને હું વિલાની બહારની રળિયામણી કુંજમાં જરા જીવ બહેલાવવા નીકળ્યાં. ત્યાં બ્રેડાએ સમાપના કરી. 'જાઓ, દોડ્યા દોડ્યા પશ્ચિમ તરફ જાઓ. અને તમને વિચારની વાસ્તવિકતાની વિકૃતિઓ જોવા મળશે.'

'પણ એ જીવન છે. એમને મન એ લાઈફ છે. આ બધા 'લાઈફ એઝ સચ'ના ભક્તો છે. જીવનનું ગમે તેવું પાસું, પછી ભલે તે ઘણા ઉપજાવે એવું હોય કે અધ્ધર અર્થવિહોણું હોય, એની મૂર્તિ પૂજવાના, છબિ ચીતરવાના, કલમ થકી આલેખવાના કોઈ પણ હિસાબે રજૂઆત કરી રાચવાના.' ક્રેલિહે કહ્યું, 'શાંતિ અને મનનું સમાધાન એમને એમાં છે.'

'એમ?' મેં કહ્યું. તો બ્રેડા કહે છે, 'કોણ જાણે. ઘડીપળમાં તત્ક્ષણમાં એ લોકો જીવે છે. નિરંતર પહેલાં સતતના કાળમાંથી એકાદ પળ એ લોકો બંને બાજુથી કાતરી એનો સળંગ સંબંધ છૂટો કરી એ પળને જ મહત્ત્વ આપે છે. એમની એ ફિલસૂફી છે.'

'અને પ્રીત?' અમારા બેમાંથી કોઈ બોલ્યું. તો બ્રેડા કહે, 'એ પણ ક્ષણ પર નિર્ભર. પ્રત્યેક ક્ષણે પ્રીતની વેલ ફૂટે, ખીલે અને કદીક ક્યાંક સુકાઈ જાય, યા એમાંથી નવી પણ પાંગરે. મારાથી તો નથી સમજાતું. નિનને હું બેત્રણ વાર મળી હતી, પણ એનામાં પણ અસ્થિર તત્ત્વો જોયાં. એનાં લખાણોમાં તો છે જ. ઈમ્પલ્સ, મનમાં તરંગ આવ્યો, તે સાકાર કરી જીવવું, એમાં એમને સુખ માણવાની ટેવ પડી ગઈ છે.'

'ઊંડાણ નહિ.'

'ઊંડાણ ખરું, તત્ક્ષણનું ઊંડાણ. ઊંડો અને ઊંડો કૂવો ખોદે. પાણી મળે તો પણ ઊંડા જાય; સાગરનું ઊંડાણ નહિ.' એમ કહી બ્રેડાએ એક ઊંડો નિસાસો મૂક્યો. 'બ્રેડા! આવો નિસાસો તું શા માટે મૂકે છે?' એ સવાલના જવાબમાં બ્રેડા કહે, 'એટલા માટે કે પ્રીતના કેટલાક અગાધ અને અનુપમ સૌન્દર્યનાં પાસાં-પડખાં થકી આ લોકો વંચિત રહી જવાના.'

(ચાલુ)

---

અનુસંધાન] અન્ય પ્રકારનાં ઝેર [પૃ. ૫૦૪થી

મોંમાં ને ગળામાં લાહ્ય બળતી હોય તો કદી ઊલટી ન કરાવવી.

એસેટિક, સલ્ફ્યુરિક, નાઇટ્રિક, ઑકઝેલિક ઍસિડ અને સોડિયમ સલ્ફેટ, આયોડિન, સિલ્વર નાઇટ્રેટનાં ઍસિડ કે ઍસિડ જેવાં ઝેર યા સોડિયમ હાઈડ્રોક્સાઈડ, ધોવાનો સોડા, એમોનિયાવૉટર બ્લીચિંગ પાવડરનાં આલ્કલી ઝેર લેવાયાં હોય તો જો રોગી ગળી શકે તેમ હોય તો–

ઍસિડ માટે: દૂધ, પાણી, છ ઔંસ પાણીમાં અડધા ઔંસ જેટલું મિલ્ક ઑવ મૅગ્નેશિયા અને આલ્કલિ માટે: દૂધ, પાણી, કોઈ ફળનો રસ કે સરકો આપવાં.

માત્રા: એકથી પાંચ વર્ષની ઉપરના બાળક માટે એકથી બે પ્યાલા; પાંચ વર્ષથી મોટી ઉમરના રોગી માટે બશેર સુધી–જો ઝેર કોરોઝિવ ન હોય તો–દૂધ કે પાણી આપ્યા બાદ ગળામાં આંગળાં નાખી ઊલટી કરાવવી અગર તો એક ઔંસ મીઠું નાખેલું આઠ ઔંસ ગરમ પાણી પાવું જેથી ઊલટી થાય. ઊલટી થતી વખતે તે ફેફસાંમાં ન જાય એ સારુ રોગીને શરીર કરતાં તેનું માથું નીચું રહે એવી રીતે પડખે કે ઊંધો સુવાડવો. રોગીએ ઝેર ખાધુ હોય તે લેબલ સહિતની શીશી દાક્તરને આપવી. જો ખાધેલા ઝેરની જાણ ન થાય તો ઊલટીનું દ્રવ્ય તપાસ માટે જાળવી રાખવું.

### ગૅસ, ધૂણી-ધુમાડા વગેરેનાં શ્વાસમાં ગએલાં ઝેર

રોગીને તત્કાલ ખુલ્લી ને ચોખ્ખી હવામાં ઊંચકીને લઈ જવો. મકાનનાં બધાં બારીબારણાં ખોલી દેવાં. રોગીનાં છાતી ને ગળાનાં કપડાં ઢીલાં કરવાં. શ્વાસોચ્છ્વાસ અનિયમિત કે બંધ પડ્યા હોય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા. રોગીને શરદી ન લાગે એ માટે તેને ધાબળા કે કામળા ઓઢાડવા ને તેને શાંત રાખવો. જો તેને તાણ આવતી હોય તો અંધારા જેવા ઓરડામાં સુવાડવો. તેને ગડથોલવો નહિ કે અવાજ થવા ન દેવા. કદી દારૂ ન પાવો.

### વીંછી ને સાપનાં ઝેર

રોગીને તત્કાલ સુવાડી દેવો. તેને દારૂ ન પાવો. દંશથી ઉપર સખત પાટો બાંધવો. (દર પંદર મિનિટે એક મિનિટ સુધી પાટો ઢીલો કરવો) જો તાત્કાલિક દાક્તરની સહાય મળે તો દંશ ઉપર ચપ્પુના કાપ કરી સંકશન પમ્પ લગાડવો કે મોં વતી ઘા ચૂસવો યા લોહી વહેવા દેવું. દંશ ઉપર બરફ ઘસવો કે ઠંડા પાણીનાં પોતાં મૂકવાં. રોગીને હૉસ્પિટલમાં કે દવાખાને ઊંચકીને લઈ જવો. પણ ચલાવવો નહિ.

### આંખમાં ઝેર પડવું

વિનાવિલંબે આંખનાં પોપચાં પહોળાં કરી દાકતર આવતા સુધી પાણીની ધીમી ધારે આંખ ધોતા રહેવી. કોઈ પણ દવા ન મૂકવી.

### ચામડી ઉપર ઝેર પડવું

ચામડી ઉપર પાણીની ધાર કરવી રોગીના અસર પામેલા અંગ પરથી કપડાં કાઢી જલદીથી ઝેર ધોઈ નાખવાથી ઝેર શોષાતુ નથી અને ઇજામાંથી ઊગરી જવાય છે.

# રાગેશ્વરી

સાધુરામ ન્યામતરાય ચોધ્ર

રાગેશ્વરી રાગને ગાયકો રાગેશ્રી કહે છે. પ્રચારમાં આ રાગ બાગેશ્રી જેટલો પ્રસિદ્ધ નથી તેમજ ગ્રંથોક્ત રાગરૂપોને મુકાબલે પણ અમુક અંશે આ રાગનું સ્વરૂપ આધુનિક લાગે છે. કોઈ કોઈ ગ્રંથમાં તો આ રાગ ભૈરવ, ગૌરી, કેદાર, દેવગિરિ, દેવગાંધાર, સિન્ધુરા, ધનાશ્રી, કાનડા તથા આસાવરી રાગોમાંથી ઉત્પન્ન થએલો વર્ણવ્યો છે, પરંતુ આ એક કલ્પના માત્ર લાગે છે. કારણ આટલા બધા રાગ એક પછી એક ગાવાથી કે તેમને જોડવાથી એકાદ 'રાગમાલા' કે 'રાગસાગર' બને કે રાગેશ્વરી? બાકી પ્રચારમાં રાગેશ્રી એક સ્વતંત્ર રાગ તરીકે જ ગવાય છે અને આપણે તેનું એ પ્રચલિત રૂપ જ જોઈશું.

રાગેશ્વરી ખમાજ થાટમાંથી ઉત્પન્ન થએલો એક રાગ છે. તેમાં શુદ્ધ તેમજ કોમળ નિષાદનો પ્રયોગ કરવામાં આવે છે. રાગગાનમાં એક સામાન્ય નિયમ એવો દેખાય છે કે બેઉ નિષાદનો પ્રયોગ થતો હોય તેવા રાગોમાં આરોહમાં શુદ્ધ નિષાદ લેવો તથા અવરોહમાં કોમલ નિષાદ લેવો. રાગેશ્વરીમાં પણ આ જ રીતે નિષાદનો પ્રયોગ થાય છે. શ્રોતાઓના બે વર્ગ છે: સંગીત સાંભળીસાંભળીને રાગ ઓળખવા પ્રયત્ન કરનારો એક સામાન્ય વર્ગ અને સ્વરની ઓળખ પરથી રાગ નક્કી કરી સમજનાર શ્રોતાઓનો પ્રમાણમાં નાનો એવો બીજો વર્ગ. આમાંથી સામાન્ય શ્રોતાઓને રાગેશ્વરી શરૂઆતમાં બાગેશ્રી જેવો લાગવાનો સંભવ છે. આ રાગ જાણે બાગેશ્રીની પકડમાંથી છૂટવા એકાદ કુશળ ગાયકે પાછળથી રચ્યો હોય તેવું લાગે છે. રાગેશ્વરી પ્રાચીન રાગ નથી તેમજ છેક આધુનિક પણ નથી. એમાં આરોહમાં ઋષભ સ્વર તથા આરોહ-અવરોહ બંનેમાં પંચમ સ્વર વર્જ્ય હોઈ એની જાતિ ઔડુવ-ષાડવ છે. રાગેશ્વરીમાં ગાન્ધાર સ્વર શુદ્ધ હોવાથી બાગેશ્રીથી એ અલગ પડી જાય છે. જોકે એના ઉત્તરાંગમાં 'સાં નિ ધ મ' એ સ્વર સંગતિ બાગેશ્રીનો આભાસ ઉત્પન્ન કરે છે. પણ એ ટાળવા ગાયકો ધૈવતને વક્ર રૂપમાં લઈ 'સાં નિ, ધનિ ધમ' એવી સ્વરસંગતિથી તથા 'ધમ, ગરેસા' એ સ્વરોમાંના શુદ્ધ ગાંધારથી બાગેશ્રીની છાયા દૂર કરે છે. તેનો વાદી સ્વર ગાંધાર અને સંવાદી સ્વર નિષાદ છે. ગાવાનો સમય રાત્રિનો બીજો પ્રહર. આરોહાવરોહ:

સા ગ, મ ધ નિ સાં  સાં નિ ધ મ ગ રે સા

રાગેશ્વરીમાં 'ધ મ' એ સ્વરસંગતિ વિશેષ આકર્ષક લાગે છે. જ્યારે ગાયક તારષડ્જ પરથી અવરોહમાં 'સાં, નિ ધ, નિ ધ મ, ધ મ ગ રે સા' આ સ્વરોનું મધુર ઉચ્ચારણ વારંવાર કરે ત્યારે આ રાગની સારી હવા જામે છે. રાગેશ્વરીમાં બાગેશ્રી જેવી આલાપચારી કરવામાં આવતી નથી. તેમજ કોમલ નિષાદ તથા કોમલ ગાન્ધારની સ્વાભાવિક શ્રુતિજન્ય સ્વરસંગતિ પણ આમાં ન હોવાથી બાગેશ્રી પેઠે આ રાગમાં મીંડમાં સ્વરો લેવાતા નથી.

ફરમાએશ થયા વિના બહુધા ગાયકો રાગેશ્વરી ગાતા નથી. જોકે હવે તો રેડિયો પર પણ એ વારંવાર સાંભળવા મળે છે. ફિલ્મોમાં આ રાગ પર આધારિત ઘણી ગીતરચનાઓ સાંભળવા મળે છે.

ખમાજમેલજન્ય રાગ હોવા છતાં ઝિંઝોટી, ખમાજ તથા તિલંગ જેવા રાગોમાં પ્રગટ થતું સા ગ મ પ સ્વરોનું ખમાજનું સુસ્પષ્ટ અંગ આમાં લેવાતું નથી. કારણ રાગેશ્રીમાં પંચમ વર્જ્ય છે. આ રાગ ઉત્તમ રીતે ગાવા માટે બાગેશ્રીનું અંગ બરાબર ધ્યાનમાં રાખવાની જરૂર છે. આરંભમાં આરોહમાં

'રે સા, નિ ધ, નિ સા મ ગ, મ ધ, નિ ધ, મ ગ'

એ સ્વરો સાવકાશ ગાવાથી રાગેશ્રી સુંદર રીતે પ્રકટ થાય છે.

રાગગાન પદ્ધતિ માટે આપણી પ્રાચીન પ્રણાલી હવે પ્રચલિત રહી નથી. તથા બાદશાહી સમયની મુસલમાન ઉસ્તાદોની પદ્ધતિ પણ લગભગ નષ્ટપ્રાય: થતી ચાલી છે. અલબત્ત, સંગીત જેવી લોકરુચિને આધીન પરિવર્તનશીલ કલામાં એકની એક ચીલાચાલુ રીત અપનાવ્યા કરવામાં આવે એ બનવાજોગ નથી. પ્રાચીન પ્રણાલી મુજબ સ્વર, ગ્રામ, શ્રુતિ તથા મુર્ચ્છના પદ્ધતિ મુજબ ષડ્જ કે મધ્યમ ગ્રામ સાથે શ્રુતિસંમત સ્વરસંગતિથી રાગરચના કરવામાં આવતી. મતલબ કે એ પદ્ધતિ મુજબ ષડ્જ મધ્યમ કે ષડ્જ પંચમ સ્વરો વચ્ચેનાં શ્રુતિ અંતરો, માનવ સ્વર સાથેના સ્વાભાવિક મેળને લક્ષમાં રાખી રાગગાન થતું તેથી તેવા રાગોમાં લેવાતી સ્વરસંગતિ અને

### રાગ રાગેશ્વરી

मनि कोमल पंचम नहीं धग संवाद सुहाई।
चढत रिखब न लगत है रागेसरी कहाई॥
(रागचंद्रिकासार)

'વાગીશ્વરી'નાં જેમ 'બાગેશ્રી' કે 'બાગેસરી' એવાં નામો પ્રચલિત છે તે રીતે ખમાજ થાટના 'રાગેશ્વરી'ને 'રાગેશ્રી' પણ કહે છે. આ રાગ અલ્પ પ્રચલિત ગણાય છે. આના ઉત્તરાંગમાં બાગેશ્રીનું અંગ સ્પષ્ટ દેખાતું હોઈ સામાન્ય શ્રોતા એને બાગેશ્રી જ સમજી બેસે છે, પણ એના પૂર્વાંગમાં લેવાતો શુદ્ધ ગાંધાર એને બાગેશ્રીથી અલગ પાડે છે. ખમાજમેલજન્ય રાગોમાં થતો બંને નિષાદનો પ્રયોગ આ રાગમાં પણ થાય છે. સાં નિ ધ મ ગ એ સ્વરસંગતિ રાગવાચક છે.

રાગની જાતિ: ઔડુવ–ષાડવ
વાદી-સંવાદી: ગાંધાર–નિષાદ
ગાવાનો સમય: રાત્રિનો બીજો પ્રહર

આરોહ-અવરોહ
સાં ગ, મ ધ નિ સાં | સાં નિ ધ મ ગ રે સા

ચલન
સા, રે સા, નિ ધ નિ સા, મ ગ, મ ધ, નિ ધ, ગ ગ, મ ગ,
સા રે સા, ગ મ ધ, નિ સાં, મં ગં, રેં સાં, નિ ધ, મ ધ,
નિ ધ, મ ગ, રે, સા, નિ ધ, સા.

રાગેશ્વરી પર આધારિત કેટલાંક ફિલ્મી ગીતો:
'અબ આઈ બસંત બહાર'
(ન્યૂ થીએટર્સની ફિલ્મ 'સૌગંદ'-ગાયક અસિતબરન)
'શુભ દિન આયો રાજદુલારે'
('મુઘલે આઝમ'માં બડે ગુલામઅલીખાં)
'કૌન આયા મેરે મન કે દ્વારે'
('દેખ કબીરા રોયા'માં મન્ના દે)
'બલમા અનાડી મન ભાયે'
('બહુરાની'માં લતા મંગેશકર)

સ્વરવલયો એવાં સ્વાભાવિક થતાં કે આધુનિક પદ્ધતિ મુજબ સ્વરોના વાદીસંવાદી ભાવો સાચવવાની કે તેમને ગોખી રાખવાની જરૂર પડતી નહિ. એ પદ્ધતિ જાણેઅજાણ્યે કાળક્રમે વિલીન થતી ગઈ.

આ પછી મુસલમાનોએ નવી થાટપદ્ધતિ પર રાગરચનાઓ કરવા માંડી. પરંતુ મુસલમાની સમયનાં ગ્રંથોનો અભ્યાસ તો અનાવશ્યક ગણાતો, એટલું જ નહિ પણ હાનિકર પણ ગણાતો, એટલે ઉસ્તાદો પોતાના વારસોને તેમજ માનીતા શાગિર્દોને પોતે શીખ્યા હોય તે જ પદ્ધતિએ મૌખિક રાગાલાપ પદ્ધતિથી રાગગાન શીખવતા. અને કંઠમાં સપ્ત સ્વરસમૂહ યોગ્ય મુકામ સહિત સારી રીતે સ્થિત થાય અને અવાજ મધુર લાગે ત્યાર પછી જ રાગગાન શીખવવાની પદ્ધતિ રાખતા. રાગોનાં નામ પણ શિષ્યને ત્યારે કહેવામાં આવતાં નહિ. શાગિર્દે તો ઉસ્તાદ શીખવે તેટલું જ ને તેવું જ આબેહૂબ ગાવાનું રહેતું. સામાન્ય રીતે સરળ આરોહાવરોહ સ્વરૂપવાળા પ્રાતઃકાલીન ભૈરવ તથા સાયંકાલીન યમન જેવા રાગમાં વર્ષો સુધી પલ્ટા ભરાવી શિષ્યના કંઠમાં પ્રગાઢ સ્વરાંદોલનનો સુંદર સુશ્લિષ્ટ સ્વરૂપમાં પ્રસ્થાપિત કરવામાં આવતાં. ત્યાર બાદ ગૌડ સારંગ જેવા વક્રચલન યુક્ત રાગના 'સા ગ, રે મ, ગ પ' સ્વરો કંઠમાં એટલા સરસ રીતે તૈયાર કરાવવામાં આવતા કે મહેફિલોમાં ગૌડ સારંગ ગાઈને યુવાન ગાયક શ્રોતાઓને મુગ્ધ કરી દેતો; એટલું જ નહિ, પણ તે પહેલાં તો એ ગવૈયાઓની દાવતમાં આ રાગ ગાઈને પીઢ ઉસ્તાદોની 'વાહવાહ' પણ મેળવી લેતો. રાગગાન શીખવાની આ પ્રત્યક્ષ પદ્ધતિ શિષ્યને શરૂશરૂમાં ભારે કંટાળો ઉપજાવતી, છતાં પાછળથી એ સ્વરો પર આશ્ચર્યજનક કાબૂ પ્રાપ્ત કરી લેતો. ને આ પછી તો ઉસ્તાદ તેને તમામ રાગ નામસહિત સર્વોત્તમ રૂપમાં શીખવતા.

ગ્વાલિયર, જયપુર, રામપુર, વગેરે ઘરાણાના મશહૂર ઉસ્તાદો આના જ્વલંત નમૂના છે. એ બધાં શાસ્ત્રચર્ચા કે વાદી-સંવાદીની ઝંઝટમાં ભાગ્યે જ પડતા. પરંતુ તોડી, લલિત કે મિયાં કી મલ્હાર ગાઈને શ્રોતાઓને પરવશ બનાવી દેતા. હદ્દુખાં, હસ્સુખાં ને રહિમતખાં કે તાનરસખાં જેવા ઉસ્તાદોના ગાએલા યમન કે ભૈરવ હવે આજના ગાયકો પાસેથી આપણને સાંભળવા મળે એમ નથી જ. તેમની વિસ્તૃત શાગિર્દ પરંપરામાં થઈ ગએલા આગ્રાના ઉસ્તાદ નથ્થનખાં, જયપુરના ઉસ્તાદ અલ્લાદિયાખાં, તેમજ પંડિત ભાસ્કરબુવા બખલે, રામકૃષ્ણબુવા વઝે તથા આફતાબે મૌસીકી ઉસ્તાદ ફૈયાઝખાં જેવા અપ્રતિમ ગાયકો આ ઘરાણા પદ્ધતિએ જ આપ્યા છે.

ઘરાણા પરંપરાની આ રાગગાન પદ્ધતિ ભારતીય સંગીતની યશકલગી રૂપ છે. પણ આધુનિક સમયમાં આ પદ્ધતિ પણ નષ્ટ થવા માંડી છે. એનો સમૂળો ત્યાગ કરવો ઉચિત નથી. લોકોને એ ગમતી નથી, કારણ વર્ષો સુધી ભૈરવ કે યમનના પલ્ટા ભરવાનો આજે સમય પણ ક્યાં અને કોને છે? એટલે આજે તો ભાતખંડે તથા પં. વિષ્ણુ દિગંબર પલુસ્કરની સ્વરલેખન પદ્ધતિ લોકપ્રિય થઈ પડી છે. ઠેરઠેર સ્થપાતાં સંગીત વિદ્યાલયોમાં ચાલતાં ક્રમિક પાઠ્યપુસ્તકોમાં રાગ વાદી-સંવાદી સ્વરોનું વિવરણ તેમજ તેના નિયમો લક્ષણગીતો અને ત્યાર બાદ સ્વરલિપિમાં બાંધેલી સંખ્યાબંધ ચીજો એમ બધું તૈયાર મળે છે. જેમાંથી શિષ્ય વિવિધ પરીક્ષાઓ માટે અમુકઅમુક તૈયાર કરે, પરીક્ષામાં એ પ્રમાણે ગાઈને પાસ થાય અને સંગીતવિશારદની ડિગ્રી સાથે રેડિયો સ્ટેશન પર જઈ કાર્યક્રમો મેળવવા અરજી કરતો થઈ જાય છે. પરંતુ ગુરુમુખી પ્રત્યક્ષ ગાયનકલા આમાં કેટલી હોય છે? મારા મતે અતિ અલ્પ. પરિણામે આ બધા 'સુશિક્ષિત' ગાયકોમાંથી બદાયુંના ઉસ્તાદ નિસારહુસેનખાં કે ઇંદોરના ઉસ્તાદ અમીરખાંની તોલે આવે તેવા ગાયકો બહુ જ ઓછા મળે છે. અને જે કેટલાક ઉત્તમ ગાયકો આમાંથી જડી આવશે તે તમામે આ લેખિત પદ્ધતિનું રાગગાન શીખી ચૂકયા બાદ કોઈ ને કોઈ ઉસ્તાદ પાસે બેસી ગુરુમુખે સારી પેઠે એ વિદ્યાનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યાનું જોવા મળશે.

થોડું વિષયાંતર કરીને પણ મેં આ કહ્યું છે તે એટલા માટે કે પ્રાચીન, મુઘલાઈ જમાનાની કે આધુનિક સ્વરલેખન પદ્ધતિમાંથી ગમે તે પદ્ધતિ પ્રમાણે રાગગાન કરવા સારુ સુયોગ્ય ને ઉત્તમ પ્રત્યક્ષ તાલીમની જરૂર પડે છે જ. ફક્ત નિયમો શીખવાથી ગાતાં આવડતું નથી.

રાગેશ્રી ગાતાં પહેલાં બાગેશ્રીનું પૂરતું શ્રવણ કરો, મનમાં તેનું અંગ રટયા કરો. ત્યાર બાદ શુદ્ધ ગાંધાર તથા વક્ર ધૈવત સ્વરનો કુશળ પ્રયોગ કરી આ રાગ ગાઓ તો ઉત્તમ પરિણામ આવશે. સંગીતના વિદ્યાર્થીએ એક વાત હમેશાં યાદ રાખવી જોઈએ કે વિલંબિત લયમાં ગાવાથી રાગનું જેવું સ્વરૂપ પ્રત્યક્ષ થાય છે તેવું મધ્ય કે દ્રુત લયની ચીજો દ્વારાથી થતું નથી. રાગેશ્રીની બે મશહૂર ચીજો નીચે આપી છે:

(૧) વિલંબિત ઝપતાલ

સ્થાયી

પ્રથમ સૂર સાધે, પ્રથમ સૂર સાધ રટે
નામ જો લૌ રહે યાહી ઘટમેં પ્રગટ પ્રાણ સધે

અંતરા

સપ્ત સૂર તિન ગ્રામ ગુનીજન બખાને
આવન ગવન કી વિદ્યા કઠિન ભેદ પાવે ગુરુજન સે વે આદે.

(૨) મધ્યલય તિનતાલ

સ્થાયી

આયો અત મતવારો સાંવરો ભોરહી હમહું આન જગાયો
સૌતન સગરી રૈન રસ પાયો.

અંતરા

અલસાની અખિયાં પહિચાની
'દરસપિયાં' મેં જાનત હોં તુમ સબહી તિરથ કો લાયો.

સ્વ. ઉસ્તાદ વિલાયતહુસેન અપ્રચલિત રાગો ગાવામાં અદ્વિતીય મનાતા. તેમણે ગાએલ 'આયો રે જિત રાજા રામચંદ્ર' રાગેશ્રીની ઘણી સુંદર ચીજ છે. 'પ્રથમ સૂર સાધે' પણ ઘણી સરસ ચીજ છે.

ફિલ્મી ગીતોમાં ન્યૂ થિયેટર્સની 'સૌગંદ' ફિલ્મનું અસિતબરને ગાયેલ 'અબ આઈ બસંત બહાર' રાગેશ્રી પર આધારિત ગીતોમાં કદાચ સૌથી મધુર ગીત છે. મન્ના દે નું 'દેખ કબીરા રોયા' ફિલ્મનું ગીત 'કોન આયા મેરે મનકે દ્વારે' પણ સરસ છે. ફિલ્મી સંગીતમાં આ રાગમાં ક્વચિત્ કોમલ ગાન્ધારનો પ્રયોગ થતાં 'માલગુંજી' રાગનો આભાસ થાય છે. આ બાબત ધ્યાનમાં રાખવા જેવી છે.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા 'ડૉક્ટર આવતાં પહેલાં'-૧૫

# અન્ય પ્રકારનાં ઝેર

### અન્ન-વિષ

વાસી મિષ્ટાન્ન જમનારાઓ કોક વાર ઉપરાઉપરી ઝાડાઊલટીના ભોગ થઈ પડી મૃત્યુ પામતા આપણે સાંભળીએ છીએ. આના કારણરૂપ ખોરાકમાં ગરોળી કે તેની હગાર પડી હોવાનું કેટલાક માને છે. વસ્તુતઃ ગરોળી બિલકુલ ઝેરી નથી, પણ ખોરાક જ ઝેરી બની ગએલો હોવાથી આમ બને છે.

દૂધ અને તેની વાનીઓ, ખાસ કરીને વાસી બાસૂદી ખાનારા આવા અન્નવિષનો ભોગ બને છે. મોટા ભાગે ગરમીના દિવસોમાં આમ વધુ બને છે. આગલી રાતે બનાવી રાખેલાં બાસૂદી, પાતરાં કે ખોરાક જો ગરમ સ્થાનમાં રહે તો તે થોડાક કલાકમાં ઝેરી બની જાય છે.

અન્નને આમ ઝેરી બનાવનાર સર્વવ્યાપી સામાન્ય સ્ટેફિલોકોકસ નામનાં જીવાણુઓ છે. રાંધેલા ખોરાકને ગરમ સ્થળમાં રાખવામાં કે ઢાંકી રાખવામાં આવે તો આ જીવાણુઓ પાંચ કલાકમાં તેમાં જીવલેણ વિષ પેદા કરે છે.

આવો ખોરાક સ્વાદ કે સોડમમાં બગડયો નથી હોતો, પણ તે ખાધા બાદ થોડા કલાકમાં ટોમાઇન કે ફૂડપોઈઝનિંગનાં ચિહ્નો થાય છે. પેટમાં પીડા અને લાહ્ય, પાતળા ઝાડા, અસહ્ય ચૂંક ને અશક્તિ અનુભવાય છે. ભારે હુમલામાં ખરાબ ખોરાકની ઊલટી થાય છે.

ઉપચાર : ઊલટી થતાં સુધી દર પાંચ મિનિટે રાઈનું પાણી અથવા હૂંફાળું પાણી પાઈને ગળામાં આંગળાં નાખી પેટમાંથી ચોખ્ખુ પાણી નીકળવા લાગે ત્યાં સુધી ઊલટી કરાવવી અને પછી દિવેલ કે મીઠાનો જુલાબ આપવો. મોટા માણસને બે મોટા ચમચાપુર અને બાળકને બે નાની ચમચીપુર દિવેલ આપવું. પેરેફિન કે ઑલિવ તેલ પણ આપી શકાય. ઈંડું ઓગાળેલું દૂધ કે પાણી અને દૂધ કે પાણીમાં ઓગાળેલી મલાઈ આપવાં.

### કાર્બન મૉનૉકસાઇડનું ઝેર

બંધ બારી-બારણાંવાળા ખંડમાં લાંબો સમય સગડી કે પાણીનો બંબો સળગતાં રહે તો એમાંથી નીકળતો કાર્બન મૉનૉક્સાઈડ વાયુ પ્રસરી જઈ શ્વાસમાં જતાં એનાથી શ્વાસાવરોધ આવી પડે છે.

કોલસા, તેલ, લાકડું ને પેટ્રોલના બળવા માટે પૂરતા પ્રમાણમાં પ્રાણવાયુ ન મળે ત્યારે કાર્બન મૉનૉક્સાઈડ વાયુ પેદા થાય છે. ભઠ્ઠી ને બળતા મકાનની ધુમાડી અને મોટરમાંથી પાછળ નીકળતા ધુમાડામાં તે હોય છે. બંધ બારણે સૂનારા અને ખાણમાં કે ગરાજમાં કામ કરનારા કારીગરો આ ઝેરી વાયુના ભોગ બને છે.

કાર્બન મૉનૉક્સાઈડ ગંધરહિત વાયુ છે એટલે બંધ ખંડમાં ફેલાયો હોય કે મોટરમાં જો એ લીક થતો હોય તો તેની હાજરીની જાણ થતી નથી. આ વાયુની ઝેરી અસર પ્રસરતાં આરંભમાં બગાસાં, ચક્કર, કાનમાં અવાજ અને મનમાં ગૂંચવાડો પેદા થાય છે. આ ચિહ્નો એવાં તો ધીમેધીમે આવે છે કે અંતે વાયુની ઝેરી અસર નીચે રોગી તાજી હવાની દિશામાં ચાલીને કે પેટ ઘસડીને પણ જવા અશક્ત બને છે. તે શરીરમાં પ્રવેશ્યા બાદ લોહીમાંના લાલકણોના હિમોગ્લોબિનને પકડે છે ને તેથી લાલકણો હવામાંના પ્રાણવાયુને સ્વીકારી શકતાં નથી.

પ્રાણવાયુની અછતથી મગજમાં માઠી અસરો થાય છે શ્વાસ લેવાનું બંધ પડી બેભાનાવસ્થા આવે છે. ચામડી લાલચોળ કે ભૂરી બને છે અને જો તાત્કાલિક ઉપચાર ન લેવાય તો મૃત્યુ આવી પડે છે. આવે વખતે રોગીને તાજી હવા મળે એ માટે તેને ખુલ્લામાં લઈ જવો. શ્વાસોચ્છ્વાસ બંધ પડયા હોય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા.


### સાપનું ઝેર*

ભારતમાં સર્પની ૩૦૦ જેટલી જાત થાય છે. આમાંથી નાગ, ખડચીતળો, કાળોતરો, ફૂર્સા વગેરે ૬૮ જાત ઝેરી છે. ઝેરી અને બિનઝેરી બન્ને જાતના સર્પોને જડબામાં દાંત તો હોય છે પણ ઝેરી સર્પને ઉપરના જડબામાં આગળ ઈન્જેકશનની સોય જેવા બે પોલા દાંત હોય છે, જે દ્વારા તેના તાળવામાં રહેલી વિષ ગ્રંથિઓનો સ્રાવ દંશના ઘામાં જાય છે. અનુમાનવામાં આવ્યું છે કે આપણા દેશમાં દર વરસે સર્પદંશથી પંદર હજાર મૃત્યુ થાય છે.

સર્પના ઝેરનું પ્રાણઘાતક પ્રમાણ આ પ્રમાણે છે : નાગનું ઝેર ૧૨, ખડચીતળાનું ઝેર ૧૫, કાળોતરાના ઝેરનું પ્રમાણ ૬ અને ફૂર્સાના ઝેરનું પ્રમાણ ૮ મિલિગ્રામ છે. સર્પમાં ઝેરનું પ્રમાણ ઋતુ અનુસાર વધારેઓછું રહે છે. જુલાઈ અને ઑગસ્ટમાં તે વધારેમાં વધારે હોય છે તો નવેમ્બર ને ડિસેમ્બરમાં ન્યૂનતમ. કોઈ પણ કારણસર દંશમાં પૂરતું ઝેર ન ગયું હોય તો રોગી સામાન્ય ઉપચારથી બચી જાય છે.

---

*ઝેરી સાપ કરડવાથી માણસ બેભાન થતો નથી. તદ્દન બેભાન થઈ જવાનું કારણ કેવળ ભય જ છે. ઝેરી સાપ કરડયા પછી દસ જ મિનિટમાં તેની અસર શરૂ થઈ જાય છે. જો કોઈ માણસ ખૂબ ધમપછાડા કરે કે સનેપાત પેઠે લવારી કરે તો તે પણ ઝેરને લીધે નહિ, પણ ડરને લીધે જ થવા પામે છે. આ વિષે ચરક કહે છે કે, 'વિષની શંકાને લીધે પણ ઝેરની લહેરો, તાવ, ઊલટી, મૂર્છા, દાહ, ગ્લાનિ, મોડ, ઝાડા વગેરે થાય છે. આને 'શંકાવિષ' કહે છે. આ ઉપરાંત, (૧) સામાન્ય રીતે ઝેરી સાપ કરડયો છે કે નહિ તે નક્કી કરવા માટે તે વ્યક્તિને તુરત જ કડવો લીમડો ચવડાવવામાં આવે છે, એ જ પ્રમાણે મરચાં ને મીઠું પણ અપાય છે. આ ત્રણે ય વસ્તુઓનો સ્વાભાવિક સ્વાદ ન લાગતાં તેની વિરુદ્ધ સ્વાદ લાગે તેને સાપનું ઝેર ચડયું છે એમ સમજવું; (૨) કાળી માટી ચખાડવી. જો તે તીખી લાગે તો સાપનો અને ગળી લાગે તો ઝેરી ઉંદરનો ડંખ જાણવો; (૩) કરમદીનાં મૂળ પાણીમાં ઘસી થોડાં પિવરાવવાં, જો ઝેરી દંશ હશે તો ઊલટી નહિ થાય, અન્યથા થશે; (૪) નાગરવેલનું પાન દંશ પર દાબી રાખવું. જો ઝેરી સાપનો દંશ હશે તો તે પાન ઉપર દંશ જેટલું જ અગ્નિથી શેકાયા જેવું ચાઠું કે ડાઘ પડશે. બિનઝેરી સાપના દંશ પર એવો ડાઘ નહિ પડે. એ ડાઘ ઝેરને લીધે જ પડે છે. ■ શરીર પરનાં અને ખાસ તો મોં પરનાં ભીંગડાંની રચનાથી પણ સાપ સવિષ છે કે નિર્વિષ એ જાણી શકાય છે. પણ એ તો દંશ લાગ્યા પછી સાપ હાથ ચડયો હોય તો જ ખબર પડે. (અગાઉ 'કુમાર'ના ૩૬૫મા અંકમાં આ અંગે સચિત્ર સમજણ આવી ગઈ છે.) પણ નીચેની આકૃતિઓમાં દર્શાવ્યા પ્રમાણે સાપે બેસાડેલા દાંતની રચના પરથી પણ તેના ઝેરી કે બિનઝેરીપણાની ખબર પડી શકે. આકૃતિ અમાં દર્શાવેલી સર્પદાઢ ઝેરી સાપની છે. તેમાં મથાળે ઝેરની દાઢ, બાજુમ બમાં દર્શાવેલ બિનઝેરી સાપની દાઢ કરતાં સ્પષ્ટપણે જુદી પડે છે. –સં



अ ब

આપણા શરીરમાં સર્પઝેરની અસરો બે પ્રકારે થાય છે. જ્ઞાનતંતુ પર અને રક્ત પર. પહેલામાં રોગીને માંસપેશીનો લકવો થાય છે. નાગના ઝેરથી તાણો અને લકવો બન્ને થાય છે. રક્તવિષથી લોહીસ્રાવ થાય છે. બન્ને પ્રકારનાં ઝેરથી શ્વાસની મુશ્કેલી ઊભી થાય છે. શરીરમાં ઝેર શોષાયા બાદ રોગીને દૃષ્ટિની ઝાંખ, હાંફ, ઝડપી મંદ નાડી, તાણ અને ઊલટીનાં લક્ષણો થાય છે.

મોટા ભાગે સાપ હાથ કે પગ ઉપર કરડે છે. સાપ કરડે કે દસ મિનિટમાં જ ઉપચાર લેવા. કારણ કે દસપંદર મિનિટ જેટલા સમયમાં એનું ઝેર આખા શરીરમાં ફરી વળવાથી જીવનું જોખમ વધી પડે છે.

ઉપચાર : રોગીને સુવાડી દેવો. ઝેર ઊતરી જશે એવી તેને ખાતરી આપવી જેથી તેના મનને શાંતિ વળે. ઝેરના કરતાં સાપ કરડવાના આઘાતથી થતા મરણનું પ્રમાણ પણ ઓછું નથી. સર્પદંશવાળા અંગને સ્થિર રાખવું. તેનું હલનચલન થવા ના દેવું જેથી શરીરના બીજા ભાગોમાં ઝેર પસરવામાં વિલંબ થાય. હાથ કે પગનું લોહીનું ભ્રમણ બંધ કરવા માટે દંશથી ત્રણ ચાર ઈંચ ઉપર કે જાંઘ યા બાવડા ઉપર પાટા કે ટુર્નિકેટ બાંધવો. પાટો કે ટુર્નિકેટ દર પંદર મિનિટે જરા ઢીલો કરી પાછો સખત બાંધવો. દાક્તર આવતા સુધી આમ કરવું.

દંશવાળી જગ્યા જલદીથી ધોવી. જો પાણી ન મળે તો ઝેર લૂછી નાખવું. પછી તેના ઉપર બરફ કે ઠંડા પાણીનાં પોતાં મૂકવાં. દંશ ઉપર ઝડપથી સોજો વધતો હોય તો દંશ ઉપર છેદ (કાપ) અને શોષણની ક્રિયા કરવી. દીવાસળી સળગાવી ચપ્પુના પાનાને કે બ્લેડને શુદ્ધ કરી દંશ ઉપર ½ કે ૧ ઈંચ લાંબો અને ⅛ થી ¼ ઈંચ ઊંડો કાપ મૂકી છૂટથી લોહી વહેવા દેવું જેથી ઝેર ધોવાઈ જાય. ઘામાંથી ઝેર શોષવા માટેનાં સાધનો પણ આવે છે પણ એ તાત્કાલિક તો ક્યાંથી મળે? એટલે મોંમાં વતી ઘા ચૂસવો. અલબત્ત, મોંમાં છાલાં કે ચાંદાં હોય તો આ જોખમ હરગીઝ ખેડવું નહિ. સર્પઝેર પેટમાં જવાથી ઝેર ચડતું નથી પણ ઘા ચૂસ્યા બાદ દર વખતે કોગળા કરવા. ઘા ઉપર સારું ડ્રેસિંગ મૂકી પાટો બાંધવો. શ્વાસોચ્છ્વાસ બંધ પડયા હોય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા. રોગીને જલદી હૉસ્પિટલમાં લઈ જવો જેથી તેને સર્પઝેરના પ્રતિકાર માટે એન્ટીસ્નેઈક વિનમનાં ઇન્જેકશન આપી શકાય.

## કીડી, ભમરી ને મધમાખીનો ડંખ

કીડી, ભમરી ને મધમાખીના ડંખ વેદનાભર્યા હોય છે. મધમાખીના ડંખમાં ફૉર્મિક ઍસિડ હોય છે, જ્યારે કીડી અને ભમરીના ડંખ આલ્કલીવાળા હોય છે. દંશમાં મધમાખીના ડંખનો ભાગ રહે તો ઘામાં વધારાનું ઝેર મળે છે. માટે તે કાઢી નાખવો.

મધમાખીના ડંખ માટે એમોનિયા કે સોડાબાયકાર્બના પાણીનાં પોતાં મૂકવાં કે પાણીવતી તેનો મલમ બનાવી લેપ કરવો. ટૂથપેસ્ટનો લેપ કરવાથી પણ બળતરામાં રાહત મળે છે. દવાઓ કદી ઘસવી નહિ.

કીડી ને ભમરીના ડંખ માટે સરકો કે લીંબુનો રસ ઘસવો.

જો મોંમાં કે ગળામાં ડંખ લાગ્યો હોય તો બરફનો ટુકડો ચૂસવા આપવો, અગર તો ઠંડા પાણીનું પોતું ગળે વીંટાળવું.

પુષ્કળ ગરમ પાણીમાં ફલાલિનનો કકડો બોળી ડંખવાળી જગ્યા ઉપર મૂકવો. આવું વારંવાર કરવું. ગરમ પાણીથી ખણુજ આવતી ચામડી નીચેના જ્ઞાનતંતુઓ બહેરા બને છે. તેથી ખણુજમાં રાહત મળે છે વળી ત્યાં વિશેષ લોહી આવવાથી ખણુજ આણનારાં દાહક દ્રવ્યો ધોવાઈ જવાની બીજી માન્યતા છે. બાળકો માટેના આ ઉપચાર વખતે સહ્ય એવું ગરમ પાણી જોઇએ, દઝાડે એટલું ગરમ નહિ.

કોક વખત આ જંતુઓના ડંખની એલર્જીના લીધે આખા શરીરે શીળવા અને સોજાની સ્થિતિ થઈ આવે છે. વધારામાં ઊબકા, ઊલટી, શ્વાસ લેવામાં મુશ્કેલી અને શક્તિપાત થાય છે. કદીક કોઈને હોઠ ને ચહેરાનો સોજો, પુષ્કળ ચૂંટ ને ગળામાં સંકોચ થવાથી શ્વાસ લેવાની મુશ્કેલી ઊભી થાય છે. આ વખતે એડ્રેનલિનનાં દસ ટીપાં ચમચાપુર પાણીમાં નાખી પાઈ દેવાં. એલર્જી મટાડનારાં ઔષધ આપવાં, પણ આની જાણકારી હોવી જોઈએ. બેનાડ્રિલ, એવિલ, પેરીએક્ટિન, એલ્ટીસ્થાન, એન્ટીસ્ટાઈન વગેરે આ માટેનાં જાણીતાં ઔષધો છે. ડંખ ઉપર લગાડવા માટે બેનાડ્રિલ અને એન્ટીસ્થાનનો મલમ ઘણો ગુણકારી નીવડે છે.

મચ્છરના ડંખમાં ઍસિડ છે. એનાં ઢીમણાં માટે સોડા બાયકાર્બનાં પોતાં મૂકવાં કે પાણીમાં ઓગાળેલી દવાનો લેપ કરવો.

## વીંછીનો ડંખ

અંગારો ચાંપ્યો હોય એવો વીંછીનો ડંખ અતિ વેદના ને ત્રાસ ઉપજાવનાર છે. તેનું ઝેર સર્પ કરતાં પણ વધારે કાતીલ હોવાનું ગણાય છે પણ તેનું પ્રમાણ ઓછું હોવાથી ઘાતક નથી નીવડતું.

મોટા ભાગે વીંછીનો ડંખ હાથપગનાં આંગળાંના ટેરવા ઉપર લાગે છે. એ વખતે ડંખથી થોડે ઊંચે સખત પાટો વીંટવો જેથી વીંછી બહુ 'ચડે' નહિ. ને વીંછીના ડંખવાળું અંગ સ્થિર ને શરીરથી નીચું રાખવું.

ડંખ ઉપર ઠંડા પાણીનાં પોતાં કે બરફ મૂકવો. ઈથાઇલ ક્લોરાઇડ કે કાર્બ ટેટ્રાક્લોરાઇડનાં પોતાં ઘણો ફાયદો કરે છે. ડંખ ઉપર લાયકર એમોનિયા ફૉર્ટ લગાડવું. અગર તો ચાનાં પાંદડાં નાખેલા ગરમ પાણીનો ડંખ ઉપર ચાના ગરમ પાંદડાંની લગદી બાંધવી.

રોગીને બરફનું પાણી પીવા આપવું અને તેને સંપૂર્ણ આરામની સ્થિતિમાં રાખવો. સરકામાં મીઠું પલળી ડંખ ઉપર ઘસવું. બીજો ઉપાય ટાર્ટરિક ઍસિડનો છે. ડંખ ઉપર આનો ભૂકો મૂકવો. એના ઉપર પાણીનું ટીપું પાડવું. પછી એના ઉપર પોટાશ પરમેન્ગેનેટનો થોડો ભૂકો મૂકી પાણીનાં બે ટીપાં પાડવાં. બન્ને દવાઓ ખદબદશે ને વરાળ નીકળશે. આ ઇલાજથી ઘણી વાર આરામ થાય છે.

## જીંગા, બગાઈ ને કાનખજૂરાનો ડંખ

આ જંતુઓ ચામડી ઉપર એવાં તો સખત ચોંટી જાય છે કે તેમને ત્યાંથી છૂટાં પાડવાં મુશ્કેલ પડે છે. જંતુ ઉપર કેરોસીન કે ખાવાનું તેલ નાખવું જેથી એમનાં શ્વાસોચ્છ્વાસનાં દ્વાર બંધ થઈ જતાં તુરત તેમની પકડ ઢીલી પડશે. કરડની જગ્યા ઉપર ગરમ પાણીનાં પોતાં મૂકવાં કે વરાળનો શેક કરવો.

## કૂતરું, શિયાળ, બિલાડી, વાગોળ વગેરેનું બચકું

ઘા ઉપર પુષ્કળ પાણી નાખવું જેથી કરડેલા પ્રાણીની લાળ ધોવાઈ જાય. ઘા ઉપર ટિંક્ચર આયોડિન લગાવી કૉમ્પ્રેસ મૂકી પાટો બાંધવો કે એડહેસિવ ટેપ મારવી.

આટલા ઉપચારથી હડકવા નથી થતો એમ ન માનવું. કોઈ પણ પ્રાણીની કરડ બાદ ધનુર્વા ન થાય તે માટે એન્ટીટિટનસ સીરમ (એ. ટી. એસ.)નું અને ત્યાર બાદ હડકવા ન થાય તેના માટે એન્ટીરેબિક ઇન્જેકશન લેવાં. કરડેલા કૂતરાને મારી ન નાખતાં પ્રથમ ખાતરી કરી લેવી કે એ હડકાયું છે કે નહિ

ઝેર ચડવામાં દાક્તર આવતા સુધીમાં શું કરવું જોઈએ તે આપણે ટૂંકામાં જોઈએ. ઝેરના પ્રકાર પ્રમાણે પ્રાથમિક સારવાર થવી જોઇએ.

## ખાધેલું ઝેર

જો રોગી બેભાન હોય તેને તાણો આવતી હોય, તેણે કેરોસીન કે ગેસોલીન પીધું હોય અથવા દાહક ઝેર ખાધાથી (અનુ. પૃ. ૫૦૦)

# પચ્ચીસ વર્ષ પહેલાં




ડિસેમ્બર ૧૯૪૩ અંક ૨૪૦

**અ**મદાવાદમાં આ માસમાં 'ગુજરાત રાજ્ય કલા-પ્રદર્શન' પ્રયોજાયું છે ત્યારે આજથી પચ્ચીસ વર્ષ પહેલાં આર્ટ સોસાએટી ઑફ ઇન્ડિયાના સભ્યોની કૃતિઓના પ્રદર્શનના ઉદ્ઘાટન-પ્રસંગે મંડળના પ્રમુખ તરીકે શ્રી રવિશંકર રાવળે કરેલા પ્રવચનમાંના આ શબ્દો આજે પણ કેટલા લાગુ પડે છે?

'આજકાલ મારી નજરે યુવાન કારીગરવર્ગ પોતાનાં કળાકૌશલ્યની કક્ષામાં અચૂક પ્રગતિ કરી રહ્યો દેખાય છે, એટલું જ નહિ પણ દેશમાં અને પરદેશોમાં કળાના જે જે નવા પ્રકારો જન્મ્યા છે તેમાં પણ તેઓએ જિગરપૂર્વક ઝંપલાવ્યું છે. પણ હું તેમને એટલું કહીશ, કે તેમની કળા જેમને માટે સર્જાય છે-જે પ્રજામાંથી ઉદ્ભવી છે તે જનતામાં જ તેની કદર અને સાક્ષાત્કાર જ્યારે થાય ત્યારે જ તેની સફળતા છે, નહિ કે પરદેશોનાં પ્રમાણોથી, કોઈ ન્યૂસ પેપરની નોંધો, સમકાલીન અભિપ્રાયપ્રદર્શનો, સર્ટિફિકેટો કે ચન્દ્રકો દ્વારા કલાની કૃતિના સાચા ગુણ કે પ્રભાવ પરખી શકાતા નથી. કલાકારે જો તેમાં પ્રેરણાપૂર્ણ પ્રામાણિકતાથી સાચી લાગણી ઉતારી હશે તો એની કૃતિ જરૂર ભવિષ્યમાં આદર પામવાની. આપણે જોઈએ જ છીએ કે કૈંક ચન્દ્રકો મેળવનારાઓ અને પ્રમાણપત્રધારી નિષ્ણાતો કાળની ઘેરી વિસ્મૃતિમાં ગુમ થઈ ગયા છે; અને બીજી બાજુ, પૃથ્વીનાં પડોમાં અને ખંડિયેરોમાં સૈકાઓથી વિલુપ્ત પડેલી કૃતિઓ હાથ ચડતાં આજની પ્રજામાં વાહવાહ બોલાવી રહી છે.

એ બધી કૃતિઓમાં રહેલું ચિરંજીવ અને સ્થાયી તત્ત્વ આપણે સૂક્ષ્મ બુદ્ધિથી પિછાની ખુલ્લા હૃદયથી અપનાવી લેવું જોઈએ, અને આપણી આજની કૃતિઓમાં ઉતારવા પુરુષાર્થ કરવો જોઈએ. ભૂતકાળની એ કલાનિષ્પત્તિઓ આપણને માર્ગદર્શન આપનારી બને તે માટે આપણે તેના પ્રતિ બહુમાનપૂર્વક વિદ્યાર્થીભાવ ધારણ કરવો જોઈએ. જે તત્ત્વો વડે તે પોતાના યુગની પ્રજાને મહાન ભાવના અને ઉલ્લાસ આપનારી બની તે તત્ત્વો આપણે સમજી લઈએ.'

**વ**ડોદરામાં ભરાએલા પંદરમા સાહિત્યસંમેલનને પ્રસંગે, જાણીતા વ્યંગકલાકાર શ્રી 'ચકોરે' આપણા કેટલાક અગ્રણી સાહિત્યકારો તથા કલાકારોનાં ઠઠ્ઠાચિત્રોનો એક નાનો સમૂહ પોતાની અનોખી ઢબે તૈયાર કરેલો. એમાં એમણે તે તે પ્રત્યેક સાહિત્યકારનાં વિશિષ્ટ મુખલક્ષણો બહુ સચોટરીતે ઉતારવા સાથે તેના આલેખનમાં કૈં કૈં ખૂબીભરી રચનાઓ પણ કરી હતી. આ સાથે એ આખો સમૂહ રજૂ કર્યો છે.

પ્રત્યેક સાહિત્યકારના ઠઠ્ઠાચિત્ર નીચે જ તે તે વ્યક્તિની લાક્ષણિકતા દર્શાવતું એકેક સંજ્ઞાચિત્ર-પ્રતીક પણ તેમણે આલેખ્યું છે, જે, તે તે વ્યક્તિઓને ઓળખવામાં મદદ રૂપ થઈ પડશે. આ સાથે અમે ક્રમ વાર તેમની ઓળખ તો આપીએ જ છીએ; પરંતુ તે વાંચતા પહેલાં તમે આપમેળે ઓળખવાનો પ્રયત્ન કરી જોશો તો આનંદ આપશે. ચિત્રો નીચે મૂકેલા ક્રમ વાર તેમની ઓળખ નીચે મુજબ: (૧) આ કૉલમને મથાળે: લેડી વિદ્યાબહેન-એમની નીચેની ખુરશી, તેમનું પ્રસ્તુત સંમેલનનું પ્રમુખપદ દર્શાવે છે; નીચે:



પંદરમા સાહિત્યસંમેલનનાં પ્રમુખ લેડી વિદ્યાબહેનનું 'ચકોરે' કરેલું હાસ્યચિત્ર




(૨) શ્રી બલવન્તરાય ક. ઠાકોર: મૂછો, ચશ્માં અને લચી પડેલાં ગલોફાંવાળા એમના ચેહરાની લાક્ષણિકતા સ્પષ્ટ ઓળખાય છે.–આધુનિક કવિતા યુગમાં પૃથ્વી છંદના પ્રવર્તાવનાર લેખે નીચે પૃથ્વીનું ચિહ્ન; (૩) કાકાસાહેબ કાલેલકર—નિસર્ગવિહારનું સૌન્દર્ય ભોગવનાર અને પાનાર સાહિત્યકાર અને ચિંતક; (૪) શ્રી કનૈયાલાલ મુનશી, જેમના આલેખનમાં (એમના નાકની દાંડીથી શરૂ થઈને ટોપીની પાછળ સુધી) એમના નામાક્ષરો 'મુનશી' વડે જ એમની લક્ષણમુદ્રા ઉઠાવી છે.–નીચે; ગુજરાતની અસ્મિતાનું દ્યોતક એમના માસિક 'ગુજરાત' પર આવતું હતું તે એમણે યોજેલું સંજ્ઞાચિત્ર; (૫) શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક: એમના ઉપનામ 'સ્વૈરવિહાર'ને અનુલક્ષીને સાપોલિયા જેવા વળાંક લેતી એક જ રેખાથી એમની મુદ્રા આલેખી છે;–નીચે 'સ્વૈરવિહારી' 'શેષ'ની સંજ્ઞા; (૬) શ્રી 'ધૂમકેતુ' (ગૌરીશંકર ગો. જોષી), જેમના માથાના અને મૂછના વાળમાં ખુલ્લી પડેલી ચોપડીનું, દાઢી તથા નાકમાં ખડિયા અને કલમનું, તથા એમની લાક્ષણિક ઢબે ચડેલી રહેતી ભમર નીચે વળ ખાધેલા ધૂમકેતુ તારકનું આલેખન કરીને એમની મુદ્રા ઉઠાવી છે;–નીચે 'તણખા'–એમની કીર્તિદા બનેલા એમના વાર્તાસંગ્રહોનું સૂચન; (૭) શ્રી ઝવેરચંદ મેઘાણી, જેમની આંખો, ઝુલ્ફાં અને પાઘડી એમને એક જ વખત જોનારના મનમાં પણ સચોટ છાપ આંકી દે છે;–નીચે મૂકેલો પાળિયો અને ધૂપદાન, તે એમણે સંશોધીને સજીવ કરેલી કાઠિયાવાડની શૌર્યકથાઓ અને લોકસાહિત્યના દ્યોતક છે; (૮) શ્રી રવિશંકર રાવળ–એમના નામાક્ષરો ર. મ. રા. વડે એમના ચહેરાની વિશિષ્ટતા આંકી છે; એમના હમેશના ઊભા કૉલરને ખૂબીથી ચિત્રકારની પૅલૅટનું રૂપ આપીને માંહે પીંછી ખોસી એમની કલાકાર હોવાની સંજ્ઞા મૂકી છે;—ઉપરાંત, નીચેના પ્રતીકમાં પણ, પદ્મધારી હાથે એ ગુજરાતના જીવનમાં એમણે આણેલા કલાના પુનરુજ્જીવનનું સૂચક છે; ઘોડેસવારના ધ્વજવાળો કલમના આકારનો ભાલો એ 'કુમાર' માસિકની એમની પ્રવૃત્તિનો સૂચક છે; (૯) શ્રી કનુ દેસાઈ: કલ્પનાઓભર્યું મોટું મસ્તક ધારી રહેલું નાજુક ગળું અને અણિયાળી ચિબુક, લહેકાદાર વળાંક ને ટેડી ટોપી વડે ઓળખતા એ કલાકારની નીચે એમનાં આલેખનોમાં સદા હાજર જણાતાં સુશોભનો કમળ અને દીપક; (૧૦) શ્રી રસિકલાલ પરીખ (કલાકાર)ને એક જ વાર જોનાર એમના કપાળ પરથી લહેકા સાથે પડતી વાળની લટોની લાક્ષણિકતાથી એમને તરત ઓળખી કાઢશે; એમનાં ચિત્રો નીચે જોવામાં આવતી ત્રિકોણની સંજ્ઞા એમનાં ભવાં અને આંખની રચનાથી દર્શાવી છે;–નીચે પીંછીમાં લટકતું પાણીનું કૂંડું અને તે પર બેસવા આવતું પંખી એ એમનાં ઘણાંખરાં ચિત્રોમાં નજરે પડતાં હોવાથી એમના સૂચક ચિહ્ન તરીકે આલેખ્યાં છે.



પૃથ્વી ઉપર જીવસૃષ્ટિની ઉત્પત્તિ થવા માંડી ત્યારથી લઈને તે જે ક્રમમાં વિકસીને આજથી ત્રીસ લાખ વરસ ઉપર થએલા ઇઓસીન યુગ નામના એના ક્રમવિકાસના નવમા યુગ સુધીનો પરિચય ગયા અંકમાં આપણે કર્યો. એમાંનાં પ્રાણીઓએ ધીમેધીમે વિકસતાં જઈને આજથી લગભગ બાર લાખ વરસ પરના માયોસીન યુગમાં જે નવો પલટો લીધો તેનું સ્વરૂપ, આ ઉપરના ચિત્રમાં બતાવ્યું છે.

આ યુગ બેસતાંબેસતાંમાં તો પૃથ્વીની હવા સારી પેઠે ઠંડી પડી ગઈ હતી અને પૃથ્વી પર રંગબેરંગી ફૂલોના છોડ પણ પ્રગટવા લાગ્યા હતા. આ યુગનું મુખ્ય પ્રાણી તે તલવાર જેવા દંતૂશળવાળા વાઘ. જિરાફ હજી પ્રગટ્યા ન હતા, પણ જિરાફ જેવી લાંબી ડોકવાળાં ઊંટ અસ્તિત્વમાં આવ્યાં હતાં (જુઓ ઉપલે ડાબે ખૂણે). હાથીકુળનાં પ્રાણીઓ હવે આજના હાથીને મળતું સ્વરૂપ લેતાં જતાં હતાં; તેમની સૂંઢ લાંબી થતી જતી હતી અને તેમાંના ટેટ્રાબેલોડોન નામના હાથીને તો તેના લાંબા નીચલા જડબામાં વધારાના દંતૂશળ હતા (ઉપલે ડાબે ખૂણે). આજના સસલા જેવું, પણ કદમાં તેનાથી ઘણું મોટું, એવું ટૉકસોડન્ટ નામનું પ્રાણી પણ પ્રકટ્યું હતું (નીચલે ડાબે ખૂણે). માનવીના આદિ વડવા વાનરો પણ આ યુગમાં પ્રકટવા માંડ્યાં હતાં અને એમાંની પ્લાયોપિથિકસ નામની જાત આજના ગિબન વાંદરાને મળતી જ હતી. આજના બગલાને મળતાં પક્ષી પણ આ યુગમાં નવાં પ્રકટ્યાં.



ઈંગ્લંડના ઍડવર્ડ ત્રીજાનો પ્રપૌત્ર અને પોર્ટુગાલનો કુંવર-પ્રિન્સ હેન્રી આફ્રિકા ખંડના પશ્ચિમ કિનારાના પ્રદેશોની શોધખોળ માટે બહુ ઉત્સુક હતો. એના શોધસફરીઓએ ઈ. ૧૪૬૦માં એના મરણ સુધીમાં વિષુવવૃત્તની પાર પહોંચી ગએલા ને બાર્થોલોમ્યુ ડીઆઝ નામનો એક નાવિક આ રીતે અજાણતાં કેપ ઑવ ગૂડ હોપથીયે વધુ દક્ષિણમાં આગળ પહોંચેલો. ત્યાંના દરિયાઈ તોફાનોને કારણે એણે એને 'કૅપ ઑવ સ્ટૉર્મ્સ' નામ આપ્યું, પણ કિંગ જ્હૉન બીજાએ ત્યાંથી હવે હિંદુસ્તાનનો માર્ગ મળવાની સંભવિતતા કલ્પીને એને 'કૅપ ઑવ ગૂડ હૉપ' નામ આપ્યું.

આ જ માર્ગે પૂર્વનો જળમાર્ગ શોધવા વાસ્કો-ડ-ગામા તૈયાર થયો. બાર્થોલૉમ્યુ પાસે એણે બે વહાણુ બનાવરાવ્યાં. લાંબી સફર માટે પૂરતાં ખોરાકપાણી સંઘરી શકે તેવાં અને ભારે તોફાનોમાં પણ ટકી રહે તેવાં મજબૂત આ વહાણો લગભગ ૧૨૦ ટન વજનનાં અને આજે જેને 'બાર્ક' કહે છે એ પ્રકારનાં હતાં. એમાં આગળના અને મુખ્ય કૂવાથંભ પર ચોરસ તથા પાછળ ત્રિકોણ સઢ સાથે મોરા પર પણ એક નાનો ત્રિકોણ સઢ રહેતો. જેથી પવનનો પૂરેપૂરો લાભ આ વહાણુ લઈ શકતાં. અલબત્ત, એની ઝડપ ઓછી રહેતી-હિંદુસ્તાન પહોંચતાં એને દસ મહિના લાગેલા. એના કાફલાના માણસોની તબિયત એ જમાનામાં આવી લાંબી સફરમાં જળવાય એ કરતાં ઘણી સારી જળવાઈ હતી. આમ, બધી મુશ્કેલીઓ પાર કરી કૅપ ઑવ ગૂડ હૉપની પ્રદક્ષિણા કરી ડ ગામાએ પૂર્વનો જલમાર્ગ ખોળી કાઢયો. અને પૂર્વ-પશ્ચિમના ઇતિહાસમાં એક નવું જ પ્રકરણ ઊઘડયું.



# માધુકરી

ગમતું મળે તો અલ્યા ગૂંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ.
ગાંઠે ગરથ બાંધી ખારી શું જિંદગી?
સરી સરી જાય એને સાચવશે ક્યાં લગી?
આવે તે આપ કરી પળમાં પસંદગી
મુઠ્ઠીમાં રાખતાં તો માટીની પાંદડી
ને વેર્યે ફોરમનો ફાલ.—મકરંદ દવે

## નારેશ્વરના સંત, સ્વર્ગસ્થ શ્રી રંગ અવધૂત

ગઈ તા. ૧૯મી નવેમ્બર ને મંગળવારે રાત્રે નવ વાગ્યે નારેશ્વરના સંત તરીકે જાણીતા શ્રી રંગ અવધૂતનું ૭૧ વર્ષની વયે હરદ્વારમાં અવસાન થતાં ભાવિકજનોએ એક વિદ્વાન યોગી અને પૂર્ણતઃ નિઃસ્વાર્થ લોકહિતચિંતક ગુમાવ્યાનો ઊંડો આઘાત સહેવો પડયો છે.

રત્નાગિરિના સંગમેશ્વર તાલુકાના દેવળ ગામના દશગ્રંથી વિદ્વાન અને દેવપ્રેમી જયરામ ભટ્ટ–બાળ ભટ્ટના ચારમાંના સૌથી નાના પુત્ર વિઠ્ઠલ પણ દશગ્રંથી વિદ્વાન અને ધર્મપરાયણ હતા. ગોધરાના વિઠ્ઠલમંદિરમાં તેઓ દેવસેવા કરતા. એમનાં પત્ની લક્ષ્મી-સાસરવાસમાં રુક્મિણી પણ એવાં જ સુશીલ હોઈ બંને તપસ્વી જીવન ગાળતાં. એક વાર-ગોપાષ્ટમીને દિવસે ગામમાં આગ લાગી. સૌની સાથે રુક્મિણીએ પણ ઘડેઘડે પાણી સાર્યું. આગ બુઝાવ્યા પછી તૃપ્તિ અનુભવી એમણે એક પુત્રને જન્મ આપ્યો, નામ રાખ્યું પાંડુરંગ.

બાળ પાંડુરંગે એક વાર મૃતદેહ જોયો. પિતાએ મૃત્યુની સમજ આપી કે સૌને માટે એ અનિવાર્ય હોઈ જીવનને સાર્થ કરવા રામનામનું સેવન સૂચવ્યું. બસ, ત્યારથી પાંડુરંગે એનું સતત રટણ આદરી દીધું.

ભણવામાં તેજસ્વી પાંડુરંગે ગોધરા અને વડોદરામાં શિક્ષણ લીધેલું. મૅટ્રિકની પરીક્ષામાં ગીતાનો શ્લોક સમજાવવા ઉત્તરમાં પોતે નવો શ્લોક જ રચીને મૂકેલો. આ પછી ગુજરાત વિદ્યાપીઠના એ સ્નાતક થયા. અભ્યાસકાળ પૂરો થયો ત્યારે દેશની મુક્તિની હાકલ થઈ અને પાંડુરંગે એમાં પ્રચારક, વક્તા, પત્રકાર, લોકશિક્ષક, લેખક ને સમાલોચક તરીકે કામ કર્યું. પણ બાળપણથી જ રોપાએલા ધાર્મિક સંસ્કારો યુવાવસ્થામાં વૃદ્ધિ પામ્યા. નાનો ભાઈ નારાયણ માતાની સારસંભાળ લઈ શકે એવડી ઉમરે પહોંચતાં એમણે માતાની આજ્ઞા લઈ હિમાલયમાં જઈ સાધના કરવા વિચાર્યું, પરંતુ અનેક સંતમહંતોની સલાહથી આખરે દત્તપુરાણની ૧૦૮ પારાયણ કરવાના સંકલ્પ સાથે નર્મદાને કાંઠે એક અગોચર ખંડિયેર સમા નારેશ્વરના મંદિરમાં ધૂણી ધખાવી. દત્ત પારાયણ પૂરાં કરી ૧૦૮ દિવસમાં નર્મદા પરિક્મ્મા કરવાનો એમણે સંકલ્પ કર્યો. ૐકારેશ્વરથી આરંભી, રોજ દિવસમાં માત્ર બે વાર ફક્ત ગોળનું પાણી જ પીને એમણે ૨૦૦૦ માઈલની એ કઠિન યાત્રા પૂરી કરીને પછી ફરી નારેશ્વરમાં આવી બેસી ગયા. એમનું સાધુત્વ માગી ખાવા માટે નહોતું જ, તેઓ તો સમાજને કંઈ પ્રદાન કરવા માગતા હતા. અને તેમાં યે સાધુ તરીકે પોતે કંઈ પણ વળગણ ન રાખવા તેઓ નારેશ્વર આશ્રમના ટ્રસ્ટી પણ નહોતા થયા. આશ્રમના નિભાવ માટે કોઈ ફંડફાળા પણ ઉઘરાવતા નહિ. કોઈ ભક્ત અજાણતાં યે



# પ. પૂ. શ્રી રંગ અવધૂત મહારાજને વંદના

**સ્વ.** શ્રી રંગ અવધૂત મહારાજનો પ્રભાવ અને વિરાટ જનમેદનીમાં તેમના જયઘોષ હું દૂરથી સાંભળતો, પણ કોઈ આધ્યાત્મિક યોગ્યતાની અપૂર્તિના કારણે તેમની સમક્ષ જવાની તક મેળવી શક્યો નહોતો. એવામાં ભરૂચ તરફના કલાકાર ભાઈ પ્રમોદ પટેલ પોતે કરેલાં શ્રી દત્તલીલામૃતનાં પાંસઠ જેટલાં રંગીન ચિત્રો મને બતાવવા આવ્યા. સુખી કુટુંબના આ નબીરાએ અતિ પરિશ્રમે ચીવટથી આવી ચિત્રમાળા સરજી તે જોઈ હું સનંદાશ્ચર્ય પામ્યો. કુશળ ધંધાર્થી ચિત્રકારોની પણ ગતિ ન થાય એવા પ્રસંગોને આલેખી તેમણે શ્રી દત્ત અવધૂતનાં ચિત્રો કરવાની એકાગ્રતા અને પ્રેરણા ક્યાંથી મેળવી એ જાણવા મેં પૂછ્યું ત્યારે તેમણે શ્રી રંગ અવધૂતના આશીર્વાદને લીધે આ સફળતા મળી એમ જણાવ્યું અને તે પરથી તેઓશ્રીના સમાગમ તથા દર્શન માટે મારું કુતૂહલ વધ્યું. મેં તે ચિત્રો કોઈ પણ રીતે જનસમાજ આગળ મૂકવાની કલાકારને ભલામણ કરી.

તેણે મારી સાથેની મુલાકાત પૂજ્યશ્રીને જણાવી હશે એટલે નડિયાદના સંત મંદિરમાં તેમની નિશ્રામાં જ્યારે શ્રી દત્તચરિત સપ્તાહનું આયોજન થયું ત્યારે ભાઈ પ્રમોદ પટેલનાં પેલાં પાંસઠ ચિત્રોનું પ્રદર્શન પણ ગોઠવાયું અને તેનું ઉદ્‌ઘાટન કરવાની તેઓશ્રીની આજ્ઞા લઈ મારી પાસે પ્રમોદ આવ્યા ત્યારે હું તેમની આવી કૃપાદૃષ્ટિ માટે કૃતજ્ઞ થઈ રહ્યો. નડિયાદમાં એ ઉદ્‌ઘાટનવિધિનો પ્રસંગ પૂરો થઈ ગયા બાદ તેમણે થોડી પળો પોતાના સાન્નિધ્યમાં મારું આતિથ્ય કર્યું ત્યારે તેમના નિર્મળ ભાવપ્રસાદનો આહ્લાદ મેં અનુભવ્યો અને તેની પ્રતિ હમેશ માટે અનુરાગી બની રહ્યો. એ જ વખતે તેમણે 'કોઈ વખત આશ્રમમાં આવો' એવું સહજભાવે નિમંત્રણ આપ્યું.

એમનું આકર્ષણ સદા રહ્યું અને એક વાર સપરિવાર હું ભરૂચ રોકાયો હતો ત્યારે ભાઈ પ્રમોદે જ તેમના મિત્ર અને સરકારી વિદ્યુત-અધિકારી શ્રી વસંતરાયની જીપમાં આશ્રમની મુલાકાતે જવાનું ગોઠવ્યું.

નર્મદાતીરે નારેશ્વર આશ્રમમાં અમે પહોંચ્યા ત્યારે પ્રતીતિ થઈ કે સંતજનોનાં પગલાંથી ભૂમિ કેટલી નિર્ભય અને દીપ્તિસભર બની રહે છે. થોડા સમય પહેલાં ત્યાં શસ્ત્રોપચારનો મહિના માસ જેટલા સમય માટે એક શિબિર યોજાયો હતો અને વીસ જેટલા મોટા ધંધાર્થી સર્જન ડૉક્ટરોએ પૂજ્યશ્રીના આદેશ માત્રથી નિઃસ્વાર્થે સેંકડો ગરીબ દર્દીઓ પર વાઢકાપની ક્રિયા કરી આરામ અને આરોગ્યનું સદાવ્રત પાર પાડ્યું હતું. જંગલ જેવા દૂરના સ્થળે ડૉક્ટરો-નર્સો અને શ્રીમંત ઘરના નબીરાઓએ સેવકો બની જે પરોપકારયજ્ઞ કર્યો તે જોવા બીજાં રાજ્યોના પ્રતિનિધિઓ પણ આવ્યા હતા અને આવું કાર્ય રાજ્ય-કક્ષાએ પણ થવું દુર્ઘટ છે એમ સ્વીકાર્યું હતું. તેઓની ચિકિત્સા અને શસ્ત્રપ્રયોગ વખતે પૂજ્યશ્રીનો આદેશ હતો કે 'પ્રત્યેક દરદી મારું શરીર છે એમ કલ્પીને સાવધાની અને નિષ્ઠાથી ઉપચાર કરજો.'

મોટાં વિશાળ પાકાં મકાનો વચ્ચે યે પૂજ્યશ્રીનો નિવાસ તો એક પર્ણકુટીમાં જ હતો. તેઓશ્રી ત્યાં ચાર વાગ્યા પછી વિરાજતા એટલે તે પહેલાં તેમનાં પૂજ્ય માતુશ્રીનો મકાનમાં વાસ હતો ત્યાં જઈ તેમનાં દર્શન કરી હું કૃતાર્થ થયો. અને મારા મનમાં શ્રીમદ્ શંકરાચાર્ય મહારાજનું સ્મરણ ઝબક્યું. 'માતૃદેવોભવ'ની સાર્થ ચરિતાર્થતા મેં પ્રત્યક્ષ કરી. મોક્ષ માર્ગની સિદ્ધિ માટે જરૂરી હશે, પણ તેને માટે દેહ સર્જનાર માતાનું સ્થાન ઉપર જ રહેવું જોઈએ.

પૂ. અવધૂત મહારાજની માતૃભક્તિ આ કળીયુગી પ્રજા માટે તેમને આપણા શ્રેષ્ઠતમ પુરુષ કરાવવા પૂરતી ગણાય. એમણે માતુશ્રીના દેહાવસાન સુધી માતૃચરણોની સેવા અને વંદના હૃદયપૂર્વક આચરી બતાવી પુત્ર-ઋણ સર્વાંશે અદા કર્યું અને તેમ છતાં તેમનાં ત્યાગ સાધના વૈરાગ્ય અને ભક્તિને જરાય બાધ ન આવ્યો. જીવનની કોઈ પ્રકારની વૈભવી વિલાસિતા કે પૂજા-અર્ચનનો આડંબર તેમની પાસે લેશમાત્ર નહોતો. એમની નાની કુટીરમાં કોપીનધારી શરીર પર લોક-મર્યાદા પૂરતું માત્ર એક ધાબળાનું આચ્છાદન રહેતું. દર્શનાર્થી કોઈ તેમના ચરણનો સ્પર્શ ન કરે તે માટે પણ તેઓ અતિ સાવધાની રાખતા. અને દ્રવ્ય ભેટની તો મનાઈ જ હતી.

પોતાની સમીપ બેસાડી તેમણે મને અતીવપ્રેમથી સત્કાર્યો અને પેંડાની પ્રસાદી તથા સુકોમળ ઊની શાલ આપી ત્યારે મને ભાન આવ્યું કે એમણે મને ચિરપરિચિત આત્મીય ગણી લીધો હતો. અદૃશ્ય રીતે મારા મનોભાવોમાં શાંતિ અને શ્રદ્ધાનું વાતાવરણ છવાઈ રહ્યું. આવા પુરુષો વાણી કરતાં સંકલ્પ શક્તિથી જ અનેકનાં જીવનમાં ભક્તિ અને સેવાની પ્રેરણા મૂકી શકે છે. ગુજરાતનાં હજારો સંસારતપ્ત મનુષ્યોને એમના સમાગમથી અનેરું સાંત્વન અને શ્રદ્ધા પ્રાપ્ત થયાનું મેં પ્રત્યક્ષ નિહાળ્યું છે. મારું જીવન પણ એ રીતે અહોભાવ અનુભવે છે.

**રવિશંકર મ. રાવળ**

---

એમનાં ચરણ કે પાદુકા પર ધન અર્પણ કરે તો યે તેઓ ઉપવાસ કરી એનું પ્રાયશ્ચિત્ત કરતા.

સંસ્કૃત, મરાઠી, અંગ્રેજી ને હિન્દીના એ પ્રખર વિદ્વાન આર્ય-સંસ્કૃતિના પુરસ્કર્તા હતા. સંસ્કૃત, ગુજરાતી અને મરાઠીમાં એમણે ૨૯ જેટલાં પુસ્તકો લખ્યાં છે. એમની 'દત્તબાવની' તો ઘણાં ઘરોમાં નિયમિત ગવાય છે. 'ઉપનિષદ્‌ની વાતો', 'ટૉલ્સ્ટૉય અને શિક્ષણ', 'ગીર્વાણ ભાષા પ્રવેશ' (ભા. ૧-૨) વગેરે એમની પૂર્વાશ્રમની જાણીતી કૃતિઓ છે. સ્વ. આનંદશંકર ધ્રુવના 'વસંત'માં તથા 'બુદ્ધિપ્રકાશ'માં પણ તેઓ ક્યારેક લેખો આપતા. નારેશ્વર આવ્યા પછીની કૃતિઓમાં ૧૯૦૦૦ દોહરાઓવાળો 'શ્રી ગુરુલીલામૃત' ગ્રંથ ભારતીય સંસ્કૃતિનાં જ્ઞાન, કર્મ અને ઉપાસના અંગેનાં સ-ઉદાહરણ મંતવ્યોથી સભર છે. સ્વ. મેઘાણીએ એમને માટે લખેલું, 'નારેશ્વરના સંતે કોઈ નવું મંદિર બંધાવ્યું નથી, પણ બે નવાં પ્રસ્થાનો કર્યાં છે: એક ગુરુ દત્તાત્રેય તરફ આકર્ષિત તેમનું હૃદય ગુજરાતી ભાષામાં સુંદર કવિતા બનાવી રહ્યું છે અને બીજું એમણે (દત્તજયંતીનો) મેળો શરૂ કર્યો છે. એ વખતે હજારો ભક્તો ત્યાં એકઠા થાય છે.' પણ એ એકઠી થતી લોકભીડથી દૂર રહેવા કેટલીકવાર તેઓ આશ્રમની એક રબ્બરની હોડી લઈ કોઈ સ્થળે ચાલ્યા જતા ને બેચાર દિવસે પાછા ફરતા. એમની બધી પ્રવૃત્તિઓમાં ધાર્મિક અભિરુચિ ને સંસાર પ્રત્યેની વિરક્તિ સ્પષ્ટ જણાતી. આજીવન બ્રહ્મચર્ય પાળી જીવનના આરંભથી જ આદરેલી અંતિમ યથાર્થની પોતાની ખોજ-પ્રવૃત્તિમાં માતૃસેવાને એમણે અગ્રતમ સ્થાન આપ્યું હતું. હમણાં એકાદ વર્ષ પર જ એમનાં માતુશ્રીનું અવસાન થયું.

પોતાના જન્મદિવસ નિમિત્તે કે ગુરુપૂર્ણિમાએ એકઠી થતી મેદનીને ક્યારેક ઉદ્‌બોધવા સિવાય તેઓ જવલ્લે જ પ્રવચન કરતા. 'પરસ્પર દેવો ભવ', એટલે કે માનવ માનવ વચ્ચેના વ્યવહારમાં પ્રેમ અને આદર કેળવાય અને સૌ એકબીજાને દૈવીભાવે જોતા થાય તો આ સૃષ્ટિમાં સ્વર્ગ ઊતરે, એ એમના ઉપદેશનો મુખ્ય સૂર રહેતો. માર્ગ ભૂલેલાં અનેક સ્ત્રીપુરુષોને એમણે સાચા રસ્તે ચડાવ્યાં હતાં. આશ્રમમાં તેઓ સૌના ખરા અર્થમાં 'બાપજી' હતા. એમની સ્મરણશક્તિ પણ એકાદ જ વાર પરિચયમાં આવનારને યે કદી ન ભૂલે એવી તીવ્ર હતી.

નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન, યોગમાં છેલ્લી અવસ્થા સુધીની ગતિ, શુદ્ધ ખાદીનો અને અત્યંત સાદો પહેરવેશ અને ખાવામાં તેલ, ખાંડ, ગોળ, મરચું વગેરે વિનાનો મિતાહાર એમણે સ્વીકારેલો. બધી જ પ્રવૃત્તિમાં તેઓ દ્રવ્યશુદ્ધિનો અત્યંત આગ્રહ રાખતા. તદ્દન આધુનિક વિચારપરંપરાઓથી પોતાની જાતને માહિતીગાર રાખી જૂના ને નવાનો સમન્વય સાધવાનું મોટું કાર્ય એમણે દત્તઉપાસના દ્વારા કર્યું છે.

તેઓ આફ્રિકા પણ જઈ આવેલા. છેલ્લે હમણાં હરિદ્વાર ગયા અને ત્યાં જ તેઓ બ્રહ્મલીન થયા. માનવજાતના કલ્યાણઅર્થે જીવનની પળેપળનો ઉપયોગ કરનાર એમના જેવા નિઃસ્પૃહી, નિરાડંબરી ને વિદ્વાન તપસ્વીના જતાં એક ભારે ખોટ પડી છે. એમના પ્રેમાળ અને મસ્તરંગી વ્યક્તિત્વને સૌ લાંબા સમય સુધી આદરપૂર્વક યાદ કરશે.

## પશ્ચિમના વહેમો

વહેમો આપણે ત્યાં જ છે એવું નથી, દરેક પ્રજામાં ચિત્રવિચિત્ર માન્યતાઓ પ્રચલિત છે જ. મીઠું વેરાઈ જાય કે સીડી નીચેથી પસાર થવું પડે એને પશ્ચિમમાં અપશુકન ગણતા. સૂર્યપૂજાની પ્રાચીન માન્યતામાંથી 'સૂરજના છડીદાર' કૂકડાની બાંગ શુકનવંતી ગણાવા માંડી. મનાય છે કે ક્રાઈસ્ટના જન્મની જાહેરાત સૌપ્રથમ કૂકડાએ જ કરેલી. ક્યારેક ગાંડપણ પેદા કરનાર ગણાતા ચંદ્રની બીજની કળાને ઘણા ટોપી ઉતારી માન આપતા. લૅંકેશાયરમાં એક એવો વિધિ હતો કે બળતી મીણબત્તી લઈ અમુક દિવસે મધરાત પહેલાં અમુક ટેકરીઓમાંથી પસાર થતાં જો એ સળગતી જ રહે તો એ લઈ જનાર માણસ પર એક વર્ષ સુધી કોઈ કામણટ્રમણ ચાલી શકે નહિ. મીણનું કે માટીનું પૂતળું કરી એમાં સોયા ભોંકીને કે એને ડામ દઈને, જેનું એ પૂતળું કલ્પ્યું હોય એ શત્રુને શારીરિક પીડા પહોંચાડવાનો કે મારી નાખવાનો વહેમ તો ઈ. સ. પૂર્વે ૧૧૦૦માં યે મીસરમાં પ્રચલિત હતો. માર્ગે જતાં ઘોડાની નાળ મળે એને તો આજે યે-જ્યારે હવે ઘોડાનો ઉપયોગ નહિવત્ બની ગયો છે ત્યારે તો ખાસ, ઘણાં શુકન ગણે છે. એવું મનાય છે કે શેતાની આત્માઓ વર્તુળાકારે જ ફરે છે અને નાળનો આકાર ખંડિત વર્તુળ જેવો હોઈ પેલા અનિચ્છનીય તત્ત્વો પૂરું વર્તુળ ફરી શકે નહિ. લોકો આવી નાળના છેડા ઉપર રહે તે રીતે ઘરની એને બારસાખ પર જડી ભૂત-પ્રેતોને દૂર રાખે છે. પશ્ચિમમાં ઘણા રસ્તે જતાં કાળી બિલાડી આડી ઊતરે ને તેમાં યે ડાબેથી જમણી જાય તો તેને શુકન ગણે છે. પ્રાચીન ગ્રીસવાસીઓ એવું પણ માનતા કે સર્વાંગ સંપૂર્ણતા કેવળ ઈશ્વરની જ હોઈ શકે અને એટલે કલાકૃતિઓ ને ઈમારતો જેવા માણસનાં સર્જનોમાં તેઓ હમેશાં ક્યાંક કંઈક અધૂરું છોડી જ દેતા.


## મૂળા અને કાળા તલ


રોગવિજ્ઞાનમાં શિયાળાને શક્તિસંગ્રહનો સમય ગણવામાં આવે છે. પરંતુ એકલો પોષક ખોરાક લેવાથી શક્તિ મળી જતી નથી. ખાધેલો ખોરાક બરાબર પચે અને એનું રક્તાદિ ધાતુઓમાં પરિવર્તન થાય તો જ શક્તિ મળે છે. આમ પોષણ અને પાચનનો સુમેળ અનિવાર્ય બને છે. તલ અને મૂળા આવા પાચક અને પોષક ગુણ તત્ત્વોના સંયોજન સમાં છે. તલનાં સ્નેહ તત્ત્વો અને મૂળાનાં પાચક તત્ત્વો આ રીતે શિયાળામાં બળ પૂરે છે.

હરસનો વ્યાધિ હોય, વારંવાર લોહી પડતું હોય, મળદ્વારમાં સતત દુખાવો થતો હોય, મળ સૂકો ગાંઠાવાળો આવતો હોય અને એ માટે બળ કરવું પડતું હોય એવી સ્થિતિમાં મૂળા અને કાળા તલ ખાવામાં આવે તો રોગ મુક્ત થવાય છે. વારંવાર પેશાબ કરવા જવાનો, સતત પેશાબની ખણસ રહ્યા કરવાનો, પેશાબ સાથે સફેદ પોષક ક્ષારો પસાર થયા કરવાનો કે કેટલીક વખત પેશાબ પછી દાહ-બળતરા થવાનો વ્યાધિ ઘણાંને થાય છે. આમાં મૂળા અને તલનો ઉપયોગ મૂત્રાશયનાં ઝેરો દૂર કરી સ્થાનિક અવયવોમાં બળ પૂરે છે.

ઊંઘમાં પથારી પલાળતાં દરદીઓને કેળાં સાથે કાળા તલ અને ભોજનની સાથે મૂળાની કચુંબર વડે રાહત મળે છે. આર્તવજન્ય દરદોમાં કાળા તલ અને મૂળાનું સેવન માસિકને નિયમિત, પ્રમાણસર અને શુદ્ધ બનાવે છે. મૂળામાં રહેલા ખનીજ ક્ષારો અને રક્તપિત્તજ દોષશામક શક્તિથી આર્તવનો અતિયોગ અટકે છે અને એમાં હીન યોગમાં તલની આર્તવઉત્પાદક શક્તિ લાભકારી બને છે.

કાયમ અજીર્ણ, પેટમાં વાયુનો ભરાવો, કબજિયાત અથવા ઝાડા થઈ જતા હોય તો તેમાં મૂળા-તલનો ઉપયોગ ગુણકારી બને છે. પ્રૉસ્ટેટ ગ્લૅન્ડસનો સોજો એ આજનો વૃદ્ધાવસ્થાનો પ્રચલિત રોગ છે. આ રોગમાં વારંવાર પેશાબ કરવા જવું પડે છે. શ્રમપૂર્વક થોડો-થોડો પેશાબ ઊતરે છે. પેશાબની સતત ખણસ રહે છે. કેટલીક વખત પેશાબ કરતાં ખૂબ જ શ્રમ લાગે છે. અને પરિણામે સર્વાંગ શરીર ઉપર પસીનો આવી જાય છે, તો ક્યારેક આ શ્રમનાં અતિરેકથી તમ્મરચક્કર જેવું પણ થઈ જાય છે. આ સોજાથી કબજિયાત વધે છે. મળ સૂકો ગાંઠાવાળો શ્રમપૂર્વક ઊતરે છે. અને સાથે જ ગુદાદ્વારમાંથી અવારનવાર શૂળ પણ આવે છે. મળ સુકાતો હોવાથી દરદીને વિશેષ વાયુનો ઉપદ્રવ થાય છે. આ વાયુ જો અધોગામી થાય તો તો નિરાંત રહે છે પણ જો ઉર્ધ્વગામી બને તો હૃદય, આંતરડાં અને મગજ ઉપર દબાણ વધી શૂળ, વેદના, મૂંઝારો અને ન સમજાય તેવી અકળામણ બેચેની થાય છે. આવા વ્યાધિમાં મૂળા અને કાળા તલનો સમજણપૂર્વક ઉપયોગ કરતાં આ બધી જ ફરિયાદો ઘણે અંશે દૂર થઈ જાય છે અને વૃદ્ધાવસ્થા રોગરહિત બને છે.





←માત્ર અરધો સેન્ટીમીટરની, એટલે કે પા ઇંચ કરતાં યે ઓછી લંબાઈની આ ટચૂકડી કૅપ્સ્યુલમાં એક સૂક્ષ્મ રેડિયો ટ્રાન્સમીટર છે. એને ગળી જતાં હોજરીમાં સ્રવતા અમ્લ રસોમાંથી શક્તિ મેળવી એ ત્યાંની આંતરિક સ્થિતિ દર્શાવતા રેડિયો-સંકેતો મોકલે છે.

←સત્તરમી સદીના અંતમાં સૂક્ષ્મદર્શક યંત્રની શોધ થયા પછી વિજ્ઞાનીઓ લોહીની ગૂઢ રચનાનો જે ખયાલ પામી શકયા તેના આધારે તો હેમેટોલૉજી નામે એક આખી વિજ્ઞાન-શાખા વિકસી. આજે આપણે જાણીએ છીએ કે માત્ર એક ઘન મિલિમીટર જેટલા લોહીના એક જ ટીપામાં સામાન્યતઃ ૫૦ લાખ લાલકણો, ૮૦ લાખ શ્વેતકણો તથા ૨ લાખ જેટલા પ્લેટલેટ્સ હોય છે. જેના મિશ્રણથી લોહી બને છે એ પદાર્થોની વધઘટના અભ્યાસ પરથી શરીરમાં શું ચાલી રહ્યું છે એનો અંદાજ મળી શકે છે. પુખ્ત વયના સ્વસ્થ માણસના એક લીટર લોહીમાં (૧) ૦.૮ થી ૧.૨ ગ્રામ શર્કરા, (૨) ૧.૮-૨.૫ ગ્રામ કોલેસ્ટેરોલ, (૩) ૦.૨-૦.૪ ગ્રામ યુરિયા, (૪) ૩.૦-૬.૦ ગ્રામ ફાઇબ્રિનોજીન, (૫) દસેક મિ.ગ્રા.થી ઓછું બિલિરૂબિન, (૬) ૬૦-૮૦ ગ્રા. પ્રોટિન્સ, (૭) ૦.૧૭૫-૦.૨૦૫ ગ્રામ પૉટાસિયમ, (૮) ૦.૦૯૫-૦.૧૦૫ ગ્રા. કૅલ્શિયમ, (૯) ૪.૦-૭.૦ ગ્રા. ચરબી અને (૧૦) ૩.૧-૩.૪૫ ગ્રા. સોડિયમ હોય છે.

૯ ૧૦

ખોરાક માટે રુચિ થતી ન હોય. પેટમાં કાયમી ભરાવો રહેતો હોય કે ભોજન પછી પેટ ભારે લાગતું હોય, ઉગ્ર પ્રકારની દુર્ગંધ સાથે વારંવાર અપાન વાયુ છૂટતો હોય એવા નાનાં મોટાં આંતરડાનાં દરદોમાં મૂળાનો રસ કાઢી એમાં થોડો લીંબુનો રસ નીચોવી સંચળ મેળવીને પીવાથી આ બધી જ ફરિયાદોમાં સારી રાહત મળે છે.

આંતરડાનાં દરદોમાં દાંતની તંદુરસ્તી મહત્ત્વનો ભાગ ભજવે છે. નિયમિત એકથી અઢી તોલા જેટલા કાળા તલ ચાવીને ખાવાથી દાંતના અનેક રોગમાંથી બચી જવાય છે. આમ શિયાળામાં મૂળા તલનો પ્રયોગ અનેક રીતે લાભદાયી છે. (ચિકિત્સક)

### ઊંઘ—એક ઉપચાર

હૃદય તરફ લોહી લઈ જતી રક્તવાહિનીઓમાં લોહીના ગઠ્ઠા બાઝી જઈ પેદા થતી 'કૉરોનરી થ્રૉમ્બોસિસ' નામની સ્થિતિ હૃદય રોગના હુમલાનું એક મુખ્ય કારણ છે. આવા હુમલામાં મોટે ભાગે હૃદયના ધબકારાની અનિયમિતતા પણ જોવા મળે છે, પણ એનું કારણ માનસિક બોજ અને ગભરામણ હોવાનું જણાયું છે. આના લીધે પ્રથમ ભયંકર પીડા અને પછી ધબકારા અનિયમિત થતા લાગે છે. આમાં ઘણી વાર ઘેનની દવા આપીને મગજ પરનો બોજ ભુલાવી દેવાય છે. શ્રમિત મગજને શાંત પાડવા માટે ઊંઘ ઉત્તમોત્તમ ઉપાય હોવાનું તો ઘણા સમયથી જાણીતું છે. હમણાં આ જ ઉપાય લંડનની ચેરિંગ ક્રૉસ હૉસ્પિટલમાં વધી ગએલા હૃદયના ધબકારાના દરદીઓ પર અજમાવવામાં આવ્યો હતો. ૨૪ કલાક દરમિયાન હૃદય રોગના હુમલાવાળા ૫૯ દર્દીઓને આરામદાયક પથારીમાં સુવડાવી એમનું રક્તાભીસરણ નિયમિત થવા સુધી ઑક્સિજન અપાયો અને એ દરેકને નસ દ્વારા દવા આપી ઊંઘાડી દેવામાં આવ્યા. દિવસમાં માત્ર ત્રણ વાર પ્રવાહી ખોરાક લેવા અને પગની નસોમાં લોહી જામવા ન માંડે એ સારુ હળવી કસરત આપવા એમને જગાડવામાં આવતા. આ રીતે જરૂરિયાત પ્રમાણે એકથી સાત દિવસ દર્દીને રાખવામાં આવેલા. સરાસરી દરેક દર્દીને અઢી દિવસની ઊંઘ અપાઈ હતી. સામાન્યતઃ ૧૪ ટકા કૉરોનરીના દર્દી અવસાન પામે છે ત્યારે આ ઉપચાર દરમિયાન ૫૯માંથી એકે દર્દી હૃદયના ધબકારાની અનિયમિતતાથી હેરાન થયો નહોતો.

## યુદ્ધકાલીન માનવખુવારી

કેટલાક ઐતિહાસિક વિગ્રહો દરમિયાનનાં રોજનાં સરાસરી મરણ

| | | | |
|---|---|---|---|
| નૅપોલિયનની લડાઇઓમાં (ઈ. ૧૭૯૦-૧૮૧૫) | ૨૩૩ | ફ્રાંસ-પ્રશિયાની લડાઈમાં (૧૮૭૦-'૭૧) | ૮૭૬ |
| ક્રિમિયાના યુદ્ધમાં (૧૮૫૪-'૫૬) | ૧૦૭૫ | બોઅર યુદ્ધમાં (૧૮૯૯-૧૯૦૨) | ૧૦ |
| પ્રશિયા-ડેનમાર્કની લડાઈમાં (૧૮૬૪) | ૨૨ | રશિયા-જાપાનની લડાઈમાં (૧૯૦૪-'૦૫) | ૨૯૨ |
| પ્રશિયા-ઑસ્ટ્રિયાની લડાઇમાં (૧૮૬૬) | ૧૧૨૫ | બાલ્કન યુદ્ધમાં (૧૯૧૨-'૧૩) | ૧૯૪૧ |
| અમેરિકન આંતરવિગ્રહમાં (૧૮૬૧-'૬૫) | ૫૧૮ | પહેલા વિશ્વયુદ્ધમાં | ૫૫૦૯ |

અને પહેલા વિશ્વયુદ્ધની દેશવાર માનવખુવારી

| | | | | | |
|---|---|---|---|---|---|
| જર્મન | ૨૦,૦૦,૦૦૦ | રશિયા | ૧૭,૦૦,૦૦૦ | ફ્રાંસ | ૧૩,૫૮,૦૦૦ |
| ઑસ્ટ્રિયા-હંગેરી | ૧૧,૦૦,૦૦૦ | ગ્રેઈટ બ્રિટન | ૭,૬૧,૨૧૩ | ઈટાલી | ૪,૬૦,૦૦૦ |
| તુર્કસ્તાન | ૩,૭૫,૦૦૦ | બ્રિટિશરાજ | ૨,૫૧,૯૦૦ | અમેરિકા | ૧,૧૪,૦૯૫ |

કુલ ૮૧,૨૦,૨૦૮ આ તો માત્ર લશ્કરના દફતરે નોંધાએલા આંકડા છે. યુદ્ધના સીધા કે આડકતરા કારણે માર્યા ગએલા નાગરિકો તો જુદા. અને યુદ્ધ પછી તુરત ફેલાએલા ઈન્ફ્લુએન્ઝામાં તો યુદ્ધમાં માર્યા ગએલા લોકો કરતાં યે વધુ માણસો મર્યા હતા.

# આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

## વ્યક્તિવિશેષ : ડૉ. સુમન્ત મહેતા



ઈ. ૧૮૫૭ના બળવા બાદના, સ્વાતંત્ર્યની લડતના અને આઝાદી પછીના, એમ ભારતના ઇતિહાસના ત્રણ મહત્ત્વના તબક્કાના સક્રિય સાક્ષી, પ્રગતિશીલ વિચારક અને જાણીતા સમાજસુધારક ડૉ. સુમન્ત મહેતાના આ માસની ૧૦ તારીખે થએલા અવસાનથી ગુજરાતને એક ન પુરાય તેવી ખોટ પડી.

સૂરતના એક ભદ્ર નાગર કુટુંબના ડૉ. બટુકરામ મહેતાના એ પુત્ર. ઈ. ૧૮૭૭ની ૧ જાન્યુઆરીએ સૂરતમાં એમનો જન્મ. પિતા વડોદરામાં સરકારી ડૉક્ટર હતા, માતા ગુજરાતની પ્રથમ નવલકથા 'કરણઘેલો'ના લેખક નંદશંકર તુ. મહેતાનાં પુત્રી હતાં. મુંબાઈની ગ્રાંટ મેડિકલ કૉલેજમાં દાક્તરીનો અભ્યાસ કર્યો. એવામાં પ્લૅગ ફાટી નીકળતાં એમણે ઇંગ્લંડ જઈ વધુ અભ્યાસ કરવા વિચાર્યું. જતાં પહેલાં બાળવયમાં જ થઈ ગએલા વેવિશાળને, કન્યા અલ્પશિક્ષિત હોવાથી ફોક કરાવીને, મૅટ્રિક થએલાં શારદાબેન સાથે લગ્ન કર્યું. ઇંગ્લંડમાં એમણે તબીબીનો અભ્યાસ કર્યો એ દરમિયાન પોતાનાં મોટાં બહેન વિદ્યાગૌરી સાથે શારદાબેન પણ ગ્રૅજ્યુએટ થઈ ગયાં. ગુજરાતની એ બે પ્રથમ ગ્રૅજ્યુએટ બહેનો હતી તે જ રીતે ડૉ. સુમન્ત ઇંગ્લંડ જઈ દાક્તરી વિદ્યા મેળવી આવનાર પ્રથમ ગુજરાતી હતા.


પાછા ફરી ડૉ. સુમન્ત વડોદરા સેનિટરી કમિશનર અને મહારાજા સયાજીરાવના અંગત દાક્તર બન્યા. મહારાજા સાથે એમણે વિસ્તૃત વિદેશપ્રવાસો પણ ખેડયા. પણ આરંભથી જ સુખમાં આળોટેલા એમને જૂનવાણી સમાજની સ્થિતિ સુધારવા ને તેની પ્રગતિ સાધવાની ઝંખના હતી. આ માટે ભારત સેવક ગોપાળકૃષ્ણ ગોખલે સાથે એમણે પત્રવહેવાર પણ કરેલો અને ગોખલેજીનું અવસાન થયું ત્યારે એમણે દેશની ને સમાજની સેવામાં ઝંપલાવવાનો નિર્ણય કરી લઈ ૪૪ની વયે વૈભવી જીવન છોડી વડોદરાના એક કંગાલ લત્તામાં વસવાટ કરીને લોકસેવા આદરી અને વડોદરાના પ્રજામંડળના એક અગ્રગણ્ય કાર્યકર બની રહ્યા.

ગાંધીજીની પ્રવૃત્તિઓનો એ આરંભકાળ હતો. એનાથી એમના વિચારો ને કાર્યોમાં બળ પુરાયું. ખાદી, અસ્પૃશ્યતાનિવારણ, દલિતોદ્ધાર વગેરે પ્રવૃત્તિમાં એમણે સક્રિય ભાગ લેવા માંડયો. સત્યાગ્રહમાં પણ તેઓ જોડાયા ને '૩૦-'૩૨ની જેલ લડત વખતે પણ ભોગવી. '૩૨થી એક દાયકા સુધી એમણે શેરથા આશ્રમ પણ સંભાળેલો. પણ રાજદ્વારી પ્રવૃત્તિઓ એ એમનું લક્ષ્ય નહોતું. એમની નેમ તો બાળલગ્ન, વિધવાવિવાહ, સ્ત્રીકેળવણી વગેરે જેવા સમાજ-સુધારક પ્રશ્નો તરફ તકાએલી હતી. સૂરત તરફની રાનીપરજ અને કાળીપરજ આદિવાસી કોમના ઉત્કર્ષમાં પણ એમણે ઘણો ભાગ લીધેલો. તેઓ કોઈ પણ રાજકીય પક્ષ સાથે સંકળાએલા નહોતા. સંસારસુધારક પ્રવૃત્તિઓમાં વર્ષો સુધી સક્રિય કાર્ય કર્યા પછી છેલ્લા સાડાત્રણ દાયકાઓમાં નિવૃત્તિ દરમિયાન પણ પલટાતા જતા સમય સાથે કદમ મિલાવી તેઓ નવી પેઢીના અનેક લોકોને માટે એક પ્રેરણા-સ્રોત બની રહ્યા હતા. એમના ૭૫ વર્ષના દીર્ઘ અને પ્રસન્ન દાંપત્યમાં શારદાબેનનો પણ એટલો જ હિસ્સો રહ્યો હતો. પતિપત્ની બંનેએ સુધારણા વિષે અનેક લેખો લખેલા. 'સમાજ દર્પણ' નામનું ડૉ. સુમન્તનું પુસ્તક જાણીતું છે.

આમ, એક જીવંત સંસ્થારૂપ બની ગએલા, જૂની પેઢીના બાહોશ તબીબ, નિષ્ઠાવાન કાર્યકર, અગ્રણી સમાજ-સુધારક, દલિતોદ્ધારક ને પ્રખર માનવતાવાદી ડૉ. સુમન્ત મહેતા, છેલ્લે છેલ્લે એક અકસ્માતને કારણે ચાલી શકવાની શક્તિ ગુમાવવા સિવાય છેવટ સુધી સારું સ્વાસ્થ્ય જાળવી એકાએક ચાલ્યા જતાં ગુજરાતના પ્રગતિવાદી સમાજમાં મોટી ખોટ પડી છે, પરંતુ પ્રગતિવાદીઓને એમની જીવન સુવાસ સદા પ્રેરણારૂપ બની રહેશે.

ફોટો • સુમન શેઠ-મીયાગામ

## પ્રસંગવિશેષ : રાસ્પુટિનની હત્યા, ૨૯ ડિસેમ્બર, ૧૯૧૬



આ સદીના આરંભના ઇતિહાસમાં રશિયાના ગ્રેગરી રાસ્પુટિનનું નામ ઘણું ગાજતું હતું. ઝારના દરબારમાં અને પરિવારમાં એ ચમત્કારી સાધુ ગણાતા શઠનું એટલું તો વર્ચસ્વ હતું કે એ મનફાવે તે રીતે રાજકાજમાં પણ ડખલ કરી શકતો. એનું મૂળ નામ હતું નોવિખ, પણ પોતાનાં કરતૂકથી એ રાસ્પુટિન—અનીતિમાન દુષ્ટ તરીકે જ ઓળખાતો. સાઈબીરિયાના પોકૉવસ્કીમાં ઈ. સ. ૧૮૭૩માં એનો જન્મ. મૂળ માછીમાર પણ પછી રખડેલ દારૂડિયા તરીકે પંકાઇને અને ચોરી માટે સજા પામ્યા પછી એ સાધુ બની ભટકવા લાગ્યો અને ધીરેધીરે ચમત્કારી સંત બની બેઠો. ઓછામાં પૂરું ઝારના પુત્રની બીમારીને મટાડ્યા પછી એણે ધીરેધીરે પોતાની વગ બધી જ દિશામાં વિસ્તારી દીધી. એને લખતાંવાંચતાં આવડતું નહિ, ક્યારેક જ એ નહાતો અને તદ્દન જંગલી જેમ વર્તતો.


એનાં કરતૂકોથી તંગ આવી એ લુચ્ચા લબાડ ને લંપટ રાસ્પુટિનને દૂર કરવા પ્રિન્સ યુસુપોવે એક કાવતરું ઘડયું ને તેને પેટ્રોગ્રેડમાં પોતાને ત્યાં ભોજન માટે બોલાવ્યો. ૧૯૧૬ની ૨૯ ડિસેમ્બરની એ રાતે છેક મધરાતે તે આવ્યો. નીચે ભોંયરામાં જમણ તૈયાર જ હતું. આવતાં જ એ ખાવા બેસી ગયો, પણ સાઈનાઈડ ભેળવેલી કેઈક અને ઝેર નાખેલા દારૂથી પણ રાસ્પુટિનને કંઈ થયું નહિ. છેવટે પ્રિન્સે તેને પ્રાર્થના સંભળાવવા વિનંતિ કરી અને એ માટે જ્યારે તે ઘૂંટણિયે નમ્યો ત્યારે પ્રિન્સે એની પીઠમાં ગોળી મારી ઉપર પરિણામની રાહ જોઈ રહેલા બીજા ઉમરાવો પાસે નાઠો. થોડી વાર પછી પ્રિન્સ ભોંયરામાં આવ્યો ત્યારે યે રાસ્પુટિનને જીવતો જોઈ યુસુપોવ નાઠો. પાછળ રાસ્પુટિન પણ બહાર શેરીમાં આવી લથડિયાં ખાતો ત્રાડો નાખવા લાગ્યો. એક ઉમરાવે એના પર પીઠમાં ગોળીઓ છોડી. રાસ્પુટિન પડી ગયો. તુરત સૌએ એને ઊંચકીને નદીમાં ફેંકી દીધો. થોડા દિવસ પછી રાસ્પુટિનનું શબ કિનારે ઘસડાઈ આવ્યું ત્યારે સૌને ખાતરી થઈ કે રશિયા પરનું એક મહાઅનિષ્ટ દૂર થઈ ગયું હતું.

**જેને જેનું કામ નહિ   તે નહિ ખરચે દામ,**
**જો હાથી સસ્તો મળે   ગરીબને શું કામ?**

લોકોની ભરમેદની વચ્ચે મહામુનિ આનંદઘનજીનું પ્રવચન ચાલતું હતું. એવામાં મુનિ જેના ઘેર ઊતર્યા હતા એ શેઠે આવી કહ્યું: મહારાજ, બીજાની તો ઠીક પણ મારી તો પાએક કલાક રાહ જોવી હતી. મુનિએ કહ્યું: 'ભાઈ, જેને ધર્મની ભૂખ હોય એણે બીજાં કામ પડતાં મૂકી સમયસર હાજર રહેવું જોઈએ.' અને ઉમેર્યું 'તમારે ત્યાં હું જમું અને તમારાં આપ્યાં વસ્ત્રો હું પહેરું માટે તમારી રાહ જોવી જરૂરી હોય તો લો આ વસ્ત્રો.' એમ કહી મુનિએ લંગોટી સિવાયનાં તમામ વસ્ત્રો શેઠને કાઢી આપ્યાં, ને પ્રવચન આગળ ચલાવ્યું.

સમાનાર્થી કહેવતો: 'ધંધો થોડો ને ધાંધલ ઘણી'. અર્થ લગભગ સ્પષ્ટ જ છે, નાની વાત ને ધાંધલ મોટી. આને મળતી બીજી કહેવતો: 'હાટડી નાની ને હરકત ઘણી,' વૈકુંઠ નાનું ને ભક્તોની ભીડ' ખાનાપીના ખેરસલ્લા ને ધીંગાણા બ્હોતેરા,' 'પાઈની પેદાશ નહિ ને ઘડીની નવરાશ નહિ,' 'કામમાં ને કામમાં અને હડીઓ કાઢે ગામમાં.'

એકાક્ષરી અનેકાર્થી શબ્દ: ભૂ: આકાશરૂપ બીજો લોક, દેશ, પરમેશ્વર, યજ્ઞનો અગ્નિ, એકની સંજ્ઞા, નેણ, પૃથ્વી, અવનિ, પ્રાપ્તિ, ફટકડી, સત્તા, સ્થાન, પાણી, રોકાએલા રહેવું, ચિંતન કરવું, ઉત્પન્ન થવું, શ્વાસ લેવો, મદદ કરવી, મેળવવું, શુદ્ધ થવું, સેવા કરવી.



ઈ. ૧૯૨૯માં બ્રિટિશ બક્ટિરીઓલૉજિસ્ટ સર ઍલેક્ઝાન્ડર ફ્લૅમિંગે 'પેનિસિલીઅમ કાયસોજીનમ' (પેનિસિલિન. જુઓ ઉપરનું ચિત્ર) નામની એક ચેપી જીવાણુનાશક ફૂગની શોધ કરી. એ પછી રસાયણશાસ્ત્રીઓએ એના જેવા, ચેપનો નાશ કરનારા બીજા ૫૦૦ થી યે વધુ પદાર્થો શોધ્યા છે.





એવું મનાય છે કે રૉબર્ટ વૉડલો નામનો આ અમેરિકન દુનિયાનો ઊંચામાં ઊંચો–૮ ફૂટ ૯¼ ઈંચ હતો. ૧૯૪૦માં એ અવસાન પામ્યો.


ફ્રેંચ સમ્રાટ નૅપોલિયનના માથાના વાળનું ન્યૂટ્રૉન ઇરૅડિએશન પૃથક્કરણ કરતાં હમણાં જાણવા મળ્યું છે કે એને સારા પ્રમાણમાં સોમલ આપવામાં આવ્યું હશે અને એને કારણે જ એનું અવસાન થયું હશે.

બે વિદ્યાર્થીઓને વાતો કરતાં જોઇને શિક્ષકે ગુસ્સામાં ત્યાં જઈને બંનેને એક એક લપડાક લગાવી દીધી અને કહ્યું, 'મેં વારંવાર કહ્યું છે કે વાતો ન કરો, છતાં કોઈ માનતા નથી! તમે શી વાતો કરતા હતા?'

એક વિદ્યાર્થી: સાહેબ, અમે પાસ થયા તે માટે તમને કંઈક ભેટ આપવી એની. (કિશન)



છે તો અનાજનું માપ કરવાની લાકડાની પાલી, પણ બંગાળના વીરભૂમ જિલ્લાના કારીગરોએ તેને પિત્તળના શોભિતા જડતરથી શણગારીને રોજિંદા જીવનમાં કલારસ સીંચ્યો છે.





પરિવાર


ચિત્રકાર · ચંદ્રવદન ભટ્ટ

વિજ્ઞાનના ઉપાસક-અધ્યાપક અને ઔષધ ઉદ્યોગના નિષ્ણાત આ ચિત્રકારે સ્વયં-સાધનાથી કલાભ્યાસ વધારતા રહી આજે નિવૃત્ત અવસ્થાએ પણ વિસ્તૃત વસ્તુપટમાં તેજસ્વી રંગમાધુરીભર્યાં જે સંખ્યાબંધ ચિત્રો સરજ્યાં છે તેમાંથી કેટલીક કૃતિ અગાઉ 'કુમાર'માં આવી ગઈ છે. અહીં એમનું માનવપાત્રોનું આલેખન રજૂ કર્યું છે. કુટુંબની મધુરપ જીવનની કોઈ પણ સ્થિતિમાં સર્વદા આનંદપ્રદ અને આત્મતોષી છે એ જાણે એમને આ કૃતિ દ્વારા કહેવું છે.

વીજલપોરના 'ભારતીય સંસ્કૃતિ-ભવન' માટે શ્રી રવિશંકર રાવળની દોરવણી નીચે તૈયાર થએલાં ચિત્રો. (જુઓ આ અંકની કલાવાર્તા) મથાળે: બુદ્ધચરિત–ચિત્રકાર: વાસુદેવ સ્માર્ત. વચ્ચે: હરિજનવાસમાં નરસી મહેતાનું ભજન તથા નીચે: શુકદેવ અને શિષ્યોને ઉપદેશ આપતા ભગવાન વેદવ્યાસ. ચિત્રકાર: શ્રી રવિશંકર રાવળ, સહાયક: જગદીપ જોશી. ગ્રામજનો પણ સરળતાથી ચિત્રવિષય સમજી શકે એવી આલેખન-શૈલીનો આ ચિત્રકૃતિઓમાં આગ્રહ રાખવામાં આવ્યો છે.









ગોવર્ધનધરણ (રેખાંકન : ગોકુલ બિહારી પટનિક)

## સને ૧૯૬૯

| | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|---|
| રવિવાર ... | ... ૫ ૧૨ ૧૯ ૨૬ | .. ૨ ૯ ૧૬ ૨૩ | ...૨ ૯ ૧૬ ૨૩ ૩૦ | ... ૬ ૧૩ ૨૦ ૨૭ | ... ૪ ૧૧ ૧૮ ૨૫ | ૧ ૮ ૧૫ ૨૨ ૨૯ |
| સોમવાર .. | ... ૬ ૧૩ ૨૦ ૨૭ | .. ૩ ૧૦ ૧૭ ૨૪ | ...૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧ | ... ૭ ૧૪ ૨૧ ૨૮ | ... ૫ ૧૨ ૧૯ ૨૬ | ૨ ૯ ૧૬ ૨૩ ૩૦ |
| મંગળવાર ... | .. ૭ ૧૪ ૨૧ ૨૮ | .. ૪ ૧૧ ૧૮ ૨૫ | ...૪ ૧૧ ૧૮ ૨૫ ... | ૧ ૮ ૧૫ ૨૨ ૨૯ | .. ૬ ૧૩ ૨૦ ૨૭ | ૩ ૧૦ ૧૭ ૨૪ ... |
| બુધવાર ... | ૧ ૮ ૧૫ ૨૨ ૨૯ | .. ૫ ૧૨ ૧૯ ૨૬ | ...૫ ૧૨ ૧૯ ૨૬ ... | ૨ ૯ ૧૬ ૨૩ ૩૦ | ... ૭ ૧૪ ૨૧ ૨૮ | ૪ ૧૧ ૧૮ ૨૫ ... |
| ગુરુવાર ... | ૨ ૯ ૧૬ ૨૩ ૩૦ | ... ૬ ૧૩ ૨૦ ૨૭ | ..૬ ૧૩ ૨૦ ૨૭ ... | ૩ ૧૦ ૧૭ ૨૪ ... | ૧ ૮ ૧૫ ૨૨ ૨૯ | ૫ ૧૨ ૧૯ ૨૬ ... |
| શુક્રવાર ... | ૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧ | ... ૭ ૧૪ ૨૧ ૨૮ | ..૭ ૧૪ ૨૧ ૨૮ .. | ૪ ૧૧ ૧૮ ૨૫ ... | ૨ ૯ ૧૬ ૨૩ ૩૦ | ૬ ૧૩ ૨૦ ૨૭ ... |
| શનિવાર ... | ૪ ૧૧ ૧૮ ૨૫ .. | ૧ ૮ ૧૫ ૨૨ ... | ૧ ૮ ૧૫ ૨૨ ૨૯ .. | ૫ ૧૨ ૧૯ ૨૬ ... | ૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧ | ૭ ૧૪ ૨૧ ૨૮ ... |

| | જુલાઈ | ઑગસ્ટ | સપ્ટેંબર | ઑક્ટોબર | નવેંબર | ડિસેંબર |
|---|---|---|---|---|---|---|
| રવિવાર ... | .. ૬ ૧૩ ૨૦ ૨૭ | ૩૧ ૩ ૧૦ ૧૭ ૨૪ | ... ૭ ૧૪ ૨૧ ૨૮ | .. ૫ ૧૨ ૧૯ ૨૬ | ૩૦ ૨ ૯ ૧૬ ૨૩ | ... ૭ ૧૪ ૨૧ ૨૮ |
| સોમવાર .. | .. ૭ ૧૪ ૨૧ ૨૮ | ... ૪ ૧૧ ૧૮ ૨૫ | ૧ ૮ ૧૫ ૨૨ ૨૯ | .. ૬ ૧૩ ૨૦ ૨૭ | ... ૩ ૧૦ ૧૭ ૨૪ | ૧ ૮ ૧૫ ૨૨ ૨૯ |
| મંગળવાર .. | ૧ ૮ ૧૫ ૨૨ ૨૯ | ... ૫ ૧૨ ૧૯ ૨૬ | ૨ ૯ ૧૬ ૨૩ ૩૦ | .. ૭ ૧૪ ૨૧ ૨૮ | ... ૪ ૧૧ ૧૮ ૨૫ | ૨ ૯ ૧૬ ૨૩ ૩૦ |
| બુધવાર .. | ૨ ૯ ૧૬ ૨૩ ૩૦ | .. ૬ ૧૩ ૨૦ ૨૭ | ૩ ૧૦ ૧૭ ૨૪ .. | ૧ ૮ ૧૫ ૨૨ ૨૯ | ... ૫ ૧૨ ૧૯ ૨૬ | ૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧ |
| ગુરુવાર .. | ૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧ | .. ૭ ૧૪ ૨૧ ૨૮ | ૪ ૧૧ ૧૮ ૨૫ ... | ૨ ૯ ૧૬ ૨૩ ૩૦ | ... ૬ ૧૩ ૨૦ ૨૭ | ૪ ૧૧ ૧૮ ૨૫ ... |
| શુક્રવાર ... | ૪ ૧૧ ૧૮ ૨૫ ... | ૧ ૮ ૧૫ ૨૨ ૨૯ | ૫ ૧૨ ૧૯ ૨૬ ... | ૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧ | ... ૭ ૧૪ ૨૧ ૨૮ | ૫ ૧૨ ૧૯ ૨૬ .. |
| શનિવાર .. | ૫ ૧૨ ૧૯ ૨૬ ... | ૨ ૯ ૧૬ ૨૩ ૩૦ | ૬ ૧૩ ૨૦ ૨૭ ... | ૪ ૧૧ ૧૮ ૨૫ ... | ૧ ૮ ૧૫ ૨૨ ૨૯ | ૬ ૧૩ ૨૦ ૨૭ . |

---

**વ્યવસ્થાપક 'કુમાર' · અમદાવાદ** **તા.** ________

વિ. ઈ. ૧૯૬૯ના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો.

આ સાથે મારું ________ ૧૯૬૯થી ________ ૧૯૬૯ સુધીના ________ માસનું

લવાજમ ________ રૂપિયા નીચેની રીતે મોકલું છું : ☐ મનીઑર્ડરથી ☐ ચેકથી ☐ પોસ્ટલ-ઑર્ડરથી ☐ એજન્ટ દ્વારા. ☐ તે માટે જાન્યુઆરીનો અંક મને વી.પી.થી મોકલશો.

[જે રીતે લવાજમ મોકલતા હો તે ખાનામાં ✓ આવી નિશાની કરશો.]

☐ મારું નામ કમી કરશો.

ગ્રાહક નંબર ________ નામ ________

પૂરું સરનામું ________

________

________

**લવાજમ દેશમાં રૂ. ૧૫/–, પરદેશમાં રૂ. ૨૮/– અથવા શિલિંગ ૨૭**